ॐ ।। कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।। ॐ

# જામનગર મારું : ગઈકાલ-આજ





લેખક :
હરિવદન શાંતિલાલ જોશી
જામનગર




સૌજન્ય : ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ



મહારાજા શ્રી દિગ્વિજયસિંહજી



મહારાણી શ્રી ગુલાબકુંવરબા

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ : શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર

શ્રી ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર શિક્ષણના ક્ષેત્રે નોંધપાત્ર સેવા પ્રદાન આપી રહેલ છે. જામનગર એક ધંધા–રોજગારથી ચાલતું પ્રગતિશીલ શહેર હતું. તે વખતે ભવિષ્યની જરૂરિયાતને અનુલક્ષીને શિક્ષણની ભૂખ સંતોષી શકે તેવી કોઈ સગવડતાઓ હતી નહિ. પંજાબના તે વખતના ગવર્નર અને અગ્રણી શ્રી જયસુખભાઈ હાથીએ શિક્ષણની ભૂખ સંતોષવા તાત્કાલિક ધોરણે શિક્ષણ ક્ષેત્રે કંઈક કરવાની જરૂર જણાતા તેમાં પણ વિશેષ કરીને અંગ્રેજી માધ્યમની શાળા ઓછી હોવાને લીધે અને તેની જરૂરીયાત જોતા આવી શિક્ષણ સુવિધાઓ તાત્કાલિક ઊભી થાય તે માટેના પ્રયત્નો શરૂ કરેલ હતાં. શ્રી લખમશી ગોવિંદજી હરિઆએ આ વિનંતીને પ્રતિસાદ આપી રૂા. ૧૧ લાખનું અનુદાન જાહેર કર્યું.

આણદાબાવા આશ્રમના પ. પૂ. મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે ૪ ડીસેમ્બર ૧૯૮૧ના રોજ કીંડર ગાર્ટનનું ઉદ્‌ઘાટન કરેલ હતું. શાળા માટે જરૂરી પ્લોટ મેળવી બાંધકામ શરૂ કરવામાં આવ્યું અને ૪૪૦ બાળકોની નોંધણી કરવામાં આવી.

જામનગર શહેરના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં મળી શકે તે માટે ૧૪મી માર્ચ ૧૯૮૯નાં રોજ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ નામના ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી. આજે આ ટ્રસ્ટ એક વિશાળ વટવૃક્ષ બની તેની અલગ અલગ અંગ્રેજી માધ્યમની શૈક્ષણિક શાળાઓ દ્વારા પ્લે હાઉસથી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીનું ગુણવત્તાસભર શિક્ષણ ફક્ત જામનગરનાં જ વિદ્યાર્થીઓને નહીં પરંતુ જામનગર બહારથી આવતા વિદ્યાર્થીઓને પણ પૂરૂં પાડવામાં આવે છે. પ્લેહાઉસથી ધો. ૧૨ સુધીનું શિક્ષણ શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ તથા કોમર્સ, BBA, BCA, PGDCA, MBA, MCA ની વિવિધ શાખાઓના અભ્યાસક્રમો તદુપરાંત PTC, B.Ed. ના અભ્યાસક્રમો ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ હેઠળ ચાલતી અલગ અલગ કોલેજો દ્વારા ચલાવવામાં આવે છે.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ હેઠળ વિવિધ અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવાની પ્રેરણા શ્રી જયસુખભાઈ હાથી પાસેથી આ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને ધંધાકીય ક્ષેત્રે સફળ ઉદ્યોગપતિ શ્રી રમણીકભાઈ શાહે મેળવી અને આજે આ વિવિધ વિદ્યાશાખાઓ દ્વારા ૫૦૦૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પૂરૂં પાડવામાં આવે છે. શ્રી રમણીકભાઈ હંમેશા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે પ્રયત્નશીલ રહે છે તેમજ ખાસ કરીને બહારગામથી આવતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે સંપૂર્ણ સુવિધાયુક્ત, નહિ–નફો નહિ નુકશાનના ધોરણે બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ પણ કાર્યરત કરેલ છે. આવો, અહીં આપણે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક શાળાઓ/કોલેજોનો પરિચય મેળવી લઈએ.

**૧. શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ :**

અહીં પ્લે હાઉસથી લઈ ૧૨ (સાયન્સ – કોમર્સ) સુધીનો અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં કરી શકાય છે. ૭૦,૦૦૦ સ્કે.ફુટ પર બંધાયેલ શાળામાં ૪૮ વર્ગખંડો, વિવિધલક્ષી હોલ, મ્યુઝીક રૂમ, કોમ્પ્યુટર લેબોરેટરી, અદ્યતન લાયબ્રેરી, સ્પોર્ટસ રૂમ, સાધનોથી સુસજ્જ સાયન્સ લેબોરેટરી, ઓડીટોરીયમ ઉપલબ્ધ છે. ખેલકૂદ માટેનું વિશાળ મેદાન પણ છે.

**૨. કોમર્સ / બી.બી.એ. / બી.સી.એ. વિદ્યાશાખા :**

આ કોલેજો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. ૨૭/૨/૨૦૦૨ના રોજ ગુજરાત રાજયનાં તે

વખતના ગવર્નર શ્રી સુંદરસિંહ ભંડારીજીના વરદ્ હસ્તે કોલેજ બિલ્ડિંગનું ઉદ્ઘાટન સંપન્ન થયેલ હતું. ૭૫૦૦૦ સ્કવેરફુટ વિસ્તારમાં વિશાળ સંકૂલ આવેલ છે. જેમાં અદ્યતન ફર્નિચરથી સજ્જ વર્ગખંડો, ૪ કોમ્પ્યુટર લેબોરેટરી, અદ્યતન લાયબ્રેરી, કોન્ફરન્સ રૂમ, કલ્ચરલ રૂમો આવેલ છે. સૌરાષ્ટ્ર યુનિર્સિટીના ધારાધોરણો પ્રમાણે આ બિલ્ડિંગ બનાવવામાં આવેલ છે. વ્યવસાયિક અધ્યાપકો દ્વારા ચાલતી આ કોલેજમાં ઉત્તરોત્તર વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારા સાથે પરિણામમાં સફળતાના શિખરે છે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ દર વર્ષે નંબર મેળવે છે. સાથે સાથે સ્પોર્ટસ/સાંસ્કૃતિક તેમજ અન્ય પ્રવૃતિઓમાં સંસ્થાનો વિદ્યાર્થી હંમેશા મોખરે હોય છે.

### ૩. MBA/MCA/PGDCA વિદ્યાશાખાઓ :

બી.કોમ/બી.બી.એ./બી.સી.એ. કોલેજોની સફળતા પછી પોસ્ટ ગ્રેજયુએશન કોર્ષીસ ચાલુ કરવાના પ્રયત્નો થયા અને તેના પરિણામરૂપે MBA / MCA / PGDCA કોર્ષીસ શરૂ કરવામાં આવ્યા. આ માટે કોલેજમાં વધારાનું બાંધકામ કરી સુવિધા કરવામાં આવી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન આ પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો માટે સંપૂર્ણ સુવિધાયુક્ત બિલ્ડિંગ જેમાં વોલ માઉન્ટેડ LCD, ઓવરહેડ પ્રોજેકટર, લાયબ્રેરી, કોમ્પ્યુટર લેબ, સેમિનાર હોલ, ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ, જીમ્નેશીયમ વગેરે સુવિધાઓ છે. નિષ્ણાત તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. આ કોલેજને કોર્પોરેટ સેકટરની અગ્રગણ્ય કંપનીઓ સાથે નોકરીના કરાર છે. અત્યાર સુધી ૧૦૦% રોજગારીની તકો વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવી શકયા છે. ICICI Bank, HDFC Bank, Reliance, GSFC, IPCL, Birla VXL લિમિટેડ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ફ્રેન્ડશીપ કન્ટેનર્સ (કેન્યા) જેવી સુપ્રસિધ્ધ કંપનીઓમાં સંસ્થાના વિદ્યાર્થીઓ જોડાયા છે.

### ૪. બી.એડ્. કોલેજ :

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન આ કોલેજમાં ફકત ઈંગ્લીશ ભાષામાં જ બી.એડ્. થઈ શકે છે. ૧૯૮૫થી કાર્યરત આ કોલેજને ૩૬ સીટ ફાળવવામાં આવી છે. ૧૦૦% રીઝલ્ટની સાથે સાથે નોકરીમાં નિમણૂંકમાં પણ ૧૦૦% સિધ્ધિ હાંસલ કરેલ છે. ગુજરાત રાજયમાં ઈંગ્લીશ લેંગ્વેજ ટીચીંગની બે ઉપલબ્ધ કોલેજોમાંની એક છે.

### ૫. પી.ટી.સી. કોલેજ :

બધી જ શૈક્ષણિક સંસ્થાઓમાંથી પીટીસી કોલેજ એકમાત્ર ગુજરાતી માધ્યમમાં છે. જૂન ૨૦૦૪થી કાર્યરત આ કોલેજને ૫૦ બેઠકો ફાળવવામાં આવી છે. ૧૦૦% પરિણામ આવે છે. જિલ્લા અને રાજય કક્ષાની સ્પોર્ટસ, સાંસ્કૃતિક, ઈત્તર સ્પર્ધાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ ઝળહળતી સફળતા મેળવે છે. પીટીસી કોલેજના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે અદ્યતન હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે.

### ૬. ઈન્સ્ટીટયુટ ઓફ સ્પોકન ઈંગ્લીશ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ :

વિદ્યાર્થીઓથી શરૂ કરીને બીઝનેશમેન, ગૃહિણી, નિવૃત્ત સૌ કોઈ માટે અંગ્રેજી ભાષામાં બોલવાની ચપળતા કેળવવા આ વર્ગ ચલાવવામાં આવે છે. આ વર્ગની વિશેષતા એ છે કે તજજ્ઞો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે તેમજ અભ્યાસ માટે વાતાનુકૂલિત વર્ગખંડ, મલ્ટી મીડિયા પ્રેઝન્ટેશન વિગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ૨૦૦૧થી કાર્યરત આ વર્ગમાં ૩૦ થી વધારે બેચ અને ૧૫૦૦થી વધુ લોકોએ લાભ લીધો છે.

**૭. બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ :**

૧૦૦ બોયઝ અને ૧૦૦ ગર્લ્સને સમાવી શકે તેવી બંને હોસ્ટેલો કાર્યરત છે. રહેવાની સુંદર સુવિધા સાથે ૨૪ કલાક ગરમ પાણીની સવલત, એકવાગાર્ડથી શુધ્ધ પીવાના પાણીની સુવિધા, પાર્કીંગ, દરેક રૂમમાં મચ્છરદાની વગેરે સુવિધાઓ આપવામાં આવે છે.

**૮. ઓશવાળ યુથ ટુડે એન્ડ ટુમોરો :**

યુવાનોની જ્ઞાનપિપાસા હજુ વધુ સંતોષવા તેમને અનુરૂપ મેગેઝીનની શરૂઆત પણ કરવામાં આવી છે જેમાં યુવાનોને પ્રાધાન્ય આપી તેમને લગતા સમાચારો, લેખો, અભ્યાસક્રમો અંગેની માહિતી, કોમ્પ્યુટર, વિજ્ઞાન અંગેની જાણકારી આપવામાં આવે છે. આ મેગેઝીન સમગ્ર ભારત તેમજ વિશ્વના અમેરિકા, યુ.કે., કેન્યા જેવા દશ દેશોમાં મોકલવામાં આવે છે.

**ભવિષ્યનું આયોજન :**

આ ટ્રસ્ટનું ટ્રસ્ટી મંડળ હંમેશા વિદ્યાર્થીઓને સારૂં અને ઉચ્ચ શિક્ષણ જામનગરમાં જ મળી રહે તે માટે સદા ચિંતીત છે. અને તે માટે આયોજનમાં હંમેશા અગ્રેસર રહે છે.

**૧. એન્જિનિયરીંગ અને ફાર્મસી કોલેજ**
**૨. સી.એસ. અને સિવિલ સર્વીસ પરીક્ષા માટે તાલીમ કેન્દ્ર**
**૩. સ્પોર્ટસ કોમ્પલેક્ષ**
**૪. સ્વીમીંગ પુલ**
**૫. સ્ટાફ કવાટર્સ**

સમાજ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું તેમજ દાતાઓનું શિક્ષણની આટલી સુંદર સુવિધાઓ ઊભી કરવા માટે સદા ઋણી રહેશે.

માહિતી સંકલન : વ્યોમેશભાઈ એમ. વૈદ્ય



# સ્નેહ સ્મરણાંજલિ

## શ્રી લખમશી ગોવિંદજી હરીઆ

પરિચયકાર :
**શ્રીમતી મધુ મહેતા**
શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ, જામનગર

**આભમાં સૂરજ, ચંદ્ર ને તારા મોટા મોટા તેજ રાચા**
**આતમનો તારો દીવો પેટાવવા, તું વિસા સર્વ વરાચા**

શ્રી લખમશી ગોવિંદજી હરીઆ. આ પુણ્ય પવિત્ર નામ સેવાના સુગંધી કાર્યો દ્વારા સમયના પટલ પર અમર બની ગયું છે. શ્રી લખમશી ભાઈની સંપતિ પુણ્યલક્ષ્મી હતી. અને એટલે જ આ શ્રી લક્ષ્મી દ્વારા સમાજ ઉત્થાનના કાર્યો થતા રહ્યા છે.

શ્રી લખમશીભાઈનો જન્મ તા. ૩૦.૧૨.૧૯૧૧ ના રોજ મીઠોઈ ગામે થયો હતો. જીવનમાં ચડતી પડતીનો ખૂબ અનુભવ કર્યો છે. શિક્ષણ મીઠોઈ ગામમાંજ પ્રાપ્ત કર્યું અને તે પણ સમગ્ર શિક્ષણનો કુલ અનુભવ માત્ર અઢી વર્ષનો. શાળાકીય શિક્ષણ ભલે મેળવ્યું ન હતું પણ જીવનની યુનિવર્સિટીમાં અનુભવોનું ભાથું એવું તો પ્રાપ્ત કર્યું કે આપોઆપ વ્યક્તિત્વ ઘડતર થઈ ગયું.

શ્રી લખમશીભાઈનું જીવન પ્રેરણા પાથેય સમું છે. ૧૯૨૩માં ફકત ૧૨ વર્ષની આયુમાં તેઓ મુંબઈ આવી ગયા. અહીથી સંઘર્ષકાળ શરૂ થયો. ૧૨ વર્ષનો કિશોર આંખોમાં સપનાનો ભંડાર ભરીને મુંબઈ તો આવી ગયો પણ આગળનો પથ વિકટ હતો.

૧૯૨૩માં મુંબઈ આવ્યા પછી ૧૯૨૮ થી ૧૯૩૨ સુધી મોમ્બાસા (કેન્યા)માં નોકરી કરી. ત્યાં પ્લેગ રોગની શરૂઆત થઈ એટલે મોમ્બાસા છોડી દીધું અને મુંબઈમાં નોકરી કરી.

કેન્યામાં શ્રી લખમશીભાઈએ જીવનનો અદ્દભુત ખેલ જોયો. શ્રી અને સંપત્તિનો પૂર્ણ કુંભ પણ પ્રાપ્ત કર્યો તો ચેલા ગામના શ્રી હીરજીભાઈ માણેક સાથેની અતૂટ મૈત્રી દોર પણ સંબંધોની નાજુક દોરમાં પાંગરી. લખમશીભાઈ અને હીરજીભાઈ વચ્ચે એક કોટ અને એક જોડી બુટ હતા જે બન્ને બહાર જાય ત્યારે એક પછી એક ઉપયોગ કરતા. જીવનના સર્વોચ્ચ શિખરે બેઠેલો માણસ પણ કુદરતના અજબ તાલ – ગજબ રહસ્યમાંથી પસાર થતો હોય છે. ઓશવાળ સમાજના ધુરંધર દાતાઓએ આવા દિવસો પણ જોયા હશે તેની કલ્પના તો કોઈને આવી જ કેમ શકે ! સિધ્ધિના શિખરે સુવર્ણ કળશની માફક બિરાજતો ઈન્સાન એના ભૂતકાળમાં ડોકિયું કરે તો કંઈ નિત્યનવીન અમૃત મોતી પ્રાપ્ત થતા હોય છે.

હવેનો સમય લખમશીભાઈનો સમય હતો. મા લક્ષ્મીની ધનવર્ષા થઈ ચૂકી હતી પરંતુ ધનનો અહંકાર તેઓએ કયારેય કર્યો નથી. સુખને ગરિમાપૂર્વક જીવ્યું છે તો દુઃખને પણ જીરવી જાણ્યું છે. તેઓ હંમેશા કહેતા "પૈસો કમાવો અઘરો છે, બચાવવો તેનાથી પણ અઘરો છે પણ વાપરવો સૌથી અઘરો છે." **સુપાત્રે દાન દેવું** એનો શાસ્ત્રમાં મોટો મહિમા છે. શ્રી લખમશીભાઈએ શ્રી એલ.જી. હરીઆ સ્કૂલ (જામનગર) અને વાપીના તેઓ ફાઉન્ડર દાતા રહ્યા છે. શિક્ષણ દાન એ મહાદાન ગણાવાયું છે. આ

ઉપરાંત વાપીમાં હોસ્પિટલમાં દાન કર્યું છે. જી.આઈ.ડી.સી. વાપીમાં અંબામાંનું મંદિર લખમશીભાઈએ બંધાવ્યું છે. જેને આજે ૨૫ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. અને આસ્થાનો ધર્મ પ્રવાહ માના મંદિરમાં વહી રહ્યો છે. તે ઉપરાંત હરિઆ પાર્કમાં અંબામાનું મંદિર બંધાવ્યું છે. જેને આજે ૧૯ વર્ષ પૂરા થઈ ગયા છે. આમ શિક્ષણ, સમાજ કે પછી ધર્મ તમામ ક્ષેત્રે લખમશીભાઈએ આયખાને અજમાવી દે તેવો દાન પ્રવાહ વહેવડાવ્યો છે.


શ્રી લખમશીભાઈની સ્મૃતિ શક્તિ, મેધાશક્તિ અત્યંત તીવ્ર હતી. જિંદગીના છેલ્લા ૨૫ વર્ષ તેઓએ આંખની રોશની ગુમાવી દીધી હતી. પ્રજ્ઞાચક્ષુ જિંદગી ગાળી હતી. પરંતુ અંતરાત્માના દીપક પૂર્ણ પ્રકાશથી તેના માંહ્યલાને અજવાળી રહ્યો હતો. જીવનમાં શિક્ષણ – ઔપચારિક શિક્ષણ તેઓ બહુ પ્રાપ્ત કરી શક્યા ન હતા પણ વિદેશ પ્રયાસોની મુલાકાતથી ઈંગ્લીશ અને સ્વાહિલી ભાષા પર પ્રભુત્વ મેળવેલ હતું. તેમની પ્રજ્ઞાચક્ષુ એવી તો સંવેદનશીલ હતી કે ૭૦ હજાર માણસોમાંથી પણ કોઈ એકવાર અવાજ સંભળાય તો હંમેશા તેને ઓળખી લેતા.

લખમશીભાઈનું સમગ્ર જીવન સમાજ–શિક્ષણ અને ધર્મના તેમજ આરોગ્યના ક્ષેત્રે સમર્પિત હતું. આ સદીના નાયકે સોમાં વર્ષમાં પ્રવેશ કર્યો તેના અનુસંધાને તેઓના પુત્ર શ્રી કાંતિભાઈ દ્વારા 'શતકનું સંભારણું' કાર્યક્રમ હેઠળ લખમશીભાઈને શ્રધ્ધા સુમન અર્પણ કરવા તેઓ તત્પર છે. માણસ દુનિયામાં આવે અને જાય તે સૃષ્ટિનો સનાતન ક્રમ છે. પરંતુ આ કથા નાયકે જિંદગીની સફર એવી જિંદાદિલીથી જીવી છે કે આજ એ આપણી વચ્ચે નથી ત્યારે એના કાર્યો આપણને સતત તેઓની યાદ અપાવે છે. ધૂપસળીની જેમ મહેકતા મહેકતા લખમશીભાઈએ જિંદગીની હર એક ક્ષણને જીવી છે. સંબંધોને મખમલી રીતે નિભાવ્યા છે.

શ્રી લખમશીભાઈએ સામાજિક ક્ષેત્રે નીચે મુજબની સંસ્થાઓની રચનામાં તન, મન, ધનથી ફાળો આપેલ છે.

શ્રી લખમશી ગોવિંદજી હરિઆ સ્કૂલ – જામનગર
શ્રીમતી પ્રભાબેન લખમશી હરિઆ પ્રિ.પ્રા.સ્કૂલ – જામનગર
શ્રી લખમશી ગોવિંદજી હરિઆ રોટરી હોસ્પિટલ – વાપી
શ્રી અંબા માતાજી મંદિર GIDC – વાપી
શ્રી લખમશી ગોવિંદજી હરિઆ મલ્ટી પરપઝ સ્કૂલ – વાપી
શ્રી અંબા માતાજી મંદિર–હરિઆ પાર્ક–વાપી
શ્રી કૌશિક હરિઆ ટેક્નીકલ ઈન્સ્ટીટ્યુટ – વાપી
શ્રી લખમશી ગોવિંદજી હરિઆ હાઈસ્કૂલ – માની
શ્રી કૌશિક હરિઆ વોર્ડ કે.કે. હોસ્પિટલ – બાયડ
શ્રીમતી કસ્તુરબેન ડી. નાગડા B.Ed. કોલેજ – જામનગર
શ્રી ગોસર હંસરાજ ગોસરાણી કોમર્સ કોલેજ – જામનગર
શ્રી ધરમશી દેવરાજ નાગડા B.B.A. કોલેજ – જામનગર
શ્રી જયસુખલાલ વાધર MBA કોલેજ – જામનગર
શ્રી કેશવજી બી. સુમરિયા – કોમર્સ કોલેજ – વાપી
શ્રી ઓશવાળ ચેરીટેબલ ફાઉન્ડેશન – ટુકવાડા
શ્રી નટરાજ કોલેજ ઓફ સાયન્સ – વાપી
શ્રી હરિઆ ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પોકન ઈંગ્લીશ – જામનગર
શ્રીમતી ચંદ્રમણીબેન ઝવેરચંદ ગોસરાણી કોલેજ– જામનગર
શ્રી ઝેડ.એમ.શાહ PTC કોલેજ – જામનગર
શ્રીમતી જશોદાબેન નાથાલાલ ગર્લ્સ હોસ્ટેલ – જામનગર
શ્રી નાથાલાલ વીરપાર શાહ બોયઝ હોસ્ટેલ – જામનગર
શ્રી કેશવજી ભારમલ સુમરિયા MCA કોલેજ – જામનગર
શ્રીમતી રમીલાબેન કા.હરિઆ કન્યા છાત્રાલય – માની
શ્રીમતી રમીલાબેન કા.હરિઆ સાંસ્કૃતિક હોલ – કરવડ
શ્રી કૌશિક કા.હરિઆ કુમાર છાત્રાલય – માની
શ્રી લખમશી ગોવિંદજી હરિઆ PGDCA કોલેજ–જામનગર
શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ – વાપી
શ્રી જનસેવા મંડળ હોસ્પિટલ – વાપી
શ્રી ગુજરાતી કેળવણી મંડળ માટુંગા – મુંબઈ
કજુરડા મિત્રમંડળ – મુંબઈ અને અન્ય સંસ્થાઓ

# શ્રી કાંતિભાઈ લખમશીભાઈ હરિઆ



૧૯૪૧માં જામનગર નજીકના નાનકડા ગામ કજુરડામાં કાંતિભાઈનો જન્મ થયો હતો. ત્યાંથી પિતા શ્રી લખમશીભાઈના પગલે પગલે મુંબઈ આવ્યા. કાંતિભાઈએ પોતાનું પ્રાથમિક શિક્ષણ કરશનદાસ નાથા ભાટિયા સ્કૂલમાં મેળવ્યુ. ત્યારબાદ પરિવાર સાથે વડાલા રહેવા ગયા એટલે અમુલખ અમીચંદ હાઈસ્કૂલમાં દાખલ થયા. અને ત્યારબાદનું ભણતર પોદાર કોલેજમાં મેળવ્યું.

નસીબે પલટી ખાધી અને સમતોલ લાગતો હરિઆ પરિવારનો સંસાર ૧૯૫૭–૫૮માં હચમચી ગયો. પિતાને વેપારમાં મોટી ખોટ ગઈ. કામકાજનો પથારો વધ્યા પછી બબ્બે ભાગીદાર પણ રાખ્યા પરંતુ એનાથી નુકસાનનો ગુણાકાર થવા સિવાય કંઈ ન થયું. વેપારનું ખમી ન શકાય તેવું નુકશાન કાંતિભાઈ માટે નિર્ણાયક પુરવાર થયું.

૬–૫–૧૯૬૧માં કાંતિભાઈના લગ્ન કેન્યા નિવાસી રમીલાબેન સાથે થયા. સ્ટીમરમાં યુગલ આફ્રિકા પહોંચ્યું. આફ્રિકામાં સેટ થવાના પ્રયત્ન કરવા છતાં કાંતિભાઈને ત્યાં ફાવ્યું જ નહિ. પરંતુ પિતાજી પાછા આવવા દેવા માટે તૈયાર ન હતા. અંતમાં ૧૯૬૩માં પ્રથમ સંતાન અને પરિવાર સાથે પાછા ભારતમાં આવ્યા.

તેમના કુલ પાંચ સંતાનોમાંથી મોટા સુપુત્ર કૌશિકભાઈનું અકાળે અવસાન થયું. આજે તેમના સેવા કાર્યોમાંથી શિક્ષણનો યજ્ઞ સ્વર્ગસ્થ સુપુત્રની સ્મૃતિમાં સ્થાપેલા ફાઉન્ડેશન હેઠળ ચાલે છે. વાપીમાં શ્રી કૌશિક હરિઆ એજ્યુકેશનલ ફાઉન્ડેશનઅને કૌશિક હરિઆ ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ સેન્ટર ચાલે છે. આ સેન્ટર વ્યવસાયલક્ષી તાલીમ આપીને વિદ્યાર્થીઓને જુદા જુદા ક્ષેત્રમાં પારંગત થઈ કારકિર્દી બનાવવાને સુસજ્જ કરે છે. અનુસૂચિત જનજાતિના આદીવાસી ઉમેદવારો માટે અનામત છે. એ ના મળે તો બીજા વિદ્યાર્થીઓને લેવામાં આવે છે. આ તમામ વિદ્યાર્થીઓને સદંતર વિના મૂલ્યે તાલીમ આપવામાં આવે છે. વેલ્ડર, ફીટર, ઈલેક્ટ્રીશયન, વાયરમેન જેવા અનેક કોર્સ અહી ચાલે છે.

હજારો વિદ્યાર્થીઓ માટે શિક્ષણધામની સેવા કરવાનો સંકલ્પ તેમણે સિધ્ધ કર્યો છે. અમુલખ અમીચંદ સ્કૂલના તેઓ ટ્રસ્ટી/વાઈસ પ્રેસીડેન્ટ છે. રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી એલ.જી.હરિઆ ટ્રસ્ટના નેજા હેઠળ ૨૫૦ બેડની હોસ્પિટલ પણ ચલાવે છે. વાપીમાં અંબા માતાજીનું મંદિર બાંધ્યું, જેનું ૧૯૮૭માં લોકાર્પણ થયું.

પાંચેક વરસથી વેપારની તમામ જવાબદારી નવી પેઢીને સોંપી કાંતિભાઈ માત્ર સેવા કાર્ય કરે છે. જામનગરનું ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ, વાપીની સામાજિક પ્રવૃત્તિઓ, મુંબઈની સ્કૂલ – સંસ્થાઓ, બધા વચ્ચે તેમનો સમય વહેંચાઈ જાય છે.

તેમના મોટા સુપુત્રના અવસાન પછી તેમની પત્નીના લગ્ન કરાવી એક લાગણીશીલ, માનવતાસભર માનવી તરીકેની અમીટ છાપ છોડી છે. પોતાના દરેક કાર્યનો વારસો પરિવારની નવી પેઢીને દેવા વિશે તેઓ સ્પષ્ટ અને આશાવાદી છે., 'મારી નવી પેઢી સારા કાર્યોને સુપેરે આગળ વધારશે.

**અભિવ્યક્તિ-ધર્મ...:** ધર્મ એટલે બીજુ કશું જ નહિ પણ સારા કામ કરતા જવું જેણે જીવનમાં આ નિયમને પાળ્યો છે તે માણસે સાચો ધર્મ કર્યો.

**યુવાપેઢી** : સ્વાર્થને બદલે યુવાપેઢી સંબંધને મહત્વ આપશે તો એમના માટે સારું થશે. આર્થિક પ્રગતિને લીધે યુવા પેઢીને પૈસો સુલભતાથી ઉપલબ્ધ થયો છે. સંઘર્ષના ખરા રૂપનો તેમને પરિચય નથી. સૌથી મોટી ચિંતા કે આ પેઢી આવતીકાલનું આયોજન કરતી નથી. આ ક્ષતિઓ દૂર કરવી તેમના માટે હિતમાં રહેશે.

**સન્મતિ** : સંઘર્ષનો કાળ કેટલો હશે તે કોઈ જાણતું નથી. જેની પાસે સ્પષ્ટતા, મહેનત અને સફળ થવાનો નિર્ધાર હશે તેના માટે સંઘર્ષ કાયમી નહિ જ રહે તેટલું એક નક્કી છે.



# એક પરિચય : શ્રી રમણીકભાઈ શાહ

**બળદગાડા થી મોટરગાડીના કાફલા સુધીની સફર...**

પરિચયકાર : **શ્રીમતી મધુ મહેતા**
શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ, જામનગર

રમણીકભાઈ શાહનો પરિચય આપવો હોય તો કેવળ એકજ વાકય કાફી છે. **શૂન્યથી શિખર પર** પહોંચેલું વ્યક્તિત્વ. એમને એક સંસ્થા તરીકે ઓળખો તો પણ લાજમી છે. કદાચ આ માણસને પૃથ્વી પર મોકલવાનો કુદરતનો એજ હેતુ હશે કે શ્રેષ્ઠ સંસ્થાઓનું નિર્માણ અને સંચાલન કરે જે દ્વારા સમાજના તમામ લોકોને તેના ફાયદા મળી શકે.

બચપણ મજબુરી અને અભાવો વચ્ચે વિત્યું. માતા પાનીબેનનો અનહદ પ્રેમ મળતો રહ્યો પણ પિતાની છત્રછાયા ગુમાવી બેઠેલા આ બાળકે દુનિયાની ઘણી ઠોકરો પણ ખાધી. જન્મ પહેલાં જ પિતાની છત્રછાયા ગુમાવી દીધી. પોતાના લોકોના હાથ શિર પર ન હોય તો કેવા તડકા વેઠવા પડે એ પણ અનુભવ્યું. પરંતુ એ તમામ કડવા–મીઠા અનુભવોથી જીવનનું નવનીત પ્રાપ્ત કર્યુ અને આજે સફળતાના રાજમાર્ગ પર પોતાના કદમની છાપ છોડી રહ્યા છે.

ચાંપા બેરાજા ગામ રમણીકભાઈની જન્મભૂમિ – આજેપણ આ ગામ રમણીકભાઈના હૃદયમાં વસેલું છે. ચાંપા બેરાજાના સર્વાંગી વિકાસ માટે તેઓ પ્રયત્નશીલ છે. અભ્યાસ તો વધારે થઈ શકયો નહી કેવળ એસ.એસ.સી. સુધીનો જ થઈ શક્યો. શિક્ષણનો પહેલો પાઠ ચાંપા બેરાજામાં શિખ્યા હતા. ૧ થી ૪ ધોરણ ચાંપા બેરાજામાં અભ્યાસ કર્યો. ૫ થી ૭ ધોરણ લાખાબાવળમાં અભ્યાસ કર્યો તેથી લાખાબાવળ ગામ પણ રમણીકભાઈના હૃદયે વસેલું છે. સાત ધોરણ બાદ શ્રી હાલારી વિશા ઓશવાળ બોર્ડીંગમાં રહીને અભ્યાસ કર્યો જેનું ઋણ ચૂકવવાનો સમય હવે આવ્યો હતો.

તાજેતરમાં આ હાલારી વિશા ઓશવાળ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ઓશવાળ સમાજના આર્થિક રીતે નબળા પરંતુ અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન આપી શકાય તે માટે શિક્ષણ માટેના ફંડમાં રૂા. ૧૧ લાખનું દાન શ્રી રમણીકભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું છે. રમણીકભાઈના જીવનમાં ઘડતર કરે એવા પરિબળોમાંથી એક શ્રી પ્રેમચંદ પોપટ ચંદરીયા – ઈસ્ટ આફ્રિકા તેમજ હાલારના એક બાહોશ વેપારી તરીકેની નામના હતી. રમણીકભાઈના પિતાશ્રીના પરમ મિત્ર – શૈશવના સાથી એમણે રમણીકભાઈ જેઓ આ પહેલા મુંબઈ કામ કરતા હતા અને તબિયત સાથ ન આપતા પાછા જામનગર આવી ગયા હતા તેને શ્રી પ્રેમચંદભાઈએ નથુભાઈ ખેતશી ધનાણીની પેઢીમાં કામ અપાવ્યું. બસ ત્યારપછી તો શ્રમ અને બુધ્ધિએ એવી તો પ્રતિભા દાખવી કે ૮/૧૨/૧૯૬૩ના શુભદિવસે ભાગીદારીમાં બ્રાસપાર્ટનો વ્યવસાય શરૂ કર્યો. અલબત નવા ખેલાડી હતા પણ દીર્ઘ દ્રષ્ટિ અને કામ કરવાની લગન પ્રામાણિકતા અને પુરુષાર્થ આ બધાની ભાગીદારી સાથે ધંધો સારો ચાલવા લાગ્યો. ૧૯૬૩માં જે ઉદ્યોગની સ્થાપના કરી (બ્રાસપાર્ટ) તે ઉદ્યોગનો ઈતિહાસ એ છે કે પોતાની સાથે નોકરી કરતાં શખ્સને પોતાના સમાન ભાગીદાર બનાવીને ઓશવાળ સમાજમાં જવલંત ઉદાહરણ ધનાણી પરિવારે પૂરૂં પાડયું છે જેનું ઋણ ક્યારેય ચૂકવી શકાય નહિ તેવું રમણીકભાઈ જણાવે છે.

યુવા વયે પહોંચેલા રમણીકભાઈ માટે હવે સમય હતો લગ્નજીવનના દિવ્ય, પવિત્ર બંધનમાં બંધાવાનો. ૫–૧૨–૧૯૬૫ના દિવસે રમણીકભાઈનું ગઠબંધન લીલાવંતીબેન સાથે થયું. અગ્નિની સાક્ષીએ સાથે ચાલવાના પ્રણ લીધા જે આજે પણ અખંડ છે. લીલાવંતીબેન સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ બનીને

રમણીકભાઈના જીવનમાં પ્રવેશ્યા. જ્યાં ખાવા માટે / ઘર ચલાવવા માટે સંઘર્ષ કરવો પડતો હતો ત્યાં ગાડી બંગલો અને ધમધોકાર ધંધો શરૂ થઈ ગયો.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ જેના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી લખમશીભાઈ ગોવિંદજી હરિઆ છે તે સંસ્થાને એક નાનકડા બીજમાંથી રમણીકભાઈએ વિશાળ વડલા જેવી બનાવી દીધી છે. ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીનું સ્થાન ધરાવતા રમણીકભાઈની સૂઝ–બૂઝ – દાન લઈ આવવાની તેમની કોઠાસૂઝ – સંસ્થા સંચાલનનો માનવતાવાદી અભિગમ – શિક્ષણના ક્ષેત્રે જામનગરને સમૃધ્ધ બનાવવાની ભાવનાએ આજે આ સંસ્થાને પી.જી. થી પી.જી. સુધીની સંસ્થા બનાવી દીધી છે. પ્લે ગ્રુપમાં ૨.૫ વર્ષે બાળક પ્રવેશ લે ત્યાંથી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશનના વિવિધ વિભાગો જેવા કે એમ.સી.એ., એમ.બી.એ., પી.જી.ડી.સી.એ. વગેરે ઉપલબ્ધ છે. ઈંગ્લીશ મીડીયમ કોલેજોની આટલી વિશાળ શૃંખલા જામનગરને ઓશવાળ એજ્યુકેશને સર્વપ્રથમ ઉપલબ્ધ કરાવી જેનો લાભ આપણી યુવા પેઢી લે છે અને આગામી પેઢી લઈ શકશે.

રમણીકભાઈ શિક્ષણના ક્ષેત્રે ખાસ આગળ વધ્યા નથી પરંતુ જીવનની પાઠશાળામાંથી લીધેલા શિક્ષણે તેઓને વિશેષ બનાવી દીધા છે. યુનિવર્સિટીના દરવાજા પોતાના માટે ખોલી ન શકનાર આ માણસ હવે ઓશવાળ યુનિવર્સિટીની સ્થાપના માટેના સપના સેવે છે. ખુદ યુનિવર્સિટી હોય તેના માટે ઔપચારિક શિક્ષણ બહુ મૂલ્ય રાખતું નથી. લાખાબાવળમાં એક એન્જીનિયરીંગ અને ફાર્મસી કોલેજ બનાવવાની પણ તેઓશ્રીની આગામી યોજના છે. સેવાભાવ રમણીકભાઈમાં સુગંધની જેમ વણાયેલો છે. કામ પૂરું કરવાની જીદ તેમને સફળતા અપાવે છે.

સામાજિક કાર્યો તરફ હવે નજર ઢળતી હતી. સમાજના નબળા અને અભણ – અજ્ઞાની માણસોને મદદ કરવાની આંતરિક ઈચ્છા પ્રગટ થઈ. બસ આજ સમયે જામનગરના અગ્રગણ્ય કાર્યકર્તા અને સમાજસેવી ગુલાબચંદ દેવરાજ શાહના સંપર્કમાં આવ્યા. અને ૧૯૭૫માં કો.કો.બેંકના ડાયરેકટર પદની ચૂંટણીમાં રમણીકભાઈ વિજેતા બન્યા. રમણીકભાઈની નજર હંમેશા ભવિષ્ય તરફ રહેતી અને ભવિષ્યમાં આકાર લેનારી યોજનાઓ ઉપર વર્તમાનમાં કામ કરવું એ તેઓશ્રીની ખાસિયત હતી.

કોઈ એક સ્થળે જે સ્થિર થાય તેની પ્રગતિ રોકાઈ જાય. કો.કો. બેંક બાદ રમણીકભાઈએ વિચાર્યું કે સામાન્ય અને નાના ઉદ્યોગપતિઓ માટે ઠોસ કાર્ય હજુ થયું નથી. બરાબર એજ સમયે પંજાબના ત્યારના ગવર્નર શ્રી જયસુખભાઈ હાથીના સંપર્કમાં આવ્યા અને નવાનગર બેંકની સ્થાપના થઈ જે આજે પણ સફળતા અને શ્રેષ્ઠ વ્યવસ્થાનું ઉદાહરણ પૂરું પાડે છે. નવાનગર બેંકની સ્થાપનામાં શ્રી ગુલાબભાઈ શાહ અને શ્રી જયંતિભાઈ અંજારિયાની પણ ખૂબ મદદ મળી. શ્રીમાન ભગવતીપ્રસાદ વ્યાસના વ્યક્તિત્વની આભા પણ રમણીકભાઈના જીવનમાં વિધાયક પરિબળ બની. આજ અરસામાં ગૌ સેવા મહા અભિયાન ટ્રસ્ટ તથા એ. કે .દોશી મહિલા કોલેજના ટ્રસ્ટી તરીકે નિમણૂંક મળી.

રમણીકભાઈનો પરિચય એ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનો પરિચય છે. ફકત બે વર્ગખંડોથી ચાલુ કરેલી સંસ્થા આજે વિશાળ બિલ્ડિંગો ધરાવે છે. શ્રેષ્ઠ અભ્યાસ સુવિધા ધરાવે છે. ૧૯૯૭માં અંગ્રેજી માધ્યમની કોલેજનો વિચાર આવ્યો – દાનની સરવાણી વહેવા માંડી. ચાંપા બેરાજાના વતની હાલ લંડન સ્થિત શ્રી ભગવાનજી કચરા તરફથી બે એકર જમીન દાનમાં મળી અને ૨૦૦૦ની સાલમાં કોલેજ મકાન બાંધકામ થયું. દીર્ઘદ્રષ્ટા રમણીકભાઈએ બાજુમાં બીજી આઠ એકર જમીન ખરીદી લીધી. આજે એ જમીન પર શૈક્ષણિક સંકૂલ જામનગરની જનતાને સેવા પૂરી પાડે છે.

બી.બી.એ., બી.કોમ., બી.સી.એ., એમ.બી.એ. તેમજ અન્ય આઠ કોલેજો એ ઉપરાંત પી.ટી.સી.કોલેજ, બી.એડ્.કોલેજ, ગર્લ્સ હોસ્ટેલ તેમજ બોયઝ હોસ્ટેલની સુવિધા ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટે ઉપલબ્ધ કરાવી છે.

સાદગી એ રમણીકભાઈના જીવનનો અંશ છે. શ્રમ, સેવા અને સાદગીના પથે અગ્રેસર

રમણીકભાઈએ સમાજને ઉપયોગી અનેકવિધ સંસ્થાઓની બાગડોર સંભાળી છે. કુંવરબાઈ જૈન ધર્મશાળા કમિટીના ચેરમેન પદને સંભાળે છે. તો આરાધનાધામ – હાલાર તીર્થમાં મેનેજિંગ ટ્રસ્ટીની ભૂમિકા અદા કરે છે. જૈન ધર્મના વડીલો નિરાધાર જીવન જીવતા હોય અથવા થોડો વખત સ્થાન બદલી કરવી હોય તો તે માટે 'મુકતા વાત્સલ્યધામ'નું નિર્માણ આધુનિક સગવડો સાથે આરાધનાધામમાં કરેલું છે. નવાનગર ચેમ્બર્સના પ્રમુખસ્થાને શોભાવી ચૂકયા છે તો ૩૨ વર્ષથી નવાનગર કો. ઓપરેટીવ બેંકના મેનેજિંગ ડાયરેકટરના સ્થાને મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યા છે. જિલ્લા સમાજ કલ્યાણ કેન્દ્ર તથા નવાનગર ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેનનું સ્થાન ધરાવે છે.રમણીકભાઈની સેવા ભાવના અને સેવાકીય પ્રવૃતિઓની સરાહના કરતાં જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો) દ્વારા સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દિવ્યભાસ્કર દૈનિક દ્વારા 'હાલારના હીરલા' ને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો તેમાં પણ શ્રી રમણીકભાઈને હાલારના ૨૨ હીરલાઓમાં સ્થાન મળ્યું છે. દિવ્ય ભાસ્કર અખબાર પ્રકાશિત કોફી ટેબલ બુકમાં 'અનમોલ રતન'નો ખિતાબ પ્રાપ્ત થયો છે.

સમાજ સેવાનો રમણીકભાઈનો જે યજ્ઞ ચાલતો તેમાં જીવનસાથી શ્રીમતી લીલાવંતીબેનનો સાથ સહકાર અને પ્રેરણા સાથે રહેતા. સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ અંગે બન્નેએ સહિયારા પ્રયાસ શરૂ કર્યા. સમૂહ લગ્નોનું આયોજન કરી સમાજને સબળ ઉદાહરણ પૂરું પાડયું. 'પુરુષની સફળતાની સાચી હકદાર સ્ત્રી હોય છે' – આ વાકયને લીલાવંતીબેને અક્ષરસઃ સાચું પાડયું. શ્રીમતી લીલાવંતીબેન સામાજિક ક્ષેત્રે અગ્રેસર છે. મહિલા કો–ઓપરેટિવ બેંકના પ્રથમ અને સ્થાપક ડાયરેકટર, સ્ત્રી નિકેતન – ઓશવાળ સ્ટુડન્ટ યુનિયન – મહિલા મંડળમાં તેઓશ્રીએ સેવા આપી છે  તથા સેવા સંસ્થાના ઉપક્રમે ચાર વખત સમૂહ લગ્ન કરાવ્યા અને આ રીતે જીવનને ચરિતાર્થ કરી રહ્યા છે. રમણીકભાઈના તમામ કાર્યોમાં તેઓશ્રીના પુત્રરત્નો અને વ્હાલના દરિયા જેવી દીકરીનો સાથ હંમેશા મળ્યો છે. કોઈકે ખરૂંજ કહ્યું છે કે પરિવારમાંથી મળતો સપોર્ટ માણસને સફળતાની ટોચ પર પહોંચાડે છે.

**શ્રી રમણીકભાઈને સાચા અર્થમાં મૂલવવા હોય તો..**

- સફળ વ્યકિતત્વ – હીરા જેવું પાસાદાર વ્યકિત્વ ધરાવે છે.
- માતા પાનીબેનનો આ લાડકવાયો આજે જીવનપથ પર એવા સ્થાને છે જયાંથી જીવન સાર્થકતાનો અનુભવ થાય.
- ભવિષ્યની વિવિધ યોજનાઓ પર હાલ કાર્યરત છે.
- કદાચ થાક લાગે ... પણ થાક ખાવાં બેસી જાય તે રમણીકભાઈ નહિ. એ તો જીવનપથ પર આવતા તમામ વિઘ્નોને દૂર કરવાની તાકાત રાખે છે.
- રમણીકભાઈ ઓશવાળ યુથ ટુડે એન્ડ ટુમોરોના તંત્રી સ્થાનેથી સમાજને એક લોકપ્રિય માસિક આપી રહ્યા છે જેનો ફેલાવો દેશ વિદેશમાં છે. ઈંગ્લીશ અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતું આ માસિક એકવાર વાંચવા જેવું તો ખરૂં જ.
- જિંદગીમાં વર્ષો નહિ, વર્ષોમાં ભરેલી જિંદગી એ રમણીકભાઈનું વ્યકિતત્વ છે.

અંતે આપણે એટલુંજ ઈચ્છીએ કે પરમ કૃપાળુ પરમાત્મા રમણીકભાઈને દીર્ઘ અને નિરામય જિંદગી આપે અને સમાજ સેવાના કાર્યો તેમના વરદ્ હસ્તે થતાં રહે. અનહદ લાગણી સમાજ પર વરસતી રહે અને સદા સર્વદા વિજેતા બની રહે.

અસ્તુ.

# મુકતા વાત્સલ્ય ધામ

## ''વડીલો માટેનું સ્નેહ ઘર''

મુકતા વાત્સલ્ય ધામ – આરાધના ધામ ખાતે જીવન સંધ્યાએ બેઠેલી વ્યક્તિના જિંદગીમાં રંગ ભરવા નિર્મિત કરવામાં આવ્યું છે. સામાન્યથી તદ્દન અલગ વડીલો માટે આ એક એવો આશિયાના છે. જ્યાં વડીલ વ્યક્તિ, પોતાને નકામી ચીજ સમજીને અફસોસ ન કર્યા કરે, પરંતુ પોતાના ડહાપણનો લાભ નવી પેઢીને આપી શકે.

પૂજ્ય પન્યાસ શ્રી વજ્રસેન મુનિજી અને શ્રી હેમપ્રભુ મહારાજ સાહેબની પ્રેરણાથી મુકતા વાત્સલ્ય ધામનું નિર્માણ થયું છે. શ્રી વાઘજીભાઈના ધર્મપત્ની મુકતાબહેનના નામે એમના પરિવારે દાન કર્યું છે. આરાધના ધામના સર્જક સ્વ. શ્રી વાઘજીભાઈનું સ્વપ્ન એમના પરિવારના શ્રી શાન્તિભાઈ – શ્રી અમુભાઈ અને શ્રી ગિરીશભાઈએ પૂર્ણ કર્યું અને વાઘજીભાઈનો પરિવાર જેને પોતાના પરિવારના ગણે છે તે શ્રી રમણીકભાઈ કે. શાહના માર્ગદર્શન નીચે આ વાત્સલ્ય ધામનું નિર્માણ થયેલ છે.

આમ તો વૃદ્ધાશ્રમ જેવો શબ્દ આપણા શબ્દકોશમાં હોવો જ ન જોઈએ. કેમકે દુનિયામાં બે પરિસ્થિતિ અત્યંત કરૂણાજનક છે. (૧) બાળકો વગરનું ઘર અને (૨) ઘર વગરના મા–બાપ ...પણ અહીં વૃદ્ધાશ્રમ જેવો શબ્દ ટ્રસ્ટ દ્વારા વાપરવામાં જ આવ્યો નથી. આ છે વાત્સલ્ય ધામ જ્યાં ફકત પ્રેમ–કરૂણા, હૂંફ અને કાળજીભરી દેખરેખ મળે છે.

આ વાત્સલ્ય ધામનું સંચાલન કરવા માટે એક સંચાલન સમિતિનું આયોજન કરવામાં આવ્યું છે. જે સમિતિના અન્યો શ્રી જયંતિલાલ ચંદરીયા, ડો. રૂપેન દોઢિયા અને તેની ટીમ અસરકારક કામગીરી બજાવે છે.

વડીલો માટે તેમની જિંદગીની એક એક ક્ષણને સુંદર બનાવવા માટે અહીં સમિતિ જહેમત ઉઠાવી રહી છે. વડીલો માટે પોતાના દ્વારા પસંદગીનું ભોજન વગેરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

મેનેજર શ્રી કિરણભાઈ મહેતા અને આરાધના ધામના સુપરવાઈઝર શ્રી સુધીરભાઈ પંડયા સમગ્ર પ્રોજેકટને સુચારુ રૂપે સંભાળી રહ્યા છે.

પાછલી અવસ્થામાં થતી સામાન્ય તકલીફો અથવા તો કોઈ રોગ વગેરે હોય તો અહીં નિયમિત મેડીકલ ચેકઅપની સુવિધા છે. જેના દ્વારા વડીલો નિરામય જીવન જીવી શકે. આંખ–કાન, ગળા અથવા શરીર સંબંધી કોઈપણ તકલીફ અંગે નિષ્ણાત ડોકટરોનું માર્ગદર્શન મળે છે.

જિંદગી એ ઈશ્વર તરફથી મળેલ અદ્ભુત ભેટ છે. વડીલો આ જિંદગીને રસપૂર્વક જીવે તે માટે ધાર્મિક પ્રવચનો, ટી.વી.ના સુંદર કાર્યક્રમો પણ વડીલોને દર્શાવવામાં આવે છે. જેથી તેઓને લાગણી થાય કે તેઓ પણ સમાજનું ઉપયોગી અંગ છે. વધી પડેલા, ઠેબે ચડાવવા જેવા નિરર્થક જીવન જીવતા માણસો નથી.

સંચાલન સમિતિના જણાવ્યા મુજબ આ મુકતા વાત્સલ્ય ધામ માત્ર તરછોડાયેલા લોકોનું આશ્રય સ્થાન નથી. ઘરમાં રહેતા જો કોઈ વડીલ એક–બે મહિના કે પછી તેથી વધારે સમય આરાધના કરવા અહીં પધારવા માગતા હોય તો તેની પણ છૂટ છે. વડીલો આજીવન નિવાસ પણ કરી શકે છે, થોડા મહિનાના વિશ્રામ માટે પણ આવી શકે છે.

અત્યારે મુકતા વાત્સલ્ય ધામ જૈન સમાજ માટે જ ખૂલ્લું છે. ભવિષ્યમાં અન્યેત્તર જાતિનો પણ સમાવેશ કરી શકાય.

વડીલો માટે યોગા, ફીટનેશ, હળવી કસરતો વગેરેનું આયોજન પણ કરવામાં આવે છે. કોઈપણ વડીલોને એકલવાયાપણું ન લાગે અને તેઓ ઘરથી દૂર જેવી લાગણી તેમને દુઃખી ન કરી દે, તે માટે અહીં તેમના કુટુંબીજનોને પણ મુલાકાતે આવવાની, થોડા દિવસ રોકાવાની વ્યવસ્થા છે. પરિવારનો પ્રેમ ઝંખતા વડીલ હૈયાને આથી શાતા ઉપજે છે.



# જામનગર મારૂં : ગઈકાલ - આજ

હરિવદન જોશી

## જામનગર મારું : ગઈકાલ – આજ
**(Jamnagar Maru : Gaikaal - Aaj)**

- હાલાર (જામનગર જિલ્લો) ના ઐતિહાસિક તથ્યોને ઉજાગર કરતા લેખોનો સંગ્રહ


- આલેખન : હરિવદન શાંતિલાલ જોશી (જામનગર)
- પ્રકાશન વર્ષ : ઈ.સ. ૨૦૧૪
- પ્રત : ૧૦૦૦
- મૂલ્ય : અમૂલ્ય
- પ્રકાશક : ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ જામનગર
- ટાઈપ સેટીંગ : પંકજભાઈ ત્રિવેદી

# પ્રો. વસુબેન ત્રિવેદી

ક્રમાંક : રા.ક.મં./ઉ.અને ટે.શિ. અને મ. અને બા./૪૭૧૫/૨૦૧૪
કચેરી : (૦૭૯) ૨૩૨૫૦૧૬૫, ૨૩૨૫૦૨૯૨ (ફેક્સ)
રાજ્ય કક્ષાના મંત્રી,
ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ,
બ્લોક નં. ૧, ત્રીજે માળ, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
તારીખ : ૨૦-૦૬-૨૦૧૪


## શુભેચ્છા સંદેશ



**શ્રીમાન,**

આપના દ્વારા ''જામનગર મારૂં : ગઈકાલ-આજ'' પુસ્તક પ્રકાશિત થઇ રહ્યું છે તે બદલ અભિનંદન પાઠવું છું.

જામનગર શહેરની સાથે અતિભવ્ય ભૂતકાળ અને સમૃધ્ધ વિરાસતનો વારસો સંકળાયેલ છે. આપના પુસ્તકમાં જામનગરની પ્રાચીનથી અર્વાચીન સુધીની વિકાસયાત્રા પ્રતિબિંબિત થશે તેમ માનું છું. જે જામનગર વિશે જાણવા માટે ઉત્સુકજનોને તૃપ્ત કરશે. આપના દ્વારા આ પુસ્તક ''વિના મૂલ્યે'' વિતરીત કરવામાં આવનાર છે, તેમાં જામનગરનું ઋણ અદા કરવાનો આપનો નગરપ્રેમ દ્રશ્યમાન થાય છે.

પુસ્તકના લેખક, પ્રકાશક તેમજ સૌ વાચકગણને શુભેચ્છાઓ પાઠવું છું.

**(પ્રો. વસુબેન ત્રિવેદી)**



**Parimal Nathwani**
Group President - Corporate Affairs

**Reliance**
**Industries Limited**

Office : 101, "White House", Bedi Road, Jamnagar - 361 008. Phone : +91-288-2665404-5, Fax : +91-288-2552131

## જામનગર મારૂં : ગઈકાલ-આજ



ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના સૌજન્યથી નગરના વયોવૃદ્ધ ઇતિહાસવિદ્ શ્રી હરિવદન શાંતિલાલ જોશી લિખિત પુસ્તક ‘જામનગર મારૂં : ગઇકાલ-આજ’ પ્રકાશિત થઇ રહ્યું છે તેનો આનંદ છે. સરસ્વતીને પુરસ્કૃત તથા પ્રોત્સાહિત કરવાની મહાજની પરંપરા આ રીતે શ્રી આર. કે. શાહ તથા ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટે આગળ ધપાવી એક દાખલારૂપ કાર્ય કર્યું છે. મુરબ્બી શ્રી હરિવદનભાઇ પાસે જામનગરના ઇતિહાસ, ભૂગોળ, રાજવી સમયાવધિ તથા વ્યાપક સમાજ-જીવનને લગતી ઝીણામાં ઝીણી અને સચોટ વિગતો છે. તેઓ એક હાલતા-ચાલતા એન્સાઇક્લોપીડિયા છે. તેમની પાસે માહિતીનો ખજાનો તો છે જ, પરંતુ જામનગર અને તેના હિત વિષે સતત ચિંતા અને ચિંતન કરતા એક એવા સક્રિય વડીલ છે જે પોતાની વય અને અવસ્થાની પ્રતિકૂળતાઓ વચ્ચે પણ જામનગરના ગૌરવ-ધ્વજને સતત ઉન્નત રાખવા કટિબદ્ધ છે. જામનગર માટેની તેમની નિષ્ઠા અને પ્રતિબદ્ધતા માટે વારંવાર સલામ કરીએ.

આ લોકોપયોગી શુભકાર્ય બદલ મુરબ્બી શ્રી હરિવદનભાઇ જોશી અને માનનીય શ્રી આર. કે. શાહ, ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ અભિનંદનના હક્કદાર છે. આ પ્રસંગે મારી પ્રસન્નતા વ્યકત કરૂં છું તથા આપ બંને મહાનુભાવોને શુભેચ્છા પ્રદાન કરૂં છું.

આ પુસ્તક વર્તમાન અને ભાવિ પેઢીને જામનગરની ખૂબીઓ તથા ખાસિયતો બતાવતો એક સંદર્ભગ્રંથ બની રહેશે તેવી શ્રદ્ધા સાથે.

**પરિમલ નથવાણી**
સાંસદ (રાજ્ય સભા) તથા
ગ્રુપ પ્રેસિડેન્ટ (કોર્પોરેટ અફેર્સ),
રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

૨૧ મે ૨૦૧૪

sRym[v jyt[
# Poonamben Maadam
**Member of Parliament**
**LOK SABHA**
Jamnagar, Gujarat
Neo Square, Office No. 1 to 5, Ground Floor, Near Amber Cinema, P. N. Marg, Jamnagar - 361 001
Phone : 0288 - 2676688, Fax : 2676699 Mobile : 99250 99881

**તારીખ : ૧૫-૦૬-૨૦૧૪**

## શુભેચ્છા સંદેશ



જામનગર શહેરના ભવ્ય ભૂતકાળને પુસ્તકના પૃષ્ઠો પર તાદ્રશ્ય કરવાના આદરણીય **શ્રી હરિવદનભાઇ શાંતિલાલ જોશી** ના ભગીરથ કાર્યને બિરાદાવી હાર્દિક અભિનંદન આપું છું. નવાનગર સ્ટેટના રજવાડાંની અણમોલ ભેટ સમાન ઐતિહાસિક ઇમારતો તેમજ યાદગાર પ્રસંગોની અલભ્ય તસ્વીરો તેમજ દરેક તસ્વીરની સચોટ વિગતો સાથેની કથા આ પુસ્તકમાં તેમણે રજુ કરી છે. જામનગર શહેર અને જિલ્લાના વિકાસ માટે હંમેશા સકારાત્મક અને વાસ્તવલક્ષી સૂચનો કરનાર સદાય જાગૃત એવા સિનિયર સીટીઝન શ્રી હરિવદનભાઇએ આ પુસ્તક સ્વરૂપે જામનગર પ્રત્યેની પોતાની અગાધ લાગણી વ્યક્ત કરી છે.

તેમના અનુભવ, તસ્વીરો તથા વિગતો પ્રાપ્ત કરી સંકલન કરવાની ચીવટના પરિપાકરૂપે આ પુસ્તક પ્રસિધ્ધ થયું છે. ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના સૌજન્યથી પ્રકાશિત **"જામનગર મારૂં : ગઇકાલ - આજ"** ને રસજ્ઞો તરફથી સમૃધ્ધ માહિતી અને ફોટોગ્રાફસ સાથેના પુસ્તકને વ્યાપક આવકાર મળે તેવી હાર્દિક શુભકામના પાઠવું છું.

**(પૂનમબેન માડમ)**

ॐ

SaiRam

૧૭-૦૬-૨૦૧૪

# શુભેચ્છા સંદેશ

**ભાઇ હરિવદનભાઇ,**

આપ જામનગર ઉપર આ બીજું પુસ્તક તૈયાર કરી રહ્યા છો તે સાંભળી આનંદ થયો, તેના માટે હાર્દિક શુભકામના મોકલું છું અને આશા રાખું છું કે ઘણી ભૂલી જવાયેલી માહિતી આપ ફરી અમને દર્શાવશો.

જામનગર આપણી યાદદાસ્તમાં જ રહેશે, કારણ આજના સમાજને ખોટો દેખાવ પસંદ છે અને નગરની સૃષ્ટિને વિના આંચ બરબાદ કરી દીધી છે.

આપનું પુસ્તક જોવા આતુર...

**- હર્ષદકુમારીના જય માતાજી**

**Harshad Kumari**
Quinn Villa, Saru Section Road, Jamnagar - 361 006.
Ph. : 0288 - 2711856 Mob. : 98242 10980
Email : hushuba@hotmail.com

# પ્રસ્તાવના

'છોટી કાશી' અને 'મંદિરોની નગરી' તરીકે ઓળખાતા જામનગરની વિશ્વમાં આગવી ઓળખ છે. મૂળ સિંધના પણ કચ્છમાંથી આવેલા જામ રાવળે સન ૧૫૧૯ ના અરસામાં અહીં અર્થાત્ આ પ્રદેશના જેઠવા - ચાવડા વગેરેને હરાવી પોતાની સત્તાની સ્થાપના કરી. પોતાની શાખાના પ્રતાપી પુરુષ હાલાજી ઉપરથી જીતેલા પ્રદેશને હાલાર નામ આપ્યું. ત્યારથી સૌરાષ્ટ્રનો આ ભાગ - પ્રદેશ ''હાલાર'' નામથી ઓળખાય છે. જામ રાવળે પ્રથમ બેડમાં અને પછી ખંભાળિયા ત્યારબાદ સં. ૧૫૯૬ (સન ૧૫૪૦) ના શ્રાવણ સુદ ૭ ના રંગમતી - નાગમતીના કાંઠે નવી રાજધાની સ્થાપી - વસાવી. નગરની સ્થાપના વખતે બે-ત્રણ થાંભલીઓ રોપવામાં આવી હતી. (જેની સચિત્ર વિગત પ્રસ્તુત પુસ્તકમાં છે) મૂળ તો નગરનું નામ 'નવી નગર' જે પછીથી 'નવાનગર' - 'જામનગર' તરીકે પ્રસિધ્ધ થયું. 'વિભા વિલાસ' માં તેનો ઉલ્લેખ 'નવો નગર' તરીકે છે. આ નગર 'નાગણી' તરીકે પણ ઓળખાતું. સન ૧૫૪૦ થી ૧૯૪૭ સુધીમાં કુલ ૨૨ જામના રાજ્ય વહીવટ દરમિયાન આ નગરનો વિકાસ ઉત્તરોત્તર થતો રહ્યો.

પ્રસ્તુત પુસ્તક ઇતિહાસનું નથી. લેખક ઇતિહાસકાર પણ નથી. આથી જામનગરનો કે તેના શાસકોનો ઇતિહાસ વર્ણવવાનો લેખકનો આશય બિલકુલ નથી. અહીં છે એક વતનપ્રેમી - ભાવુક - રસિક નગરજનનું 'નગર દર્શન' અને એય તે વિહંગ દ્રષ્ટિએ. ઉડતી નજરે આ દર્શન થયેલ હોય આમાં ઘણી બાબતો છૂટી પણ ગઇ છે : જીવા સેતાના સિત્તમ, મેરુ ખવાસની જોહુકમી અને વિચક્ષણતા, ઝંડુ ભટ્ટ, જામનગર - જોધપુર વિવાહ પ્રસંગ વગેરે આમછતાં જે થયું તે ખરેખર પ્રસંશનીય અને અભિનંદનીય છે...

**- હસમુખ વ્યાસ**

**અમરેલી**



ૐ

**હરિવદન શાન્તિલાલ જોશી**
મોબાઇલ : ૯૭૨૭૯ ૬૨૯૯૮
Web Site : www.myjamnagar.in
જૈન દેરાસર સામે, ૩૦૧, રેનક એવન્યુ,
મેહુલનગર ૮૦' મુખ્ય માર્ગ, જામનગર - ૩૬૧ ૦૦૬

તા. ૦૫ મી જુન ૨૦૧૪, ગુરૂવાર
વિશ્વ પર્યાવરણ દિન

## કૃતિની કથની...

મારૂં આ અસલ ઇતિહાસ પુસ્તક ; 'જામનગર મારૂં : ગઇકાલ - આજ' ( વિવિધા સહ ), વિભાગ ૧ થી ૪, ઝેરોક્ષ કૃત હતું. આજ સુધીમાં તેની પ્રથમ ૪૫ પાનાથી લઇને ૨૮૫ પાના સુધીની અંતિમ નવમી આવૃત્તિ પ્રકટ થયેલી છે.

આ માંહેની થોડાં વર્ષો પૂર્વની આવૃત્તિ, મારા સુપુત્ર ચિ. ( ડૉ. ) જોગીન જોશી શહેરના અગ્રણી શ્રેષ્ઠી એવા શ્રી રમણીકલાલ કે. શાહને બતાવવા માટે લઇ ગયેલા.

તેને જોયા બાદ તેઓશ્રીને તેમની અગ્રણી સંસ્થા મારફત તે માંહેની પસંદ કરેલી તસ્વીરો / લખાણો છાપીને વ્યવસ્થિત પ્રસિધ્ધ કરવાની ઇચ્છા ઉદ્‌ભવી. મારી સંમત્તિ માટે તેઓશ્રીએ મારા સુપુત્ર મારફત કહેણ મોકલાવ્યું, મેં સંમતિ આપી. આજ એ મૂજબ 'જામનગર મારૂં : ગઇકાલ - આજ' તેઓશ્રીની સંસ્થા દ્વારા પસંદ કરાયેલી તસ્વીરો અને લખાણો સહ પ્રકાશિત થવા જઇ રહ્યું છે.

તેઓશ્રી તથા આ સંસ્થાને આવા જામનગર શહેરને વિશ્વ સમક્ષ મૂકવાના શુભ પ્રયાસ બદલ ખૂબ ખૂબ સુખ, સંપત્તિ, સમૃધ્ધિથી અભરે ભરી દે, તેવી પરમ કૃપાળુ પરમાત્માને બે હાથ જોડી નમ્રપણે પ્રાર્થના...

### * મારા આ પુસ્તક અંગે થોડી પૂર્વ માહિતી *

મૂળ હું મારા યૌવનકાળથી જ શહેરના વિવિધ સળગતા પ્રશ્નો કે કોઇ ચિંતન / મનનના લેખો લખતો અને વર્તમાનપત્રોને મોકલતો, જે છપાતા. હું સ્વતંત્રપણે સામાન્ય પુસ્તકનો લેખક કયારેય ન હતો. મારી ૨૧ વર્ષની આયુમાં તારીખ : ૦૨-૦૬-૧૯૫૪ ના દિને જુનાગઢે શરૂ થયેલી રેલ્વેની નોકરી ૫૮ વર્ષની આયુએ તારીખ : ૩૦-૧૧-૧૯૯૧ ના દિને રાજકોટ ખાતે સંપૂર્ણ થઇ ત્યાં સુધીના બધા જ વર્ષોમાં મારી આ પ્રવૃત્તિ ચાલુ હતી. તે બાદ પણ આજ સુધી તે ચાલુ રહેલી.

મારી નિવૃત્તિ બાદ ત્રીજે જ મહિને તારીખ : ૦૧-૦૨-૧૧૯૨ થી ''કર્મ પીડા'' ના ફળ સ્વરૂપ હું ''એકાક્ષી'' બન્યો. થોડો સમય, આ આઘાતમાંથી બહાર આવ્યા સુધી લેખન કાર્ય બંધ રહ્યું.

એક વખત હું મારા હાથી શેરીના જૂના નિવાસસ્થાનમાં ''હિંડોળે'' બેઠો બેઠો મારી જૂની પાડેલી પ્રસંગ પ્રસંગની આલબમમાંની તસ્વીરો રાબેતા મુજબ નિહાળી રહ્યો હતો. એવામાં મને વિચાર 'ઝબકયો'' ; કે આ માંહેની વિવિધ સંસ્થાઓના પ્રસંગ - પ્રસંગની તસ્વીરોમાંથી કાયમી તેની યાદગીરી રહે તે માટે જે તે સંસ્થાઓને તેની તસ્વીરો મોટી કરાવી યોગ્ય પ્લાસ્ટીકમાં મઢાવીને ભેટ આપીએ તો કાયમી સંભારણું બની રહે. મેં આ વિચાર 'આજનું કામ આજ કર' મુજબ અમલમાં મૂકયો.

આ માંહેની આવી જ એક સંસ્થા ''શ્રી ઇરવીન હોસ્પિટલ' ને જૂના બે ''સોલેરિયમો'' અને તે સંસ્થાની જૂની તસ્વીરો તે સમયના તેના અધિક્ષક, તબીબી સેવાઓ ડૉ. જે. જે. ઓઝાને તેની ચેમ્બરમાં પ્રસિધ્ધ કરવા

આપી. તેનો તેઓશ્રીએ સ્વીકાર કર્યો અને બાદમાં આભાર પત્ર નંબર આઇ.જી.એચ./મહેકમ/ડેડસ્ટોક/૧૧૫૭૦/૯૮ તારીખ : ૦૬-૦૮-૧૯૯૮ થી મને એ હોસ્પિટલનો ઇતિહાસ લખી આપવાનું સૂચન કર્યુ. લખાણો ઘણા લખતો, પરંતુ પુસ્તક તો ક્યારેય નહિ, એમાંએ સામાન્ય રીતે તો સાવ નિરસ ગણાતા વિષય ઇતિહાસનું પુસ્તક તો કેમ લખાય !

પરંતુ ગમે તેમ બન્યું ... મને પરમકૃપાળુએ માધ્યમ બનાવ્યો હોય તેમ ડૉ. ઓઝા સાહેબનું તે સૂચન મારા માટે પ્રેરણા બની રહ્યું ને મેં જાણે કે પડકાર ઉપાડી લીધો.

૬૬ વર્ષની વયે 'એકાક્ષી' અવસ્થામાં પણ પ્રથમ પુસ્તક પડયાનાનું ૧૯૯૯ માં શકય બન્યું. એ બાદ તો છેલ્લા પંદર વર્ષમાં ૮૧ વર્ષની આયુ સુધીમાં હમણા અંતિમ નવમી આવૃત્તિ ઝેરોક્ષકૃત ૨૮૫ પાનાની બહાર પડી શકી. છેને, ઇશ્વરીય ચમત્કાર !

આ સંસ્થા દ્વારા આ પુસ્તક પ્રકાશિત થવા સુધીમાં તેમાં પોતપોતાની રીતે સહભાગી થવા બદલ એડવોકેટ શ્રી હિતેનભાઇ ભટ્ટ, શ્રી બંકિમભાઇ ભટ્ટ તથા શ્રી અશોકભાઇ જાનીને અમારા સૌને લાખ-લાખ શુભેચ્છાઓ...

આવું લેખન / મનન / ચિંતન મને આ ઉમર સુધી બક્ષવા અને જાળવી રાખવા બદલ, તે પરમકૃપાળુ પરમાત્માનો કયા શબ્દોમાં આભાર માની શકાય !? તેને તો કોટિ કોટિ વંદના જ હોય. મારા જેવા સામાન્ય માનવીને આવું મહાન કાર્ય બક્ષવા બદલ નત મસ્તકે પ્રાર્થું કે જીવનની અંતિમ ક્ષણ સુધી નિજ કાર્ય માટે મારે ક્યારેય કોઇનીયે મદદ ન લેવી પડે. અસ્તુ.

(હરિવદન શાન્તિલાલ જોશી)

# જામનગર મારૂં : ગઈકાલ - આજ

હરિવદન જોશી

**ઈસુની વીસમી સદીના પ્રારંભથી મધ્યભાગ સુધીમાં જામનગર શહેરમાં ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ અંતર્ગત શ્રી મેઘજી પેથરાજ શાહ મેડીકલ કોલેજની સ્થાપના સુધીના ઈતિહાસની એક ઝલક (આઝાદી પ્રાપ્તિથી આજપર્યંત વિવિધ ક્ષેત્રે સરકારની જામનગર પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિની પરંપરા દર્શાવતા થોડા કિસ્સાઓ સહિત)**

વિદ્યા વિહીન નર પશુ સમાન, એક શા ત સત્ય છે. શિક્ષણ પ્રાપ્તિથી જ માનવી, માનવી બને છે અને ત્યારબાદ જ પોતાની ફરજો, પોતાની જવાબદારીઓ, અધિકારો પ્રત્યે જાગૃત થાય છે. કદાચ તેથી જ આક્રમણકારો આપખુદ સત્તાધીશો સૌપ્રથમ હંમેશા શિક્ષિત લોકોનો જ સંહાર કરવાની પેરવી કરતા, શિક્ષિત હોવાથી જ આવા જાગૃત લોકો તેઓને પડકાર આપી શકતા હોય છે. લોકશાહી પ્રક્રિયા દ્વારા શાસન ધૂરા પર કબજો જમાવેલા આપખુદ શાસકો સુધ્ધાંને પણ આવા લોકોનો જ સૌથી વધુ ડર રહેતો હોય છે.

ઈતિહાસમાં સૌથી તાજા ઉદાહરણો છે : પાકિસ્તાનનું તેના જ અડધિયા પ્રદેશ પૂર્વ પાકિસ્તાન (હાલનું–બાંગ્લાદેશ) પર આક્રમણ (૧૯૭૧) ને બાદ ઢાકા ખાતે ત્યાંની યુનિવર્સિટી વિસ્તારમાં બુધ્ધિજીવીઓનું નિકંદન અને ભારતમાં જાહેર થયેલી કટોકટી (૧૯૭૫) દરમિયાન બુધ્ધિજીવીઓને કારાવાસના સળિયા પાછળ ધકેલી દેવાનું.

કદાચ બરાબર આ કારણોસર જ આઝાદી પ્રાપ્તિ પહેલાના ભારતમાં દેશી રજવાડાંઓ પણ પોતપોતાના રાજયોમાં શૈક્ષણિક જાગૃતિ ન આવે અને શિક્ષણનો વ્યાપ ન વધવા પામે, તેની સભાનતાપણે કાળજી રાખતા. શૈક્ષણિક સવલતો નહિવત્ જ રાખતા, જો કે કાઠિયાવાડ (હાલ સૌરાષ્ટ્ર) માંએ સમયે અમુક દેશી રાજયો જેવાં કે અમરેલી, ગોંડલ, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ તેમાં અપવાદ રૂપ હતાં.

અત્યારના યૌવનધનને એ જાણીને આશ્ચર્ય થશે કે આઝાદી પ્રાપ્તિ બાદ પણ આ સદીના ૧૯૫૧ ના છઠ્ઠા દાયકાના પ્રારંભ સુધી ત્યારની એસ.એસ.સી. (મુંબઈ રાજયના પૂના ખાતેના એસ.એસ.સી. બોર્ડની) પરીક્ષા (Entrance) (હાલના સળંગ અગિયારમાંની, જે ત્યારે ૪ ગુજરાતી ૭ અંગ્રેજી ૧૧ ધોરણ બાદ લેવાતી) તેમજ તેની જ સમકક્ષ મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા ત્યારનું પૂના ખાતે. નવું એસ.એસ.સી. બોર્ડ અસ્તિત્વમાં આવ્યા પહેલાની કે જે છેલ્લે માર્ચ ૧૯૫૧ ના વર્ષમાં લેવાયા બાદ બંધ કરવામાં આવી) નું કેન્દ્ર જામનગરમાં નહોતું. હાલ તો ઠેર ઠેર તાલુકા મથકોએ પણ આવા કેન્દ્ર સ્થપાયા છે.

આ બન્ને પરીક્ષાઓ અલગ અલગ કે એક સાથે (તારીખ જુદી જુદી નકકી થતી) બન્ને આપી શકાતી અને ગમે તે એકમાં પણ ઉત્તીર્ણ થનારને ઉચ્ચત્તમ શિક્ષણ સંસ્થા (College) ના પગથિયાં ચડવાની છૂટ રહેતી. ત્યારની એક આગવી બાબત એ હતી કે તે પરીક્ષાના વિષયો : ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન (Physics - Chemistry)અને ગણિત (Algebra - Geometry) મુકરર જ રહેતાંઅને બધામાં ઉત્તીર્ણ થવું ફરજિયાત હતું. કોઈપણ જાતના વિકલ્પની છૂટ ન હતી અને કદાચ તેથી બધા જ પરીક્ષાર્થીઓનું શૈક્ષણિક સ્તર ઊંચું રહેતું. એ સમયે પ્રશ્નપત્રો પણ અંગ્રેજીમાં જ નીકળતાં અને શિક્ષણની પધ્ધતિ ત્રિસ્તરીય હતી : ગુજરાતી ૧ થી ૪ પ્રાથમિક, અંગ્રેજી ૧ થી ૪ મધ્યમા (Middle School) અને અંગ્રેજી ૫ થી ૭ ઉચ્ચત્તર (High School), S.S.C. - Matriculation પરીક્ષા પહેલાં પ્રિલિમિનરી (Preliminary) પરીક્ષા શાળા સ્તરે લેવાતી અને તેના પરિણામ પરથી જે તે બોર્ડ – યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવાની છૂટ મળતી. ઘણી વખત નબળાં પરિણામવાળાને તેમાં બેસવાનું ફોર્મ અટકાવવામાં આવતું. અત્યારે તો આવી બધી બાબતો દંતકથા સમાન જ લાગે.

૧૯૫૧ ના માર્ચ સુધી અમારી ૧૭ – ૧૮ વર્ષ વય જૂથના પરીક્ષાર્થીઓને નજીકના રાજકોટ કેન્દ્ર ખાતે આવી પરીક્ષા આપવા જવા પૂર્વેની એક રસમ પણ જાણવા માણવા જેવી છે : અહીંથી ત્યાં રવાના થતા પૂર્વે કપાળમાં કંકુ – ચોખાનો ચાંદલો, હાથમાં શ્રીફળ અને સાકરનો પડો, સામું શુકન જોવું, વડીલોના આશીર્વાદ મેળવવા, પગે લાગવું, શેરી – ગલ્લીના નાકા સુધી પરિવારના સભ્યો દ્વારા વળામણાં. એ બાદ વિદાય જાણે કે જંગે ચડવા થઈ રહ્યા હોય! આ પરીક્ષામાં ઉત્તીર્ણ થતા બધાના પરિણામો વર્તમાનપત્રોમાં અવશ્ય છપાતા.

જે શહેરમાં આવું અમથું પરીક્ષાનું કેન્દ્ર પણ ન હોય, ત્યાં ઉચ્ચત્તમ શિક્ષણની અન્ય સવલતો કયાંથી સંભવે ?

આવા શિક્ષણક્ષેત્રે ઘોર અંધકારમય વાતાવરણમાં તે વખતના રૂઢિચુસ્ત સમાજ વચ્ચે, કન્યા કેળવણી વિશે તો વિચારી જ કયાંથી શકાય ?

તેમ છતાં આજ સમયમાં જામનગરમાં આંગળીને વેઢે ગણી શકાય તેટલી સંખ્યામાં મેટ્રિક સુધીનો અભ્યાસ પૂર્ણ કરીને કન્યા રત્નોએ પોતાનો ઝગમગાટ કરી દેખાડેલો, જે સર્વેના નામ હું મેળવી શક્યો ન હોય, આજ અજ્ઞાત રહેવા પામ્યા છે, તેમ છતાં તે સર્વેને અત્રેથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ અને વંદીએ.

આવી આ નિમ્ન સંખ્યામાંય જામનગરના બબ્બે કન્યારત્નોએ તો આગળ અભ્યાસ કરીને, ઉચ્ચત્તમ શિક્ષણની સ્નાતક–અનુસ્નાતકની પદવી પણ હાંસલ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે, જેઓના નામ અત્રે પ્રકાશમાં લાવવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. જેઓ છે : (૧) શ્રીમતી મંજુલાબેન દવે (૨) શ્રીમતી ડો. લીલાબેન સાઠયે.

આ બન્નેની યશસ્વી જીવનયાત્રા હાલના યૌવનધનને અને તેમાંય તે ખાસ કરીને યુવતીઓને પ્રેરણારૂપ અને સુરગૃહના અકલ્પનિય સહકારની જ દેન છે, તેમ કહું તો અયોગ્ય નહી લેખાય.

## (૧) શ્રીમતી મંજુલાબેન દવે :

શ્રીમતી મણીબેન અને શ્રી મણીશંકર અંબારામ રાવલના આ સુપુત્રી અતિ તેજસ્વી કારકિર્દી ધરાવે છે. જેણીએ ગુજરાતી પહેલાંથી ચાર ધોરણ અને અંગ્રેજી પહેલાંથી છઠ્ઠા ધોરણ (I to VI[th]) (હાલના સળંગ પાંચ થી દસમાં ધોરણ) સુધીનો અભ્યાસ મહાલક્ષ્મી ચોકમાં આવેલી તે વખતની મીડલ સ્કૂલ – કન્યાશાળા (સ્થાપના : ૨૭–૨–૧૮૮૭ હાલની પ્રાથમિક કન્યા શાળા છે ત્યાંની જૂની ઈમારતમાં જ હાલ નવી ઈમારત નિર્માણ પામી છે) માં પૂરો કરેલો અને મેટ્રિક (હાલનું સળંગ ૧૧ મું ધોરણ) નો અભ્યાસ નવાનગર હાઈસ્કૂલમાં પૂરો કરેલો, એક ને ફકત એક જ વિદ્યાર્થિની તરીકે, બાકીના બધા જ વિદ્યાર્થીઓ સાથે, સહ શિક્ષણ ધોરણે, કારણ કે તે સમયે મહાલક્ષ્મી ચોક શાળામાં તે અંગે સુવિધા નહોતી તેમજ શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ હજુ અસ્તિત્વ ધરાવતી નહોતી.

તેણીએ મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક (Entrance)ની પરીક્ષા ત્યાંથી ૧૯૩૧માં પસાર કરેલી. એ જ વર્ષમાં લગ્નગ્રંથીથી જોડાયા બાદ તે સમયે અકલ્પનિય બાબત ગણાય એ રીતે સુર ગૃહના નિવાસેથી જ ૧૯૩૭ની સાલમાં બહારની વિદ્યાર્થિની તરીકે મુંબઈ સ્થિત કર્વે મહિલા યુનિવર્સિટી (S.N.D.T. University)માંથી તેણી બી.એ. પસાર કરીને સ્નાતક બન્યાં.

આ થઈ તેણીની સિધ્ધિની વાત. હવે કરીએ થોડું તેણીના બન્ને કુટુંબોનું દર્શન. તેણીના પિતાશ્રી ઉચ્ચશિક્ષણ પ્રતિભા ધરાવતા હતા. બી.એ., બી.ટી. થયેલા તેમજ સંસ્કૃતના વિશેષજ્ઞ (Scholar) હતા. જેઓશ્રી નવાનગર હાઈસ્કૂલમાં આચાર્ય પદે ૧૯૨૯ થી ૧૯૩૯ ની સાલ સુધી અને ત્યારબાદ છેક મૃત્યુપર્યંત નવાનગર રાજ્યના શિક્ષણાધિકારીના પદ પર રહેલાં.

તેણીના પતિ શ્રી જયંતિલાલ દેવશંકર દવે, બી.એસસી., એલએલ.બી. થયેલા, લગ્ન બાદ અભ્યાસ ચાલુ રહેલો અને તે પછી બ્રિટીશ હકુમત હેઠળ સુરેન્દ્રનગર ખાતે એજન્સીમાં, ત્યાંથી મીઠાપુરમાં ટાટા કંપની ખાતે, એ બાદ સિકકાની ડી.સી.સી.ની સિમેન્ટ ફેકટરીમાં અને છેલ્લે જામનગર ખાતેની ધી નવાનગર ઈલેકટ્રીક સપ્લાય કંપની (NESCO)માં તેઓએ નાણા સંબંધી (Financial) વિભાગમાં છેક નિવૃત્તિ સમય સુધી ફરજ બજાવેલી.

તેણીના સુર રાવ બહાદુર (ઈલ્કાબ) દેવશંકરભાઈ જયકૃષ્ણ દવે પણ એક અતિ તીવ્ર બુધ્ધિ પ્રતિભા અને ઉજજવળ કારકિર્દી ધરાવતા હતા અને મુંબઈ યુનિવર્સિટીની એડવોકેટની (એ સમયે LL.B. નહોતું કહેવાતું) પદવી સમગ્ર યુનિવર્સિટીમાંથી પ્રથમ વર્ગમાં પ્રથમ (First Class, First) આવીને હાંસલ કરેલી.

તે સમયના વાંકાનેર અને રતલામના દેશી રજવાડામાં દિવાન પદે આરૂઢ થયેલાં. ધ્રાંગધ્રા રાજ્યમાં સર ન્યાયાધીશનું પદ પણ શોભાવેલું. તદ્‌ઉપરાંત ત્યાંજ તે સમયના રાજવી શ્રી ઘનશ્યામસિંહજીના સલાહકાર (Advisor) તરીકે પણ ફરજ બજાવેલી. રાજકોટના તે સમયના રાજવી શ્રી ધર્મેન્દ્રસિંહજી સગીર હતાં, બ્રિટીશ સરકારે તેઓની નિમણુંક અન્ય એક મહાનુભાવ શ્રી શ્રોફ સાથે જ ત્યાંના Regent (રખેવાળ) તરીકે કરેલી.

આવા બન્ને માતૃ–પિતૃ પક્ષ અને સુર પક્ષે ઉચ્ચ પ્રતિભા ધરાવતા મંજુલાબેન દવેએ મહિલા કલ્યાણ પ્રવૃત્તિઓ મહિલાઓમાં શિક્ષણનો વ્યાપ વધારવો, જાગૃતિ લાવવી, કાર્યકુશળતા વધારવી, આત્મવિ ાસ જગાવવો, નિર્ભયતાનું સિંચન કરવું વગેરેની શુભ શરૂઆત ૧૯૪૫ ની સાલથી પ્રથમ સેતાવાડ પાસે આવેલી શ્રી ગુલાબકુંવરબા ઈન્ફન્ટ વેલફેર સેન્ટરમાંથી અને બાદમાં તેનું રતનબાઈ મસ્જિદ પાસે આવેલા છબલભાઈ બિલ્ડીંગ (મહિલા મંડળ) માં સ્થળાંતર કરેલું.

એ બાદ તેથી તા. : ૧–૧૧–૧૯૫૫ માં જામનગર ખાતે ભારતના પ્રથમ પ્રધાનમંત્રીશ્રી જવાહરલાલ નહેરુના કરકમળ દ્વારા

શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહની શિલારોપણવિધિ સંપન્ન કરાવવાથી લઈને છેક આજપર્યંત ૮૪ વર્ષની જૈફ ઉમરે પણ મહિલા કલ્યાણ પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠપણે અને સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે.

તેણીએ પોતાના બધા જ સંતાનોને પણ પુત્ર–પુત્રીના ભેદ વિના જ ઉચ્ચત્તમ શિક્ષણ પ્રદાન કરાવીને, સ્નાતક અનુસ્નાતકની પદવીઓ પ્રાપ્ત કરાવી છે.

જેણી સાથેની મુલાકાત દરમિયાન જામનગરની એક કમનસીબીની વાત પણ જાણવા મળી, જે અત્રે રજૂ કરું છું.

ગુજરાત સરકારની સ્થાપના બાદ ૧૯૬૪ ના વર્ષમાં શ્રી બળવંતરાય ગો. મ્હેતાના મુખ્યમંત્રીશ્રીના પદ દરમિયાન સૌરાષ્ટ્ર માટે અલગ યુનિવર્સિટી સ્થાપન સમિતિની રચના વિધાનસભાના વિધેયક અનુસાર કરવામાં આવી, જેમાં શ્રીમતી મંજુલાબેન દવેની ધારાસભ્યના નાતે અને શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડની કેળવણી ક્ષેત્રના તજજ્ઞ તરીકે સભ્યો તરીકે નિમણુંક કરવામાં આવેલી.

આ સમિતિએ ભાવનગર, રાજકોટ અને જામનગર વચ્ચે પસંદગી કરવાની હતી. એ અનુસાર સમિતિ જાત નિરીક્ષણ અર્થે જામનગર આવેલી.

મુખ્ય મથક માટે જામનગરની પસંદગી તેની સંલગ્ન બાબતોની ચકાસણી બાદ લગભગ સમિતિએ નકકી કરી લીધી હતી. સમિતિએ યુનિવર્સિટીનું મુખ્ય મથક ભવ્ય બને. એ માટે તે વખતના જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી પાસે તેમની અંગત ઈમારત પ્રતાપવિલાસ પેલેસની માંગણી મૂકેલી, જે માટે તેઓ સંમત ન થયા.

ફળસ્વરૂપ આવી આદર્શ સંસ્થા મેળવવાનું ભાગ્ય જામનગરના લલાટેથી ઝૂંટવાઈ ગયું અને તે ભાવનગર રાજકોટ વચ્ચે ૧૯૬૭–૧૯૬૮ માં વહેંચાઈ જઈને એકમાં ભાવનગર યુનિવર્સિટી અને બીજામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રૂપે સ્થપાયું અને તેમાં વિશિષ્ટતા એ રહી કે તે માટે સરકારે ત્યાં કોઈ પૂર્વ શરત મૂકી નહોતી.

આવો જ જામનગરના ફૂટેલા ભાગ્યનો અન્ય કિસ્સો ૧૯૫૬ ની સાલમાં જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીના સૌરાષ્ટ્ર રાજયના રાજપ્રમુખપદ હેઠળ જ સર્જાવા પામેલો જે નીચે રજુ કરું છું :

આ સાલમાં પશ્ચિમ રેલ્વે પર વિભાગીય મથકોની સ્થાપનાની યોજના હેઠળ જે તે વિભાગના મુખ્ય મથકોની પસંદગી કરવા અંગે રેલ્વેએ એક સમિતિ નીમેલી. આ માટે જામનગરનો દાવો મજબૂત હતો કારણ કે ત્યાં રેલવેની વહીવટી કચેરીઓ છેક રેલ્વેના પ્રારંભથી જ હતી. ત્યારે પણ જામનગરને આવું વિભાગીય મુખ્ય મથક આપવા માટે રેલ્વેએ જામસાહેબ પાસે પ્રતાપ વિલાસ પેલેસની માંગણી કરેલી. અને એ વખતે પણ શ્રી દિગ્વિજયસિંહજીએ અશક્તિ દર્શાવેલી. ફળસ્વરૂપ જામનગરને એ મથક આપવાને બદલે જામનગરમાંથી વિદ્યમાન વહીવટી કચેરીને સ્થળાંતર કરીને રાજકોટમાં વિભાગીય મથકની સ્થાપના કરવામાં આવી અને તે પણ એ માટે રાજકોટ પાસે કશી પૂર્વ શરત મૂકયા સિવાય. વિચિત્રતા એ છે કે રાજકોટની પસંદગી કરતી વેળાએ ત્યાં રલ્વેની શરૂઆતથી જ કોઈ વહીવટી કચેરી નહોતી છતાં ત્યાં આ મથક સ્થપાયું.

અહીં જામનગરને સદા આવી અન્યાયી પરંપરાનો અનુભવ કરવો પડે છે તેને માટે જો કોઈ જવાબદાર હોય તો તે ફકત કેન્દ્ર અને રાજય સરકારમાં જે તે સમયે બિરાજતા મહાનુભાવો જ છે. અહીં એક વિચિત્રતા એ દર્શાવું કે જામનગરને કેન્દ્ર કે રાજય સરકાર દ્વારા કંઈ પણ આપવાનું હોય ત્યારે તેને માટે પૂર્વ શરતો મૂકવામાં આવે છે. તેની વિરુધ્ધ ભાવનગર, રાજકોટને બધું જ વિના શરતે આપી દેવામાં આવે છે. આવી પરંપરા હજુ આટલા વર્ષે પણ સતત ચાલુ રહી છે, જે વિષે આગળ ઉપર પણ થોડું જોઈશું. (સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મુખ્ય મથકની પસંદગીમાં આપણી સ્વીકૃત ગ્રામ્ય પ્રદેશને પ્રાધાન્યની નીતિ અનુસાર અલિયાબાડાને ખ્યાલમાં રાખવા મેં એક ખાસ લેખિત સૂચન તા. ૨૭–૨–૧૯૬૪ ના રોજ એ સમયે શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડ ('ડો.કાકા' તખલ્લુસ) દ્વારા એ આદર્શ મુજબ જ સ્થપાયેલા શૈક્ષણિક સંકુલનું દશ્ય મારા દષ્ટિપથમાં રાખીને જ કરેલું, જેની નકલ આજ પણ મારી પાસે મોજુદ છે.

## (૨) શ્રીમતી ડો. લીલાબેન સાહ્યે :

શ્રીમતી જાનકીબેન અને શ્રી વિશ્વનાથ ગણેશ માંડકેના આ સુપુત્રી પણ અતિ તેજસ્વી કારકિર્દી ધરાવે છે.

તેણીએ જામનગરમાં ગુજરાતી ધોરણ ૪ સુધી આણદાબાવા ચકલામાં આવેલી તાલુકા શાળા (સ્થાપના તારીખ ૨૯–૫–૧૮૫૨) માં અને એ બાદ અંગ્રેજી ૩ (એટલે કે III, હાલનું સળંગ સાતમું) ધોરણ સુધીનો અભ્યાસ મહાલક્ષ્મી ચોકમાં આવેલી કન્યાશાળામાં (સ્થાપના : ૨૭–૨–૧૮૮૭ જૂની ઈમારતમાં હાલ નવી ઈમારત બની છે) કરેલો. એ બાદ તેણીના

પિતાશ્રીને મુંબઈ જવાનું થતાં ત્યાં સ્થાયી થઈને આગળનો અભ્યાસ કરેલો અને મુંબઈ યુનિવર્સિટીના મેટ્રિક (Entrance) ની પરીક્ષા ૧૯૪૦ની સાલમાં પસાર કરેલી.

ત્યાં જ જે. જે. હોસ્પિટલ સંલગ્ન ગ્રાન્ટ મેડીકલ કોલેજમાંથી ૧૯૪૭ની સાલમાં એમ.બી.બી.એસ.ની પરીક્ષા પસાર કરી ડોકટર બન્યા. પશ્ચાદ એક બાળકના જન્મ બાદ, ત્યાંથી જ ૧૯૫૧ ની સાલમાં એમ.ડી. (ગાયનેક) બનીને સ્ત્રી રોગ નિષ્ણાત બન્યા.

તેણીના પિતાશ્રી એક વિશેષ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેઓશ્રીની કાબેલિયત પારખીને જૂના નવાનગર રાજ્યના તે વખતના જામસાહેબ શ્રી રણજીતસિંહજી (પ્રિન્સ રણજી) એ મુંબઈથી તેઓશ્રીને પોતાના શાસનકાળ દરમિયાન અહી બોલાવીને રાજ્યના બાગાયત અને કૃષિ નિષ્ણાત તરીકે નિમેલા. તેઓશ્રીને બંગલો પણ જામસાહેબે પોતાની અંગત વપરાશની વિશાળ જાગીર – જમીનના ગૌશાળા વિસ્તારમાં આપેલો જે તુલસીદાસ ગાર્ડન્સ તરીકે ખૂબ જ વિખ્યાત થયેલો. તેઓશ્રીએ આ બાગ એટલો નમૂનેદાર ને આકર્ષક રીતે વિકસાવેલો કે તેની મુલાકાતે રાજ્યના બહારથી પધારતા ખાસ મહેમાનો સુધ્ધાં અવારનવાર અવશ્ય આવતા.

હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના કમ્પાઉન્ડને અડીને તળાવની પાળ તરફના ઢાળીયા પાસે આવેલું શ્રી વિશ્વનાથ વ્યાયામ પ્રચારક મંડળ પણ તેઓશ્રીની દેન છે. તદુપરાંત તેઓશ્રીની જહેમતના ફળસ્વરૂપ બેડે રમાં બરાબર મહાદેવશ્રીના મંદિરની સામે જ આવેલ જૂની બેડે ર કોટન અને વુલ પ્રેસીંગ કંપની (પહેલાં શેઠ લાલજી નારણજીની કંપની કહેવાતી) વાળી જગ્યાએ ત્યાં ૧૯૨૫ની સાલ આસપાસ એક આદર્શ સ્નાનાગાર બેડે ર સ્નાન મંદિર નામે આકાર પામેલું જેનો ભરપૂર લાભ તે સમયે શહેરમાંથી સાયકલ ઉપર આવીને સોથી દોઢસો યુવકો દરરોજ પ્રાતઃ સમયે લેતા. બાદમાં યુવતીઓ માટે પણ ત્યાં બપોરના સમયે એ માટે અલાયદી વ્યવસ્થા થયેલી. આનો લાભ લેનારને બહુ નજીવું સૌને પોસાય તેટલું પ્રતિકરૂપ શુલ્ક (ટોકન ફી) રખાયેલું.

પ્રતાપવિલાસ પેલેસ નજીકનું હાલમાં વિદ્યમાન શ્રી ગુરૂ દત્તાત્રેય ભગવાનનું જૂનું મંદિર પણ તેઓશ્રીની જ દેન છે.

(જામ સાહેબની અંગત વપરાશની વિશાળ જાગીર – જમીનની ચતુર્સીમા આ મુજબ હતી : સાત રસ્તાથી લઈને સરૂ સેકશન રોડના અંત ભાગે હાલ આવેલ પેટ્રોલપંપ (બેડી રોડના ત્રિભેટે) સુધી અને ત્યાંથી શરૂ કરીને છેક ડી.કે.વી. કોલેજ, ધન્વન્તરી મંદિર, દાંડીયા હનુમાનના મંદિરથી લઈને છેક પાંચ બંગલા પાસે આવેલા ગુરૂદ્વાર પાસેના જૂના રેલ્વે ફાટક (હાલના ઈન્દિરા માર્ગનો ટ્રાફિક ચોક) સુધી (વચ્ચે ડી.કે.વી.કોલેજ પાસે અને દાંડીયા હનુમાન પાસેના હાલ માર્ગ છે તે સિવાય) અને છેલ્લે છેક ત્યાંથી ફરીને સાત રસ્તામાંના જામબંગલા સુધીનો, જેને ફરતી આકર્ષક દિવાલ અને વચ્ચે મોટા મોટા કલાત્મક લોખંડના ઝાંપાઓ હતા. કાળક્રમે હવે તે બધું ગઈકાલની સ્મૃતિ બની ગયું છે. આ જાગીર – જમીનમાં ઠેર ઠેર પાકા બાંધેલા વાવ જેવા પહોળા સજળ કુવાઓ હતા, જેમાંના થોડા હજુ પણ છોડી દેવાયેલી ખાલી જમીનમાં જોવા મળે છે)

૧૯૩૩ની સાલમાં જામશ્રી રણજીતસિંહજીના અવસાન સાથે જ લગભગ તેઓશ્રી મુંબઈ ચાલ્યા ગયેલા અને આઝાદી બાદ ફરીને સૌરાષ્ટ્ર સરકાર સ્થપાતાં ત્યાંરાજકોટ ખાતે કૃષિ ખાતામાં જોડાયેલા અને ત્યાંથી છેલ્લે તેઓશ્રી ડેપ્યુટી ડાયરેકટર ઓફ એગ્રીકલ્ચર તરીકે નિવૃત્ત થયેલા.

કુમારી લીલાબેન ૧૯૪૯ ની સાલમાં આંખના નિષ્ણાત ડોકટર શ્રી વિજય દિનકર સાઠયે સાથે લગ્નગ્રંથીથી જોડાયા. ડો. વિજય સાઠયેને ૧૯૪૬ ની સાલમાં તે વખતના જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી પોતાના અંગત આંખના ડોકટર તરીકે મુંબઈથી લાવેલા.

આઝાદી બાદ ૧૯૪૭માં ડોકટર સાઠયે સૌરાષ્ટ્ર રાજ્યમાં ઈરવીન હોસ્પિટલમાં આંખના નિષ્ણાત તરીકે જોડાયેલા અને છેક ૧૯૫૪ ની સાલ સુધી ત્યાં સેવા આપેલી. ત્યાંથી ૧૯૫૬ની સાલમાં જૂનાગઢ ખાતે આંખના નિષ્ણાત તરીકેની બદલી થઈ ગયા બાદ ત્યાં સેવા આપીને તે જ વર્ષમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને જામનગર પરત આવ્યા.

અહીયા પોતાની આંખની અંગત હોસ્પિટલનો પ્રારંભ તેઓશ્રીએ ત્રણબતી ચોકમાં કરેલો અને છેક જીવનના અંતિમ દિન તા. ૨૦–૭–૧૯૭૧ ના આગલી સંધ્યા સુધી પોતાની યશસ્વી કારકિર્દીને જીવંત રાખેલી. (નેત્રરોગ નિષ્ણાત તબીબની સતત ત્રીજી પેઢી–હેટ્રીક એવા તેઓશ્રીના સુપુત્ર શ્રી ડો. વિલાસ સાઠયે શ્રી એમ.પી.શાહ મેડીકલ કોલેજમાંથી આંખના નિષ્ણાત થઈને, ત્યાંથી જ ૧૯૮૪ ની સાલમાં એસોસીએટ્ પ્રોફેસર તરીકે સેવાની શરૂઆત કરી અને ત્યાંથી ૧૯૮૭ ના વર્ષમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને તે જ વર્ષે નવેમ્બર માસમાં પોતાના સદ્ગત પિતાશ્રીની હોસ્પિટલમાં જ પોતાની નવી કારકિર્દીનો પ્રારંભ કર્યો)

ડોક્ટર વિજય સાઠયેના અંગત કીર્તિમાનોમાં ગણતરી કરીએ તો તેઓશ્રીએ હાલ દેશમાં જે રીતે ઠેર ઠેર નેત્ર યજ્ઞો યોજાય છે તે જ રીતે ઈરવીન હોસ્પિટલના તબીબ તરીકે તેના નેજા હેઠળ, આવા જરૂરતમંદ લોકો માટેના કાર્યક્રમોનો પ્રારંભ કરવામાં પોતાનું સંપૂર્ણ યોગદાન આપેલું તેમજ ઈરવીન હોસ્પિટલની સેવા દરમિયાન જ પોતાના નિવાસસ્થાનેથી સૌરાષ્ટ્ર – કચ્છ ઓપ્થેલ્મીક એસોસીએશનનો પાયો નાખેલો.

શ્રીમતી લીલાબેન સાઠયેના સુર શ્રી દિનકર સાઠયે પણ પોતાના સમયમાં મુંબઈમાં નેત્ર રોગ નિષ્ણાત ડોક્ટર અને મુંબઈ ખાતે ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મીક એસોસીએશનના સ્થાપક પણ હતા. તેઓશ્રી ભારતના સ્વાતંત્ર સંગ્રામના અડીખમ યોધ્ધા એવા મહાન દેશભક્ત લોકમાન્ય બાળગંગાધર ટિળક સાથે નજીકના કૌટુંબિક સંબંધોથી જોડાયેલા પણ હતા.

આવી બન્ને પક્ષે યશસ્વી કારકિર્દી ધરાવનાર શ્રીમતી લીલાબેન સાઠયેની સેવાની નોંધ પણ અહીં લેવી જ રહી. તેણીની નિમણુંક ૧૯૫૪ ની સાલમાં ઈરવીન હોસ્પિટલમાં સ્ત્રી રોગ નિષ્ણાત તરીકે થયેલી અને ત્યાંથી બહુ જ થોડા સમયમાં પોતાના પતિ સાથે જ જૂનાગઢ બદલી થતાં ત્યાં ગયા અને ૧૯૫૬ ની સાલ સુધી ત્યાંરહી લોકપ્રિયતા પામીને પોતાના પતિ સાથે જ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને જામનગરમાં આયુર્વેદ કોલેજ – હોસ્પિટલમાં સ્ત્રી રોગ નિષ્ણાત તરીકે સેવા આપીને બાદમાં પોતાના અંગત વ્યવસાયનો પ્રારંભ કર્યો કે જે આજપર્યંત પોતાની ૭૬ વર્ષની જૈફ ઉમરે પણ ચાલુ જ છે.

તેણીએ પણ શ્રીમતી મંજુલાબેનની માફક જ પોતાના બધા જ સંતાનોને પુત્ર–પુત્રીના ભેદ વિના ઉચ્ચત્તમ શિક્ષણ પ્રદાન કરાવીને, સ્નાતક, અનુસ્નાતકની પદવીઓ પ્રાપ્ત કરાવી છે જે માંહેની મોટા ભાગે તબીબી શાખાની છે.

એક શિક્ષિત સ્ત્રી, સો શિક્ષક સમાન છે ને આ બન્ને મહિલા રત્નોએ પોતાના જીવન થકી ચરિતાર્થ કરી બતાવ્યું છે.

'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા', એવી આ આપણી ભવ્ય પુરાણી સંસ્કૃતિ આજ આઝાદી બાદથી સુવર્ણ જયંતી વર્ષ સુધીમાં કેવી દૈદીપ્યમાન રહેવા પામી છે, તે વિચારણીય પ્રશ્ન છે.

આઝાદી પૂર્વે શિક્ષણક્ષેત્રે આપણે ત્યાં કેટલી પછાત પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે આપણે ઉપર જોયું. આવી પરિસ્થિતિ વચ્ચે ભણતર કરતાં ગણતરનું સ્તર એ સમયે અતિ ઊંચું હતું. ફળસ્વરૂપ સુદીર્ઘ આઝાદી સંગ્રામ દરમિયાન કેટકેટલી વિરાટ વિભૂતિઓના અવતાર આપણે ત્યાં આવી જ સ્ત્રીઓની કૂખે થવા પામ્યા છે, જે હકીકત સુવિદીત જ છે.

આજ હવે પહેલાંના સમયની તુલનાએ જણતર અને ભણતર પ્રત્યે આટઆટલી સભાનતા પ્રવર્તતી હોવા છતાં આઝાદી બાદ આપણે ગણતર પ્રત્યે સંપૂર્ણ બેખબર રહ્યા અને આજ પરિસ્થિતિ એવી આવી કે આપણા ભવ્ય ભૂતકાળમાં માતાઓની કૂખે જે વિરાટ વિભૂતિઓ અવતાર લેતી તેને બદલે હવે આજ ઠેર ઠેર વ્હેંતિયાઓની વણઝાર ચાલતી દેખાય છે.

આવી દુઃખદ પરિસ્થિતિ માટે અત્રે સખેદ નોંધવું જ રહ્યું કે આજ ગર્ભસ્થ તેમજ ઉછરતા શિશુ ઉપર ઉચ્ચ સંસ્કારો પડે તેવી આપણી પુરાણી રીતરસમોને સદંતર તિલાંજલી દેવામાં આવી છે અને તેનું સ્થાન આજ કહેવાતી શિક્ષિત સ્ત્રીઓમાં ચમક દમક, મોજ શોખ અને એશો આરામની જિંદગીએ લઈ લીધું છે. પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું. આજ દુઃશાસનો, દુર્યોધનો, રાવણો જેવા વ્હેંતિયાઓના બેશરમ નાચ જોવા મળે છે.

જે કર ઝૂલાવે પારણું, તે વિશ્વ પર રાજ કરે જેવા નારી ગૌરવથી અંકિત આપણાં ભવ્ય સંસ્કૃતિદર્શક ઈતિહાસનું સ્થાન આજ આપણે ત્યાં જાણે કે સર્વત્ર નારી દેહની ભૂગોળને આવરણરહિત કરવાની હોડે લીધું હોય તેમ વિશાળ પ્રસાર – પ્રચાર માધ્યમો : ટી.વી., સિનેમા, સામયિકો દ્વારા પ્રજાની નૈતિકતાનું સ્તર વધુ ને વધુ નીચું ઊતરી રહેલું જોવા મળે છે, જેમાં જાણે – અજાણે આજનો કહેવાતો આધુનિક નારી સમાજ પણ સહયોગ આપતો હોય તેમ લજ્જા અને ભૂષણ ને બદલે જાણે કે દૂષણ માનતો હોય તેમ નારી દેહને, લજ્જાની મર્યાદાથી વિંટળાયેલો રાખવાને બદલે જાહેરમાં સુધ્ધાં વધુ ને વધુ આવરણ રહિત પેશ કરવામાં જ આધુનિક્તા સમજતો થઈ ગયો છે.

ફળસ્વરૂપ જૂનવાણી કહેવાતા યુગની મહિલાઓ કરતાં પણ આજના કહેવાતા પ્રગતિશીલ આધુનિક યુગની મહિલાઓનું શોષણ વધુ ને વધુ થઈ રહ્યું છે, તેમ નથી લાગતું શું ? અરે ! એટલે સુધી કે કૂમળી કળી સમ નાની નાની બાલિકાઓ સુધ્ધાં પણ હવે તો શિકાર બનતી ચાલી છે. હવે સમાજ ક્યારે જાગૃત થશે ?

હવે તો પ્રભુને એટલુંજ પ્રાર્થવું રહ્યું કે આપણા ભવ્ય ભારતને પુનઃ પૂજ્ય મહાત્મા ગાંધીના સત્ય – અહિંસા પ્રેમ ને માર્ગે પ્રેરે. આ થઈ થોડી આડવાત જામનગરના તે સમયના નારી રત્નોની, હવે આવીએ મૂળ મૂદ્દે શિક્ષણ ક્ષેત્ર અંગેના.

જૂના નવાનગર (જામનગર) રાજ્યમાં આધુનિક શિક્ષણ પ્રણાલી (એટલે કે બ્રિટીશરોની સ્થાપિત) ક્ષેત્રે સુવિધાઓનું પ્રદાન

મુખ્ય ત્રણ રાજવીઓ સર્વશ્રી જામ વિભાજી, જામ જશાજી અને જામ રણજીતસિંહજીના શાસનકાળ દરમિયાન રહેલું છે, જેમાંના શ્રી જશાજી બહુ જ અલ્પ સમય માટે શાસનધૂરા સંભાળી શકતાં, તેમના ભાગે આવું કોઈ યોગદાન નોંધાયેલું નથી.

આ પ્રદાન પણ ફક્ત ઉચ્ચત્તર કક્ષા (માધ્યમિક) પૂરતું જ સીમિત રહેલું છે. ઉચ્ચત્તમ કક્ષા (કોલેજ) એ તો મોટું મીંડુ જ રહેવા પામ્યું છે.

**આ રહી તે ઉચ્ચત્તમ શિક્ષણ સંસ્થાઓ :**

**(અંગ્રેજી I[st] થી IV[th] અને V[th] થી VII[th] એટલે કે મેટ્રીક - Matric - Matriculation)**

(૧) ધી નવાનગર હાઈસ્કૂલ (V[th] થી VII[th] - મેટ્રીક) : આરંભ ૧૮૭૬ : પ્રથમ આચાર્યપદે. શ્રી એન.આર.મહાગોવલકર (૧૮૭૬–૭૯) રહેલા.

(૨) ધી વિભાજી ઈંગ્લીશ સ્કૂલ (I[st] થી IV[th]) : આરંભ – ૧૮૯૫

(૩) મા શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ (I[st] થી VI[th] સુધી જ) : સંયુક્ત નામ મા શ્રી સજુબા સાહેબ લેડી વિલીંગ્ડન ગર્લ્સ હાઈસ્કૂલ થી તા. ૧૨–૧–૧૯૩૬ ના રોજ આરંભ થયો. તે સમયના જામ સાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ, મરહૂમ જામ સાહેબશ્રી રણજીતસિંહજીનું સ્વપ્ન આ શાળાનું બાંધકામ રૂા. ૪,૭૯,૦૦૦.૦૦ ના કુલ ખર્ચથી કરીને સાકાર કર્યું.

આ શુભ પ્રસંગ ઉપર ઉપસ્થિત રહેલા મહાનુભાવો હતા તે સમયના હિન્દુસ્તાનના વાઈસરોય અને ગવર્નર જનરલ અર્લ ઓફ વિલીંગ્ડન, જામનગરના રાજવી જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજી, મહારાણીશ્રી ગુલાબકુંવરબા, પશ્ચિમ હિન્દુસ્તાનના એ.જી.જી. મહારાજશ્રી જુવાનસિંહજી, મોહનસિહજી, આર.કે.પ્રતાપસિંહજી, નવાનગર રાજયના પારસી દિવાન વગેરે વગેરે (શાળા પરના શિલાલેખ આધારિત)

(૪) ધી દિગ્વિજયસિંહજી ન્યુ ઈંગ્લીશ સ્કૂલ : જામશ્રી દિગ્વિજયસિંહજીના શાસનકાળમાં૧૯૩૮ની સાલમાં આરંભ. (I[st] થી IV[th])

આ પછી છેક આઝાદી પ્રાપ્તિના વર્ષ ૧૯૪૭ થી છઠ્ઠા દાયકાના પ્રારંભના વર્ષ સુધીમાં ફક્ત આવી બે જ સંસ્થાઓ નીચે મુજબ અસ્તિત્વમાં આવી અને તે પણ ખાનગી ટ્રસ્ટો દ્વારા જ.

(૧) શ્રી આર્ય સમાજ સંચાલિત – શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય આરંભ ૧૯૪૭.

(૨) શ્રી જામનગર એજ્યુકેશન સોસાયટી સંચાલિત – શ્રી નેશનલ હાઈસ્કૂલ : આ સંસ્થાનો આરંભ થયેલો ફક્ત ૯ વિદ્યાર્થીની જ સંખ્યાથી તા. ૧–૮–૧૯૫૧ થી.

તે વખતના કાઠિયાવાડમાંના અન્ય બે મોટા ગણાતા દેશી રાજયો : જુનાગઢ–ભાવનગરની તુલનાએ ત્રીજું મોટું ગણાતું નવાનગર (જામનગર) રાજય ઉચ્ચત્તમ શિક્ષણ (કોલેજ) ક્ષેત્રે અંધકાર યુગમાં જ આળોટતું હતું. તેવામાં ત્યાં એકાએક આશા કિરણ પ્રગટતું દશ્યમાન થયું લગભગ ૧૯૩૪–૩૫ ની સાલ દરમિયાન. પરંતુ તે પણ અલ્પજીવી નીવડયું, જેમાં બન્યું એવું કે એ અરસામાં ભાવનગર રાજયની શ્રી શામળદાસ કોલેજના પ્રધાનાચાર્ય ડો. શ્રી આર.કે.યાજ્ઞિક, M.A., Ph.D., (London) ત્યાંથી નિવૃત્ત થયા. તેઓશ્રી મૂળ શિક્ષણનો જીવ હતાં, તેમને વિચાર સ્ફૂર્યો કે. હું મારી શૈક્ષણિક કારકિર્દી ચાલુ રાખવા માટે આર્થિક દ્રષ્ટિએ સક્ષમ એવા અને કોલેજ વિહોણા કાઠિયાવાડના ત્રીજા ગણાતા મોટા રાજય નવાનગરમાં કોલેજ આયોજન માટે જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજી સમક્ષ પ્રસ્તાવ મૂકું.

એ સમયે મુંબઈ રહેલા જામ સાહેબશ્રી દિગ્વિજયસિંહજી સમક્ષ તેઓશ્રીએ રૂબરૂ આ પ્રસ્તાવ મૂકયો. જામસાહેબ આ પ્રસ્તાવ સાથે સંમત થયા અને તેઓશ્રીને વધુ ચર્ચા વિચારણા માટે જામનગર રૂબરૂ આવવાનો સમય ફાળવ્યો.

તે અનુસાર તેઓશ્રી જામનગર પહોંચ્યા અને લાગતી વળગતી સક્ષમ વ્યક્તિ મારફત પોતાના આગમનની જાણ કરતો સંદેશો જામસાહેબને પાઠવ્યો. તેઓશ્રી ત્રણેક દિવસ ત્યાં રોકાયા છતાં મુલાકાત ન થવા પામી અને આમ તેઓશ્રીને નિરાશ થઈને આખરે હારીને, થાકીને ત્યાંથી પરત પોતાને મુકામ જવું પડયું. આવું હતું તે વખતની રાજાશાહીનું રાજકારણ !

આમ છતાં પોતાની યોજનાને મૂર્તસ્વરૂપ આપવા તેઓશ્રી હાર્યા વિના આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા નાનકડા રાજય રાજકોટના ઠાકોરસાહેબને રૂબરૂ મળ્યા અને પોતાનો વિચાર તેઓશ્રી સમક્ષ રજુ કર્યો.

ઠાકોર સાહેબ પોતે તો કોઈપણ જાતની આર્થિક મદદ આપી શકવાની સ્થિતિમાં નહોતા જ. છતાં જરૂરી સંપૂર્ણ રકમ એકઠી કરી આપવામાં પોતાની વગનો સંપૂર્ણ ઉપયોગ કરવાની તેઓશ્રીને ખાત્રી આપી.

ફળસ્વરૂપ કુલ દાનની રકમ રૂા. ૨,૫૦,૦૦૦.૦૦ એકઠી થવા પામી અને રાજકોટ ખાતે શ્રી ધર્મેન્દ્રસિંહજી કોલેજનો પાયો તા. ૭–૧–૧૯૩૬, મંગળવારના રોજ તે સમયના વાઈસરોય અને ગવર્નર જનરલના હસ્તે નંખાયો.

એ બાદ કુલ રૂા. ૧,૫૦,૦૦૦.૦૦ ના ખર્ચે આ કોલેજની ઈમારત ઊભી થઈ જતાં, તે વખતના બ્રિટીશ ઈન્ડિયાના રેસીડન્ટના હસ્તે તા. ૧૬–૧૨–૧૯૩૭ના રોજ તેનો શુભારંભ થયો. (ત્યાંના શિલાલેખ આધારિત)

આમ જામનગરના ભાગ્યમાંથી કોલેજ શિક્ષણ આવતું આવતું સરકી ગયું. (માહિતી : નિવૃત્ત પોસ્ટ માસ્ટરશ્રી પુષ્પકાંતભાઈ આણંદલાલ ત્રિવેદી, જામનગર આયુ ૭૭ વર્ષ)

આવા ઉચ્ચત્તમ શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તતા અંધકારયુગ દરમિયાન ફરીને એકાએક જાણે કે ચમત્કાર થયો હોય તેમ ૧૯૪૧ના (પાંચમા) દાયકામાં પ્રારંભના જ વર્ષે લગભગ એક તેજ કિરણ ફૂટયું અને જામનગરમાં મેટ્રીક પછીના શિક્ષણના દ્વારને ઉજાગર કરવાના શ્રીગણેશ મંડાયા, જો કે જે સંપૂર્ણપણે ઉજાગર તો થયું ૧૯૪૬ ના વર્ષમાં જ.

આ ચમત્કાર એ રીતે થયો કે એ વખતના મહારાણી શ્રી ગુલાબકુંવરબાના મનમાં એકાએક એવો વિચાર સ્ફૂર્યો કે જો મારા શ્વસુર (મહારાજ શ્રી જુવાનસિંહજી દાજી બાપુ તરીકે ઓળખાતા તે રાજવી નહોતા) દેશી વૈદકના જાણકારના નાતે મર્યાદિત સાધનો અને સુવિધાઓ વચ્ચે પણ દેશી દવાઓના પડીકાંઓ વડે તેમની પાસે જતા દર્દીઓને. રોગમુક્ત કરી શકતા હોય તો હું આવડા મોટા રાજયની મહારાણી, આવડી વિશાળ સંપત્તિ ધરાવતા રાજયના શાસન હેઠળ જ શા માટે એ દિશામાં સંશોધન ઈત્યાદી કરાવવાનું યોગદાન ન આપી શકું !

આ વિચાર તેણીએ એ વખતના ધી ઈરવિન હોસ્પિટલના ચીફ મેડીકલ ઓફિસર ડો. શ્રી પ્રાણજીવન માણેકચંદ મહેતા, M.D., M.S., F.C.P.S. (એલોપેથીની વિદેશી ઉચ્ચત્તમ પદવીઓ) સમક્ષ, રાજયના અંગત ને વિ ાસુ ડોકટરના નાતે દોહરાવ્યો અને તેમાંથી જે મોડે મોડે પણ જામનગરમાં મેટ્રીક પછીના શિક્ષણ માટેની સંસ્થા ઊભી થવાનું બીજ રોપાયું.

ડો. શ્રી પી.એમ.મહેતા એક વિશાળ અર્થમાં લઈએ તો પાકકા વાણિયા નીકળ્યા અને વિચારબીજને વટવૃક્ષમાં ફેલાવવાનું જાણે કે તેમણે બીડું જ ઝડપી લીધું હોય તેમ પોતે પાકકા એલોપેથી ડોકટર તેમજ આયુર્વેદનો અ પણ ન જાણતા હોવા છતાં મહારાણી સાહેબાના વિચાર બીજને મૂર્તસ્વરૂપ આપવા કમર કસીને એક પછી એક ક્રમશઃ આયોજન ઘડતા ગયા અને અમલમાં મૂકતા ગયા.

છેલ્લે ૧૯૪૦ થી ૧૯૪૨ ની સાલ આસપાસ એ સમયના સોસાયટી રજીસ્ટ્રેશન એકટ, ૧૮૬૦ હેઠળ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટીની સ્થાપના કરાવીને જ તેઓશ્રી જંપ્યા તેમજ આ સમિતિના સંચાલનની સઘળી જવાબદારી પણ તેઓશ્રીએ ધી ઈરવિન હોસ્પિટલના સી.એમ.ઓ. તરીકેની જવાબદારીની સાથોસાથ જ નિભાવી.

આ સોસાયટીના પેટ્રન–સ્થાપક સભ્યો તરીકેના સર્વાધિકારો આજીવન જામસાહેબ અને મહારાણી સાહેબાના હસ્તક જ રહેલા અને વહીવટી વડા (President) રહેલા ડો. શ્રી પી.એમ.મહેતા. જેના સેક્રેટરી તરીકે શ્રી હર્ષવંતરાય લાલશંકર ધોળકિયા રહેલા.

આ સંસ્થાએ પ્રારંભ કર્યો લુપ્ત થતા જતા આયુર્વેદ શાસ્ત્રને નવજીવન બક્ષવા અર્થે, દેશભરમાંથી પ્રખર વૈદરાજોને આમંત્રી માનભેર અત્રે એકઠાં કરવાથી, જે માંહેના એક હતા મુંબઈના શ્રી જાદવજી ત્રિકમજી આચાર્ય, આ સૌની સલાહ–સૂચન અનુસાર આ શાસ્ત્રને લગતા સંસ્કૃત ઉપરાંત અન્ય ભાષાઓના ગ્રંથો દેશભરમાંથી જયાંથી હાથલાગે ત્યાંથી એકત્રિત કરવામાં આવ્યા, જે માંહેનો મુખ્ય ગ્રંથ હતો ચરક સંહિતા જેનો બાદમાં ૬ ભાગમાં અનુવાદ કરાવવામાં આવેલો. બધાજ ગ્રંથોના અનુવાદ અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ત્રણેય ભાષામાં કરાવવામાં આવતા.

આ કાર્યને સંલગ્ન બધીજ પ્રવૃત્તિઓ સુગ્રંથિત રીતે એક જ જગ્યાએથી થઈ શકે તે માટે. એ જ અરસામાં સૌપ્રથમ મહારાજ જુવાનસિંહજી સંગ્રહસ્થાનનું છાપખાના (Press) સહિત નિર્માણ કરવામાંઆવ્યું, જે આજ પણ આયુર્વેદ યુનિવર્સિટીના પ્રેસ અને પુસ્તકાલય તરીકે મોજુદ છે.

સૌથી પ્રથમ એકઠાં કરવામાં આવેલા આયુર્વેદ શાસ્ત્રપરના ગ્રંથો, વનસ્પતિ શાસ્ત્ર (Botany) ના આયુર્વેદ ઔષધમાં ઉપયોગી ગ્રંથો, અન્ય આયુર્વેદ ઔષધને લગતા ગ્રંથો, ચિત્રો, આલેખો (Charts) ઈત્યાદીને વ્યવસ્થિતપણે અહિંયા ગોઠવવામાં આવેલા અને તે માંહેના પ્રદર્શિત થઈ શકે તેવા ચિત્રો, આલેખોને વ્યવસ્થિતપણે અહિ જ પ્રદર્શિત કરવામાં આવેલા.

સંસ્કૃત કેન્દ્ર પણ અહી જ સ્થાપવામાં આવેલું, જયાંથી આયુર્વેદ શાસ્ત્રની જાણકારી અને તેને લગતી બધી જ

પ્રવૃત્તિઓ આ સફળ સંચાલન માટે ડો. શ્રી પી.એમ.મહેતા પણ સંસ્કૃત શીખેલા ને આયુર્વેદ શાસ્ત્રનો કકકો ઘૂંટીને તેની જાણકારી પણ અહીંથી જ મેળવેલી. આમ પોતાના સંચાલન હેઠળની સંસ્થામાં જ પોતે પણ વિદ્યાર્થી બની રહેલા.

દરેક વિષયના ગ્રંથના અનુવાદ અને પ્રસિધ્ધિના યોગ્ય સંચાલન માટે જે તે વિષયના નિષ્ણાતોની અલગ અલગ સમિતિઓ રચાયેલી, જેમાંના એક પ્રમુખ અને અન્ય સભ્યો તરીકે રહેતા અને છેલ્લે આવા ગ્રંથોનું મુદ્રણ વગેરે થયા બાદ તેને પ્રસિધ્ધ કરવામાં આવતા અને તેને વેચાણમાં પણ અહીંથી જ મૂકવામાં આવતા.

આતુર પરિક્ષ, પ્રકૃતિ પરીક્ષા વિજ્ઞાન જેવી પુસ્તિકાઓ પણ અહીંથી જ પ્રસિધ્ધ કરવામાં આવતી, આયુષ નામની માસિક પત્રિકા પણ અહીંથી જ નિયમિત પ્રકાશિત થતી.

આ સમિતિને મદદરૂપ થવા તેમજ પ્રવૃત્તિના વિસ્તરણરૂપે દેશી દવાઓ બનાવવા માટે એક ફેક્ટરી, શાર્ડગધર લેબોરેટરી (રસશાળા), બેડીબંદર રોડ પર (હાલ જ્યાં હિન્દુસ્તાન લીવર લિ. ની સંસ્થા છે જ્યાં તે પહેલાં બ્રુક બોન્ડ (ઈન્ડિયા) લિ. ની ફેક્ટરી હતી તે વિશાળ જગ્યા) રાજયની પ્રેરણા અને આર્થિક મોટા હિસ્સા સાથે સ્થપાયેલી.

તે ઉપરાંત સમિતિ હસ્તક પોતાની પણ દેશી દવાઓ માટેની વ્યવસ્થા નાગનાથ નાકા પાસે અંબાજીના ચોકમાં હતી. હાલ ત્યાં જ સમિતિ હસ્તક જ દેશી દવાખાનું ચલાવાય છે.

આ જ સમિતિને દેશી દવાની સરળ ઉપલબ્ધિ માટે રાજયની જેલ (હાલની જિલ્લા જેલ) ખાતે ઔષધીય વૃક્ષોનું વાવેતર અને સંવર્ધન કરવામાં આવતું, જેને પાણી પાવું વગેરે પ્રવૃત્તિઓ જેલના કદીઓ હસ્તક રહેતી. આ પ્રવૃત્તિ માટેનું આયોજન કરનાર પણ હતા, ડો. પી.એમ.મહેતા જ કે જેઓ રાજયની જેલના હોદાની રૂએ, અધિક્ષક પણ હતા.

સમિતિએ આવી વિવિધ પ્રવૃતિઓમાં સુદીર્ઘ સમય વ્યતિત કર્યા બાદ, આયુર્વેદ શિક્ષણ સંસ્થાના પણ શ્રી ગણેશ માંડયા, હાલની ધન્વન્તરી મંદિરની ઈમારતના ૧૯૪૪ ની સાલમાં શિલારોપણથી.

આ ઈમારત હજુ તો સંપૂર્ણપણે તૈયાર પણ નહોતી થવા પામી ત્યાં તો સમિતિએ બોમ્બે પ્રેસીડન્સી ફેકલ્ટી ઓફ આયુર્વેદિક અને યુનાની સીસ્ટમ ઓફ મેડીસીન (૧૯૩૯ એકટ) હેઠળ સંલગ્ન ત્યાં આયુર્વેદ મહાવિદ્યાલય (કોલેજ) શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયનો ૧૯૪૬ના વર્ષમાં શુભારંભ કરી દીધો.

મેટ્રીક પછીનો, ઈન્ટર સાયન્સ કરવાની જરૂરત વિનાનો, ચાર વર્ષનો સીધો ડીપ્લોમા અભ્યાસક્રમ D.A.S.F. (સ્ટેટ ફેકલ્ટી ફોર આયુર્વેદિક સીસ્ટમ ઓફ મેડીસીન, મુંબઈનો કોર્ષ) નો પ્રથમ વર્ષનો ત્યારથી જ ત્યાં પ્રારંભ થયો (આ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની પ્રથમ ટુકડીની પરીક્ષા, એપ્રિલ–૧૯૪૭માંઅને તેઓના અંતિમ વર્ષની પરીક્ષા એપ્રિલ ૧૯૫૦ માં લેવાયેલી)

વિદ્યાર્થીઓને આમાં પ્રવેશ માટે પ્રોત્સાહિત કરવા એક વ્યવસ્થા એવી કરવામાં આવેલી કે ટર્મ ફી ન ભરી શક્નારને તેમની અરજી પરથી સંપૂર્ણ ફી માફી અપાતી, જેની પૂરેપૂરી રકમ મુંબઈના અનામી શ્રીમંતો દ્વારા ગુપ્ત રીતે ભરપાઈ કરાતી. તદુપરાંત અભ્યાસક્રમના પુસ્તકોની કુલ કિંમતના ૧૦% ફી તરીકે તેમજ કુલ કિંમતના ૫૦% ભાડું તરીકે વસુલાતા, જે બાદ પુસ્તકો પરત કર્યે પરત અપાતા.

આ કોલેજના પ્રથમ ડીન બન્યા ડો. શ્રી પ્રાણજીવન માણેકચંદ મહેતા અને પ્રથમ પ્રિન્સીપાલ બનાવાયા મુંબઈથી સમિતિની સ્થાપના સાથે જ નિમંત્રાયેલા એવા પ્રખર વૈદરાજશ્રી જાદવજી ત્રિકમજી આચાર્ય, જેમણે એ સેવા નિઃશુલ્ક આપેલી.

આ કોલેજના ૧૯૪૬ની સાલના ઉદ્દ્ઘાટન વિધિ તેમજ ઈમારતની વાસ્તુવિધિના શુભપ્રસંગે, જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ ડો. શ્રી પી.એમ.મહેતાની, આ સંસ્થાને ફાલવા ફૂલાવવામાં યશસ્વી સેવાઓ પ્રદાન કરવાની કદરરૂપે રૂા. ૨૫,૦૦૦.૦૦ રોકડા, સોનાનો તોડો અને તાજમી સરદારના ઈલ્કાબની નવાજેશ કરેલી.

આ કોલેજને હોસ્ટેલની સંપૂર્ણ સુવિધાઓ તો મોડે મોડે સાંપડી તે પહેલાં ત્યાંના વિદ્યાર્થીઓને હોસ્ટેલની સુવિધા, જિલ્લા જેલ (હાલની) સામેના ભાગમાં આવેલી તે સમયની હુન્નર શાળા તેમજ હાલમાં હોસ્પિટલ રોડ (નેહરૂમાર્ગ) પર આવેલ ઝવેર ચેમ્બર્સ સામે શાહ જેસંગભાઈ સુંદરજી જ્ઞાન મંદિર (તે સમયના રણજીત સ્ટુડીયોઝ નું વર્તુળમાં ઘોડે ।રનું ચિહ્ન ધરાવતી) ઈમારત હતી (હાલ તેને પાડી નાખવામાં આવેલ છે) તેમાં કરી આપવામાં આવેલી.

હાલની લેડીઝ હોસ્ટેલની જગ્યાએ ખાલી મેદાન હતું ત્યાં તે સમયે ત્યારની જે એન્ડ ડી જામનગર અને દ્વારકા રેલ્વે J. & D. RLY. નું ક્રિકેટ ગ્રાઉન્ડ હતું.

આ D.A.S.F. કોર્ષમાં મિશ્ર અભ્યાસક્રમ (આયુર્વેદ અને એલોપેથી) ચલાવતો અને એ ડીપ્લોમા મેળવનારને ડોક્ટર તરીકેની નિમણુંક ઘણી જ આસાનીથી રાજ્યની એલોપેથીક પધ્ધતિની હોસ્પિટલોમાં મળી જતી.

આ કોર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આધુનિક તબીબી વિજ્ઞાનના શિક્ષણની તાલીમ માટે 'નિદાન' તેમજ 'સર્જરી' બંને વિભાગમાં નિષ્ણાતોની સેવાઓ અપાતી. આ સમગ્ર કોર્ષ દરમિયાન જ્યાં સુધી મિશ્ર અભ્યાસક્રમ રહ્યો અને અહીં જામનગર મેડીકલ કોલેજ ન સ્થપાઈ ત્યાં સુધી આ વિદ્યાર્થીઓને 'ઈરવીન હોસ્પિટલ' માં જ બધા વિભાગોની પ્રત્યક્ષ તાલીમ અપાતી.

બાદમાં સમિતિ હસ્તકની આ કોલેજમાં D.A.S.F. ડીપ્લોમાં કોર્ષનું G.F.A.M., B.A.M.S. (મિશ્ર કોર્ષ જ રહેલા) ની ડીગ્રીમાં ક્રમશઃ રૂપાંતર થતાં થતાં છેવટ ત્યાં 'ધન્વન્તરી મંદિર' ની બીજી પાંખ (પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈનીંગ સેન્ટર અને રીસર્ચ વીંગ) માં અનુસ્નાતક (HPA-MD) અભ્યાસક્રમનો પ્રારંભ થયો, છેક ૧૯૫૬ ની સાલમાં.

આ સમિતિ સંલગ્ન સંપૂર્ણ આયુર્વેદિક પધ્ધતિની હોસ્પિટલ ફક્ત ભોંયતળિયાવાળી તો અસ્તિત્વમાં આવી છેક ૧૯૪૮ ની સાલમાં તે બાદ આયુર્વેદ યુનિવર્સિટી હસ્તક તેનો બીજો મજલો તો બન્યો છેક ૧૯૮૬ના વર્ષમાં.

ભારતમાં આઝાદી પ્રાપ્તિ બાદ ૧૯૪૮ ના વર્ષમાં સૌરાષ્ટ્ર રાજ્યની રચના થઈ, જેના પ્રથમ રાજ્ય પ્રમુખ બન્યા જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી અને મુખ્યમંત્રી બન્યા શ્રી ઉછંગરાય ન. ઢેબર (શ્રી ઢેબરભાઈ) સૌરાષ્ટ્રનું પાટનગર બન્યું રાજકોટ. પરંતુ તેના રાજપ્રમુખનું કાર્યાલય રાખવામાં આવેલું જામનગરમાં લાલબંગલા (હાલ જ્યાં શહેર મામલતદારનું કાર્યાલય છે ત્યાં) ખાતે.

આ સમયે, જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીએ શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટીના એક પેટ્રન તરીકે સ્વેચ્છાએ શ્રી ઢેબરભાઈને પ્રજાકીય ઢાંચા હેઠળ ચેરમેન પદે નીમી સમિતિના વહીવટી વડાની જવાબદારી સોંપી. શ્રી ઢેબરભાઈએ પાછી પોતાના જૂના સાથી અને ખાસ વિ ાસુ એવા શ્રી બાલુભાઈ વૈદ્ય (શ્રી બાલકૃષ્ણ હરિરામ દવે) ને નિમંત્રીને સેક્રેટરી પદે નિમ્યા.

આ આયુર્વેદ સંકુલને બાદમાં આસ્તે આસ્તે તેના વિસ્તરણ અર્થે સ્વાતંત્ર્ય બાદ એ.કે. જમાલ ડીસ્પેન્સરી, વિકટોરીયા જ્યુબિલી હોસ્પિટલ, સજુબા ફીમેલ હોસ્પિટલ અને તેની પાછળની તેજુબા મેટરનીટી હોમ્સ ની ઈમારતો સુપ્રત કરવામાં આવી.

આ માંહેની એ. કે. જમાલ ડીસ્પેન્સરીની ઈમારતનો બાદમાં મહિલા છાત્રાલય તરીકે પણ ઉપયોગ થયેલો (અહીં એક જુની ઐતિહાસિક વાત એવી પણ જાણવા મળી કે રાજાશાહી યુગમાં રાજ્યની માલિકીની જે એન્ડ ડી રેલ્વેનું વહીવટી કાર્યાલય પણ થોડો સમય આ ઈમારતના ભોંયતળીયે રહેલું.

બીજી ઈમારત, વિકટોરીયા જ્યુબિલી હોસ્પિટલમાં કેન્દ્ર સરકારની સંસ્થા Central Institute of Research in Indegenous System of Medicine (CIRISM) ની સ્થાપના ૧૯૫૨ કે ૧૯૫૪ ના વર્ષમાં થયેલી, જેને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના થતાં જ તેમાં વિલીનીકરણ થઈ જવા પામ્યું.

આજની ધન્વન્તરી મંદિરની ભવ્ય ઈમારત આજ જે રીતે જામનગરમાં ઉન્નત મસ્તકે ઊભી છે, તેના પાયામાં ઉપરોક્ત તસ્વીરમાંની આયુર્વેદિક સંગ્રહસ્થાનની ઈમારત અને ઉપરોક્ત ત્રણેય શિલ્પોવાળી વિભૂતિઓનું એક યા બીજી રીતે પરોક્ષપણે પણ યોગદાન સાંપડયું ન હોત તો ન જ ઊભી હોત આમ આ ત્રણેય શિલ્પોવાળી વિભૂતિઓ અને તે ઈમારત, ઉપરાંત મહારાણી શ્રી ગુલાબકુંવરબા પણ વિશાળ દ્રષ્ટિએ, ધન્વન્તરી મંદિરના પાયાના પ્રશ્ન પથ્થરો ગણી શકાય.

## વિચારબીજ ને ભવ્ય ઈમારતનું સર્જન : (થોડું વિહંગાવલોકન)

મહારાણી શ્રી ગુલાબકુંવરબાને પોતાના સુર શ્રી દાજી બાપુની રોગ સારવારમાં, વૈદ્યકીય ઔષધોના ઉપયોગ દ્વારા, પ્રજાને રોગોથી મુક્તિ અપાવવાની સેવાથી પ્રભાવિત થઈને, મનમાં વિચારબીજ રોપાયું, કે પોતે પણ જામનગરમાં આ વૈદ્યકીય સારવારના શાસ્ત્રથી પધ્ધતિસરનો અભ્યાસક્રમ આપતી શિક્ષણ સંસ્થાની સ્થાપના કરે. આ શિક્ષણ સંસ્થાની સ્થાપનામાં પાછળથી ડો. શ્રી પ્રાણજીવન મહેતાને સંપૂર્ણ સફળ સહયોગ સાંપડેલો.

સૌપ્રથમ એવું આયોજન હતું કે ભારતભરમાંથી આયુર્વેદ શાસ્ત્રના જ્ઞાત વિદ્વાનોને આમંત્રી, ભારતભરની ભાષાઓના આના પુસ્તકોનું જરૂરી ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવી, સૂચિત શિક્ષણ સંસ્થાનો અભ્યાસક્રમ તૈયાર કરાવવો.

આ માટે જરૂરી એવી સુવિધાપૂર્ણ ઈમારતો સૌપ્રથમ સ્થાપવી. બસ, તે અનુસાર લગભગ સને ૧૯૪૦ માં ઉપરોક્ત આયુર્વેદિક સંગ્રહસ્થાનની ઈમારત અસ્તિત્વમાં આવી. ભગવાનશ્રી ધન્વન્તરીના આયુર્વેદ શાસ્ત્રનો અભ્યાસક્રમ આમ તરત જ તૈયાર કરેલો.

આમ ઉપરોક્ત બીજી તસ્વીરમાંના ત્રણેય વિભૂતિઓના શિલ્પો આ ઈમારતમાં તેઓના યોગદાનની સ્મૃતિઓને ગોઠવવામાં આવ્યા. આમ આ પ્રથમ તસ્વીરમાંની ઐતિહાસિક ભારત, હાલના શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના દશ્ય પાયા રૂપ બની ગણાય ખરૂંને ?

મહારાણી શ્રી ગુલાબકુંવરબાનું મૃતઃપ્રાય બની ગયેલા આયુર્વેદના ઉત્થાનનું સ્વપ્ન આખરે સંપૂર્ણ સાકાર થયું અને ૧૯૬૬ના વર્ષમાં, જયારે ગુજરાત સરકારે ગુજરાતમાં પ્રથમ (એશિયાભરમાં પણ પ્રથમ) એવી સમગ્ર ગુજરાત રાજયની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના જામનગર ખાતે કરી, જેમના પ્રથમ વાઈસ ચાન્સેલર (કુલપતિ) તરીકે વરાયા હતા વૈદ શ્રી વિનાયકભાઈ જયાનંદભાઈ ઠાકર. (Oct. -'66 to Feb. -'68)

એક ખાસ વિશિષ્ટ હકીકતનો અત્રે ઉલ્લેખ કરીએ, તો તેમાં ૧૯૫૫ ના વર્ષમાં જામનગર ખાતે મેડીકલ કોલેજની સ્થાપના પહેલાં, તેની પૂર્વ શરત તરીકે શ્રી ગુલાબકુંવરબા પાસે ધન્વન્તરી મંદિરની માંગણી આગ્રહપૂર્વક મુકાયેલી કે જેથી મેડીકલ કોલેજને આવી ભવ્ય તૈયાર ઈમારત મળી રહે. જેનો તેણીએ સાદર અસ્વીકાર કરેલો એમ કહીને કે મેં મારા લોહીપસીનો આયુર્વેદ શાસ્ત્રના ઉત્થાન માટે જ એક કર્યા છે અને આ સંસ્થાને પોષી છે, જેથી કોઈ અન્ય કાર્ય મારે મારા લોહીના છેલ્લા બુંદ સુધી હું અન્યને તેની સોંપણી ન જ કરી શકું.

અત્રે સખેદ નોંધવું રહ્યું કે આયુર્વેદશાસ્ત્રના ઉત્થાન માટે આટઆટલું શ્રેષ્ઠ યોગદાન અર્પનાર, આવી મહાન વ્યક્તિની સેવાની નોંધ, આજ સુધી વિશિષ્ટ રીતે કયાંય લેવાઈ હોય તેવું જાણમાં નથી.

શું રાજાશાહીના અંશરૂપ આ વ્યક્તિ હોવાને કારણે જ તેમના પ્રતિ સૂગ રખાતી તો નથીને ?

આશા રાખું કે હવે યોગ્ય જગ્યાએ યોગ્ય પરિપેક્ષમાંઆ બાબતની નોંધ લેવાશે.

**હવે માહિતી મેળવીએ ઈસુની આ સદીના પ્રારંભથી મધ્યભાગ સુધીમાં ઉપલબ્ધ આધુનિક તબીબી વિજ્ઞાનશાસ્ત્ર આધારિત સારવાર કેન્દ્રોની :**

જામશ્રી વિભાજીના સમયમાં અહિયા આવા બે કેન્દ્રો અસ્તિત્વમાં આવેલા (૧) ધી વિકટોરીયા જયુબિલી હોસ્પિટલ અને (૨) ધી એ.કે.જમાલ ડીસ્પેન્સરી (૧૯૦૭) હાલ આ બન્ને ઈમારતો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કબજા હેઠળ છે.

**ધી વિકટોરીયા જયુબિલી હોસ્પિટલ :** અહીયા આંખના રોગ (વાઢકાપ એટલે કે Operation સહિતની સગવડ) ટી.બી. તેમજ અન્ય બીજા ચેપી રોગો ઉપરાંત અન્ય બીજા બધાજ રોગોની સારવાર માટે સ્ત્રી પુરુષ બંન્ને માટે હોસ્પિટલની જુદી જુદી વીંગમાં અલગ – અલગ વોર્ડ હતા. જામશ્રી રણજીતના સમયમાં આ હોસ્પિટલમાં આંખના સર્જન તરીકે એક વોરા સદગૃહસ્થ ડો. કપાસી ખૂબજ ખ્યાતિ પામેલા.

અહીયા આઉટડોર ઈન્ડોર બન્ને પ્રકારના દર્દીઓ માટે સારવાર ઉપલબ્ધ હતી.

**ધી એ. કે. જમાલ ડીસ્પેન્સરી :** અહીયા સામાન્ય પ્રકારના બધા જ રોગની તપાસ અને એ મુજબની દવા, એટલે કે ફક્ત આઉટડોર દર્દીઓને આપવાની જ વ્યવસ્થા હતી.

આ બન્ને સંસ્થાઓ રાજ્ય તરફથી પ્રજાના લાભાર્થે નિ:શુલ્ક ચલાવાતી.

એ બાદ જામશ્રી રણજીતસિંહજીના રાજય અમલમાં બે અન્ય હોસ્પિટલો (૧) શ્રી સજુબા ફીમેલ હોસ્પિટલ અને (૨) ધી ઈરવીન હોસ્પિટલ (મોટી હોસ્પિટલ) અસ્તિત્વમાં આવી.

એ માંહેની શ્રી સજુબા હોસ્પિટલ ફક્ત સ્ત્રીરોગની સારવાર માટે અને ધી ઈરવિન હોસ્પિટલ મોટી હોસ્પિટલ તરીકે સ્થાપવામાં આવેલી.

**ધી ઈરવીન હોસ્પિટલ :** આ હોસ્પિટલ ૧૦૦ પથારીની સગવડ સાથે ૧૯૨૭ ની સાલમાં વિદેશી નિષ્ણાત ડોકટરો અને મેટ્રનની દેખરેખ હેઠળ શરૂ કરવામાં આવેલી, જેના વડા તરીકે આવેલા ડો. રૂફાર્ડ થોમસ (હાલ હવે ૧૯૯૯ માં આ હોસ્પિટલ ૧૩૭૫ પથારીની સગવડ ધરાવતી થઈ ગઈ છે).

આ તબીબી ટૂકડીનું પ્રારંભનું કામ દર્દીઓની આધુનિક સારવાર ઉપરાંત અહિના ડોકટરો અને નર્સીંગ સ્ટાફને એ મુજબ યોગ્ય માર્ગદર્શન અને તાલીમ આપીને પારંગત કરવાનું હતું.

છેલ્લે જામશ્રી દિગ્વિજયસિંહજીના શાસનકાળ દરમિયાન ખાસ સ્ત્રીઓની પ્રસુતિ માટેની જ એક અન્ય અલાયદી હોસ્પિટલ શ્રી તેજુબા મેટરનીટી હોમ્સ, અસ્તિત્વમાં આવી. તેમાં વચ્ચેના ભાગે ડોકટર અને અન્ય સ્ટાફ માટે જરૂરી બધી વ્યવસ્થા હતી અને તેની બન્ને બાજુની બે વીંગમાં ૧૨–૧૨ મળી કુલ ૨૪ અલાયદા દરેક પ્રસુતા સ્ત્રી માટે, ઘર જેવી સગવડ ધરાવતા (રસોડાની સગવડ સહિતના), અલગ અલગ કમરા (કોટેજીસ) હતા.

આ હોસ્પિટલ બરાબર શ્રી સજુબા ફીમેલ હોસ્પિટલની પાછળ જ હતી (હાલ આનો લગભગ અડધો ભાગ તોડી પાડવામાં આવ્યો છે)

હાલ આ બન્ને હોસ્પિટલોની ઈમારત પણ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને તેના ભાવિ વિકાસ અને અન્ય કાર્યો માટે સુપ્રત કરી દેવામાં આવેલ છે. જે યુનિ. ના વહીવટી ભવનના કમ્પાઉન્ડમાં જ છે. અન્ય ત્રીજી ધી વિકટોરીયા જયુબિલી હોસ્પિટલની ઈમારત પણ ત્યાં જ છે અને બરાબર તેની સામેજ શ્રી ગુરૂનાનક માર્ગની સામે પાર, ચોથી ઈમારત ધી એ.કે.જમાલ ડીસ્પેન્સરીની પણ યુનિ.ના કબજામાંછે.

## હવે એક વધુ ખાસ સારવાર કેન્દ્રની વાત :

જામશ્રી રણજીતસિંહજી ફ્રેન્ચ ભાષાના પણ જ્ઞાતા હતા અને ફ્રાન્સની એક મુલાકાત દરમિયાન તેઓની જાણમાં આવ્યું કે સૂર્યના કિરણોની સારવાર પધ્ધતિ વડે ચામડીના રોગ દૂર થઈ શકે છે.

ફળસ્વરૂપ તેઓશ્રી ત્યાંના એવા નિષ્ણાત ડોકટર શ્રી સીડમેનને ત્યાંથી અહીં લાવ્યા અને તેમની પાસે જામનગરમાં તે પધ્ધતિ અનુસારનું સોલેરીયમ ઊભું કરાવ્યું. જે વર્ષો સુધી સફળ રીતે અત્રે સારવાર આપતું રહ્યું. હાલ તે બંધ છે અને પુરાતત્વીય અવશેષ રૂપે ઊભું છે.

આવું જ એક બીજું નાનકડું સોલેરીયમ જામશ્રી દિગ્વિજયસિંહજીએ પણ પોતાના શાસનકાળમાં બનાવડાવેલું. જે તેની બાજુમાં જ હતું અને નિષ્ફળ રહેલું. બાદમાં મેડીકલ કોલેજની ઈમારત ત્યાં બનતાં તેને દૂર કરવામાં આવેલું.

અત્રે એ પણ નોંધીએ કે જામશ્રી રણજીતને એવો એક ખાસ શોખ હતો કે પોતાની વિવિધ દેશોની યાત્રા દરમિયાન તેઓશ્રી અવલોકેલું કે જાણેલું કોઈપણ સુંદર સર્જન હોય પછી ભલે તે સુંદર ઈમારત પણ કેમ ન હોય, તેને અહીં જામનગરમાં પણ મૂર્તસ્વરૂપ આપીને જ રહે. જેના ફળસ્વરૂપ જ હાલની અત્રેની ઘણી ઘણી યાદગાર ઈમારતો, બજારોની એક સરખી બાંધણી, સુંદર રસ્તાઓ વગેરે વગેરે અસ્તિત્વ ધરાવે છે.

## ચાલો, ફરીને આપણું સુકાન ફેરવીએ ઉચ્ચત્તમ શિક્ષણ (કોલેજ) ની સુવિધાઓના વિષય તરફ :

આપણે ઉપર જોયું તેમ મેટ્રીક એસ.એસ.સી. પછી સામાન્ય અભ્યાસક્રમો આર્ટસ, સાયન્સ, કોમર્સ માટે જરૂરી અને સુલભ ગણી શકાય તેવી ઉચ્ચત્તમ શિક્ષણ સંસ્થાઓ માંહેની એક પણ સંસ્થા અહીયા નહોતી, તેવા સમયમાં જેના પ્રથમ પગથીયે ડગ માંડવા ઈન્ટર સાયન્સ હોવું અત્યંત જરૂરી ગણાય તેવી સીધેસીધી મેડીકલ કોલેજની જ સૌપ્રથમ સ્થાપના જામનગરમાં ૧૯૫૫ ની સાલમાં થઈ ગઈ.

ઉપર દર્શાવ્યું તેમ જામનગર શહેરમાં તો ઠીક, સારાયે જિલ્લામાં આઝાદી પ્રાપ્તિ બાદ પણ, એક અમથી સમ ખાવા પૂરતી સામાન્ય કોલેજ નહોતી. તેવામાં ભારતના ભાગલા બાદ પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરીને ભારતમાં સ્થાયી થયેલા, કરાંચી ખાતે શિક્ષણ સંકુલ સાથે સંકળાયેલા અને ગાંધીવાદી વિભૂતિ, શિક્ષણશાસ્ત્રી એવા શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડ (ડો.'કાકા) એ જિલ્લામાં સૌપ્રથમ ૧૯૫૨ ની સાલમાં અલિયાબાડા ખાતે ગ્રામ્ય આદર્શ મુજબની ગંગાજળા વિદ્યાપીઠની સ્થાપના કરી અને તેના સંચાલન હેઠળ શ્રી દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય (આર્ટસ કોલેજ) ની ગ્રામ્ય પ્રદેશને અનુરૂપ આશ્રમશાળા જેવા મકાન અને વાતાવરણમાં શરૂઆત કરી.

આ કોલેજનું સંચાલન પણ તેઓશ્રીએ જ સંભાળ્યું તે છેક તેઓશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રાજકોટમાં સ્થાપના થયા બાદ તેના પ્રથમ કુલપતિ તરીકેની ફરજ સંભાળી ત્યાં સુધી. હાલ અલિયાબાડાની આ કોલેજમાં ફકત બી.એડ્. નો જ અભ્યાસક્રમ ચાલુ છે.

એ બાદ લાંબા સમયે, છેક તા.૧૫–૧૦–૧૯૫૫, શનિવાર (વિ.સં.૨૦૧૧) ના રોજ જામનગર ખાતે શેઠશ્રી દોશી કાલિદાસ વિરજીના માતબર દાન અને જામશ્રી દિગ્વિજયસિંહજીના ભૂમિદાન વડે સરકારે તેમના નામે શ્રી ડી.કે.વી.આર્ટ્સ અને સાયન્સ કોલેજની ઈમારતનો શિલારોપણ વિધિ ભારતની મહાન વિભૂતિ એવા ત્યારના ઉપરાષ્ટ્રપતિ શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનને હસ્તે સંપન્ન કરાવ્યો (અત્રે એ નોંધીએ કે આજ પણ આ વિભૂતિના જન્મદિને, દર વર્ષે શિક્ષક દિનની ભારતભરમાં ધામધૂમપૂર્વક ઉજવણી થાય છે)

આમ જામનગરમાં મેડીકલ કોલેજમાં પ્રવેશ માટે જરૂરી લાયકાતના અભ્યાસક્રમની ખૂટતી કડીરૂપ કોલેજ બરાબર તે કોલેજની શુભ શરૂઆત બાદ છેક એક વર્ષે ૧૯૫૬ થી અસ્તિત્વમાં આવી.

જામનગરમાં મેડીકલ કોલેજની સ્થાપના નિર્ણય સમયે પણ હંમેશ બનતું આવ્યું છે તેમ જામનગરના દુર્ભાગ્યે ફરીને દેખા દીધી. પરંતુ આ વખતે તેની કારી ફાવી નહિ.

તે સમયની સૌરાષ્ટ્ર સરકારે સૌરાષ્ટ્રમાં અલગ મેડીકલ કોલેજ સ્થાપવાનો નિર્ણય લીધો અને સાથોસાથ એવું ઠરાવ્યું કે જે શહેરમાંથી તે માટે વધુમાં વધુ રકમનું દાન મળશે ત્યાં તેની સ્થાપના થશે (અત્રે એ પણ નોંધીએ કે ૧૯૯૫ ના વર્ષમાં સૌરાષ્ટ્રમાં વધારાની મેડીકલ કોલેજની સ્થાપના માટે પણ તેવું જ ઠરાવવામાં આવેલું. બાદમાં શું બન્યું તે સૌને વિદિત જ છે. સરકારી ખર્ચે સૌરાષ્ટ્રમાં બબ્બે મેડીકલ કોલેજ ભાવનગર અને રાજકોટમાં ઊભી કરવામાં આવી અને એ માટે સૌથી વધુ વેઠવાનું આવ્યું જામનગરની મેડીકલ કોલેજને, કારણ કે સરકાર પાસે જરૂરી સ્ટાફની ખેંચ સદાયે વર્ષોથી રહેતી આવી છે. અને તેનું પરિણામ વર્ષોથી જામનગર કોલેજ ભોગવતી આવતી હતી, તેમાં દુષ્કાળે અધિક માસ જેવું થયું અને જામનગરની કોલેજની વધુ માઠી બેઠી. આજ સુધી તેની કળ વળી નથી. આ કારણે જામનગર કોલેજની બેઠકો પણ કદાચ ઘટી જાય તો નવાઈ નહિ.

એવામાં બીજા એવા સમાચાર વાંચવામાં આવ્યા કે રાજકોટના એક સાંસદે સરકાર પાસે બબ્બે નવી ડેન્ટલ કોલેજો રાજકોટ અને ભાવનગરમાં સ્થાપવા માટે પ્રસ્તાવ મુક્યો છે. હજુ તો ઓગસ્ટ–૧૯૯૨ માં જ જામનગર ખાતે સૌરાષ્ટ્ર માટે અલગ સ્થપાયેલી સરકારી ડેન્ટલ કોલેજ પણ ઓક્સિજન પર ડચકાં ખાતી ખાતી જીવે છે, ત્યાં સરકારી ખર્ચે જ બબ્બે ડેન્ટલ કોલેજોની માંગણી કઈ રીતે વ્યાજબી ગણાય! ઈચ્છીએ, સરકારશ્રી ફરીને, નવી મેડીકલ કોલેજો જેવો છબરડો ન વાળે)

વધુમાં વધુ દાનની રકમની સરકારી મહેચ્છા મુજબ, સારાયે સૌરાષ્ટ્રમાંથી ફક્ત જામનગરના દાનવીર શેઠ શ્રી મેઘજી પેથરાજ શાહે લગભગ રૂપિયા વીસ લાખ જેવી માતબર રકમ જામનગરમાં મેડીકલ કોલેજની સ્થાપના માટે આપવાની કબુલાત આપી. બસ થઈ રહ્યું. અન્ય શહેરોની બાદબાકી થઈ જ ગઈ. જામનગરનો ઘોડો થનગની ઉઠયો.

આમ થાય તો તો રાજકોટ ભાવનગર જેવા રાજકારણીઓના વ્હાલાં શહેરો મેડીકલ કોલેજ વિહોણાં જ રહી જાય. જેથી ત્યારના હોંશિયાર (ખંધા!!) રાજકારણીઓએ એક પાસો દાનવીર શેઠ પાસે ફેંક્યો. કહે છે કે તેઓએ દાનવીર શેઠને વાત એવી રીતે ગળે ઉતરાવી કે તેઓશ્રી તો દાને રી છે અને તેમના જેવા નિખાલસ લોકો તો પ્રદેશવાદથી અળગા જ રહેનારા હોય. તેઓને મન તો જામનગર–રાજકોટ–ભાવનગર બધું એક જ હોય. જેથી જામનગર સિવાય કોઈ અન્ય સ્થળે મેડીકલ કોલેજ સ્થપાય તો તેઓશ્રીને વાંધો ન જ હોય. પત્યું. સાલસ, સરળ સ્વભાવના, નિરાભીમાની એવા શેઠશ્રી આવી વાતોના પ્રભાવમાં આવી ગયા અને તેઓની વાત સાથે સંમત થઈ ગયા.

પરંતુ વિધિને કંઈક બીજું જ માન્ય હતું. જેથી દાનવીર શેઠશ્રીના ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રેમચંદ વૃજલાલ શાહ આ વાત ન સ્વીકારી શકયા અને તેમણે ચોખ્ખું સુણાવી દીધું કે સરકારે પોતાની મેળે તો આજ સુધી જામનગરને કંઈજ આપ્યું નથી. તો હવે જયારે અમે જામનગરના જ આવી સંસ્થા માટે મોટી દાનની રકમ જામનગર માટે જ આપીએ છીએ ત્યારે તમે લોકો હવનમાં હાડકાં નાખવાથી દૂર રહો. જો જામનગરને મેડીકલ કોલેજ ન જ આપવી હોય તો હું જાહેર કરેલા દાનની રકમના ચેકમાં મેનેજીંગ ટ્રસ્ટીની રૂએ સહી નહિ કરૂં. આખરે દાનવીર શેઠશ્રી પણ એ વાત સાથે સંમત થયા. થઈ રહ્યું, જામનગરને મેડીકલ કોલેજ આપવી જ પડી.

કોલેજની સંપૂર્ણ સુવિધા સાથેની કાયમી ઈમારત તૈયાર થાય ત્યાં સુધી હંગામી ધોરણે ૧૯૫૫ ની સાલની જ ૬૦ વિદ્યાર્થીની ક્ષમતા સાથે હાલના લાલબંગલામાંના ન્યાયમંદિરની નવી ઈમારત થયેલી તેમાંજ શ્રી એમ.પી.શાહ મેડીકલ કોલેજની આરસની તકતી લગાવીને કોલેજનો શુભારંભ થયો. (આ ઈમારત દરબારગઢ ચોકમાંના વિલીંગ્ડન ક્રેસંટ માં બેસતી અદાલતોની સંકડાશ દૂર કરવા અને મોકળાશ ભરી જગ્યામાં સ્થળાંતર કરવા બનાવવામાં આવેલી)

આ બધી જ બેઠકો પ્રારંભથી જ ભરાઈ ગયેલી, જેમાંની ૮ થી ૧૦ તો વિદ્યાર્થિનીઓ જ હતા.

અહિ પ્રવેશ મેળવેલ પ્રથમ ટૂકડીના ૬૦ વિદ્યાર્થીઓમાંની છેક છેલ્લે સુધી એટલે કે અંતિમ વર્ષ સુધી સળંગ એક પણ ટપ પડયા વિના પહોંચીને, અંતિમ વર્ષની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને, M.B.B.S. થયેલાઓની કુલ સંખ્યા હતી ફક્ત ૧૧ ! જેમાંની એક(૧) તો વિદ્યાર્થિની હતી. આ કોલેજને દાન આપનાર ટ્રસ્ટી મંડળ માટે કરાર મુજબ પ્રારંભમાં૧૦% એટલે કે ૬ બેઠકો તેની મુનસફી મુજબ પ્રવેશ આપવા આરક્ષિત રખાયેલી, જે કરાર બાદમાં રદબાતલ થયેલો.

શરૂઆતમાં હંગામી ધોરણે મહિલાઓ માટેની હોસ્ટેલ, પ્રથમ ડીનશ્રી પી. સી. રક્ષિત માટે રહેઠાણ, કોલેજ લાઈબ્રેરીની સગવડ વગેરે લાલબંગલા અતિથિ ગૃહમાં જ કરવામાં આવેલી.

એ બાદ મહિલાઓ માટે દિગ્વિજય પ્લોટમાં હાલના લગભગ જોલી બંગલા આસપાસના રમેશ કુંજ નામના મોટા મકાનમાં હોસ્ટેલની સગવડ ઊભી કરવામાંઆવેલી. તેમજ પુરુષો માટે હોસ્પિટલ રોડ (નહેરૂ માર્ગ) પરના હાલના ઝવેર ચેમ્બર્સ સામેના શાહ જેસંગભાઈ સુંદરજી જ્ઞાનમંદિર નામના હોસ્ટેલ લાયક મકાનમાં(હાલ આ મકાન તોડી પાડવામાં આવ્યું છે, ફક્ત તેના ચોગાનની દીવાલમાંના દરવાજા પરનું જૂનું ચિહ્ન વર્તુળમાં ઘોડે ારનું ત્યાં હજુ મોજુદ છે) હોસ્ટેલની સગવડ કરવામાં આવેલી.

૧૯૫૫ના વર્ષથી આ કોલેજ શરૂ થયા બાદ, કોલેજની નવી ઈમારત તૈયાર થઈને કાયમી ધોરણે ત્યાં તે બેસતી થાય ત્યાં સુધી, ત્યાંના વિદ્યાર્થીઓની સુવિધા ખાતર પ્રથમ ત્રણ ટુકડીઓને પ્રથમ એમ.બી.બી.એસ. કર્યા બાદ આગળ અભ્યાસ માટે અમદાવાદ મેડીકલ કોલેજમાં મોકલી આપવામાં આવતા. એ બાદ ૧૯૫૮ ની સાલથી અહીં સંપૂર્ણ દરજ્જાની મેડીકલ કોલેજ કાર્યરત થઈ ગઈ.

૧૯૫૫ના વર્ષથી અહી મેડીકલ કોલેજના પ્રારંભની સાથોસાથ જ તેની કાયમી ઈમારતનો શિલારોપણ વિધિ પણ સૌરાષ્ટ્ર રાજયના તે સમયના રાજપ્રમુખ જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીના વરદ્ હસ્તે તા.૧૫–૪–૧૯૫૫ (વિ.સં. ૨૦૧૧) ના શુભ દિને સંપન્ન થયો. એ પહેલાં આ વિધિ ભારતના તે સમયના માનનીય રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદના વરદ્ હસ્તે થયાનું નકકી થયેલું. પરંતુ તેઓશ્રી સંજોગોવશાત ઉપસ્થિત ન થઈ શકતાં તે કાર્યક્રમ મોકુફ રહેલો, જે આમ શ્રી દિગ્વિજયસિંહજીના વરદ્ હસ્તે સંપન્ન થયો.

ઉપરોક્ત શુભપ્રસંગ સમયે, રાજકોટ–ભાવનગરના મોટા ગજાના રાજકારણીઓનો જામનગરમાં મેડીકલ કોલેજ સ્થપાતાં જાણે કે અહમ ઘવાયો હોય તેવો એક વધુ કિસ્સો, મારી સ્વનજરે નીહાળેલો, આજ મારા સ્મૃતિપટ પર ફરીને ઉપસી આવે છે, જે અત્રે **"Reply"** કરૂં છું.

આ સમારંભમાં ડાયસ પર ઉપસ્થિત રહેલા મહાનુભાવોને શિલારોપણ વિધિના શુભ પ્રસંગ પર જામસાહેબ સાથે હાજર રહેવું અનિવાર્ય જ હતું. જે માટે લગભગ બધા જ મહાનુભાવો તેઓની સાથે પોતપોતાની બેઠક પરથી ઊભા થઈ ગયેલા. પરંતુ એક મહાનુભાવ ભાવનગરના અગ્રણી એવા અખંડ કોંગ્રેસના અગ્રગણ્ય નેતા શ્રી બળવંતરાય ગો. મહેતા એટલા બધા શોકગ્રસ્ત અને વ્યગ્ર દેખાતા હતા કે તેઓશ્રી શિષ્ટાચાર ખાતર પણ પોતાની બેઠક પરથી ઊભા થતા ન હતા. તેઓશ્રી તરફ મહાનુભાવ શ્રી રસિકભાઈ પરીખનું ધ્યાન ખેંચતા, તેઓશ્રી તેમની તરફ હસતા હસતા ગયા અને તેમને બાવડેથી પકડીને શુભપ્રસંગ પર હાજરી આપવા પોતાની સાથે ખેંચી ગયા. આ તે કેવું તે સમયનું રાજકારણ !

ઈરવીન હોસ્પિટલ, મેડીકલ કોલેજને સંલગ્ન થઈ જતાં તેનું આસ્તે આસ્તે વિસ્તરણ થતું ગયું. તેની આજુબાજુની વિશાળ ખાલી જગ્યા તેમજ તેની જમણી બાજુના ખૂણા પર આવેલ એક માત્ર મોટો બંગલો (જયાં છેલ્લી લેડી મેડીકલ સુપ્રિ. કુમારી પંમિલા કપીલેશ્વરકર રહેતાં) તેમજ નાનું સોલેરીયમ ને પાડીને ત્યાં ખાલી પડેલી વિશાળ જગ્યા પર બાદમાં ઈરવીન હોસ્પિટલના વિવિધ વિભાગો અને મેડીકલ કોલેજના વિસ્તરણ થયાં. (ફક્ત ઈરવીન હોસ્પિટલની જૂની ઈમારત જેમની તેમ રાખવામાં આવી છે, કેમ કે તે વખતના રાજપ્રમુખ જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીની એવી ઈચ્છા હતી કે તે ઈમારત તેમના વડવા અને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ક્રિકેટર પ્રિન્સ રણજીતની દેન છે અને તેની યાદગીરી રૂપે તે જળવાઈ રહે).

### જામનગરની મૂંગી પ્રજાના લલાટે મેડીકલ કોલેજ અંકિત કરનાર દિગ્ગજો :

**(૧) દાનવીર શેઠ શ્રી મેઘજીભાઈ શાહ**

**(૨) શેઠશ્રી પ્રેમચંદભાઈ શાહ**

મેડીકલ કોલેજનું ૧૯૯૫ ના વર્ષ સુધી (રાજકોટ–ભાવનગરની નવી મેડીકલ કોલેજ થતાં સુધીનું વર્ષ) વિસ્તરણ થતાં થતાં તેની હાલની બેઠક ક્ષમતા ૧૭૫ સુધી પહોંચી શકી છે. હાલ ત્યાં પોસ્ટ ગ્રેજયુએટ કોર્ષમાં બધાજ વિભાગોનો અભ્યાસક્રમ અસ્તિત્વમાં છે. ફક્ત સુપર સ્પેશ્યાલીટી એટલે કે ન્યુરોલોજી, પ્લાસ્ટિક સર્જરી જેવા અભ્યાસક્રમોની સુવિધા ઉપલબ્ધ નથી. જોઈએ હવે ભવિષ્યમાં કેવોક વિકાસ રકાસ(!) થાય છે તે. ઈરવીન હોસ્પિટલનો વિકાસ થતાં થતા ૧૯૯૫ ના વર્ષ સુધી જ સ્તો તેની પથારી ક્ષમતા પહોંચી છે ૧૩૭૫ સુધી.

અહી શૈક્ષણિક તબીબી સુવિધાઓનું થોડું દર્શન કર્યું. હવે જોઈએ જામનગરની અવગણના થવાનો વધુ એકાદ કિસ્સો.

જામનગરને ટૂંકા માર્ગે બ્રોડગેજ રેલ્વે, અત્યારે મળી તેના કરતાં બે દાયકા વહેલી, કચ્છ માટેના પ્રોજેકટ (ઝુંડ કંડલા બ્રોડગેજ એન્ડ ઈટસ એકસટેન્શન અપ ટુ જામનગર વાયા માળિયા દહીસરા પ્રોજેકટ અનુસાર) ની સાથો સાથ જ મળી ગઈ હોત. પરંતુ અહીંની પ્રજા એવું અનુભવે છે કે હંમેશ બનતું આવે છે તેમ રાજકોટને તેનો લાભ પ્રથમ મળે તે માટે તે પ્રોજેકટને યેન કેન પ્રકારે વિલંબિત કરીને લાંબા માર્ગે ત્યાં થઈને ૧૯૮૦ના વર્ષે જ મળી.

આ લાંબા માર્ગના બાંધકામના ઉદ્‌ઘાટન વિધિ વખતે ખૂદ રેલવેએ પ્રકાશિત કરેલ તા.૯–૧–૧૯૭૨ ની પુસ્તિકા દ્વારા જામનગર–ઓખા–પોરબંદર વિસ્તારની જ તેમાં અગત્યતા દર્શાવેલી હોવા છતાં, તે અસ્તિત્વમાં આવ્યાના આજ લગભગ બે દાયકાના સમય બાદ પણ લગભગ બધી જ લાંબા અંતરની ગાડીઓને રાજકોટ જાણે કે છેલ્લું સ્ટેશન (Terminus) હોય તે રીતે ત્યાં જ પૂરી કરી દેવામાં આવે છે. તેની વિરૂધ્ધની દરેક ફરિયાદોને જાણે કે કચરાની ટોપલીમાં જ નાંખી દેવામાં આવે છે.

આવતા દાયકામાં જ લગભગ ઓખા–પોરબંદર–વીરમગામ બ્રોડગેજ સાથે બે વધુ બ્રોડગેજ લાઈનો રાજકોટ વેરાવળ અને સુરેન્દ્રનગર–ધોળા–ભાવનગર–ઢસા–પીપાવાવ જોડાય જશે ત્યારે ટ્રેક કેપેસેટી સંતૃપ્ત થઈ જતાં સરળ ટ્રાફિક વહનમાં અવરોધ ઊભા થશે.

આ માટે ટૂંકા માર્ગે હાપા–દહીસરા જં. (ફકત હવે ૮૦ કિ.મી. થી પણ ઓછું અંતર કારણ કે હાલ દહીસરા–માળિયા બ્રોડગેજનું કામ પૂર્ણ થવા તરફ જ છે) ને બ્રોડગેજથી જોડી દેતાં વીરમગામ તથા કચ્છ તરફનો નવો 'BYE-PASS' મળી જવાથી ભવિષ્યમાં સરળ ટ્રાફીક વહનમાં હાડમારી નિવારી શકાશે ને તે પણ ઓછા ખર્ચે, આથી સંરક્ષણ તથા પછાત વિસ્તારના વિકાસની જરૂરિયાત પણ સંતોષાશે.

પણ કોઈ સાંભળવાની તસ્દી લેશે કે ? સાંભળીને અમલમાં મૂકવાની કસરત કરશે કે ?

ઈતિહાસ કયારેય વિરામ પામતો જ નથી. આજનો તાજો પ્રસંગ એ આવતીકાલનો ઈતિહાસ જ બની જાય છે. તો હવે અત્રે ઈતિહાસને નહિ પરંતુ આ લેખમાળાને વિરામ આપતા પહેલાં, તેનું થોડું ઉમેરણ આસ્વાદી લઈએ :

જામનગરમાં જન્મીને જેઓએ રાજાશાહી સમયનો ઠાઠમાઠ જોયેલો માણેલો ન હતો, તેવા લોકો માટે આ સદીના છઠ્ઠા દાયકાના અંતિમ ભાગે એક પ્રસંગ જોવા માણવા મળેલો. એ સમયે જામસાહેબ (સૌરાષ્ટ્રના રાજપ્રમુખ પણ રહી ચૂકેલા) શ્રી દિગ્વિજયસિંહજીના રાજકુંવરશ્રી શત્રુશલ્યસિંહજી (હાલના જામસતાજી) ના શુભ લગ્ન નેપાળના રાજવી ઘરાનાની કુંવરી સાથે થયેલા. જે પ્રસંગે રાજાશાહી ઠાઠ (જો કે 'લઘુ' – 'MINI' જ ગણી શકાય) સમી સવારી નીકળેલી અને તેના ઉપલક્ષમાં આખાયે શહેરની પ્રજાને ધૂમાડાબંધ (હવે તો આ બધું કલ્પનાતીત જ લાગે) જમાડાએલી. આ માટે સઘળી જ્ઞાતિઓ વાર જુદી જુદી જગ્યાએ જમણવાર યોજાયેલા.

આ બન્ને ભવ્ય પ્રસંગો માણવા સૌરાષ્ટ્રના અન્ય શહેરો ગ્રામ્ય પ્રદેશોમાંથી પણ અસંખ્ય લોકો ઉમટી પડેલા.

મહારાજશ્રી જુવાનસિંહજી (દાજીબાપુ) જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીના લોહીના સંબંધે પિતાશ્રી હતા, જેઓ કયારેય પણ રાજવીપદ પર આરૂઢ થયેલા નહોતા. તેઓશ્રીનું નિવાસ સ્થાન પણ અલગ હાલના દરબારગઢ પાસેના જામના દેરાની સામેની ગલીમાં નવા ઓરડા તરીકે જાણીતા સ્થળે હતું. જે દોઢી તરીકે પણ ઓળખાતું.

રાજાશાહીમાં ૧૯મી સદીના અંતભાગથી છેક લગભગ ૨૦મી સદીના ચોથા દાયકાના આરંભ સુધીમાં બ્રિટીશ હકૂમતના હાકેમોના નામ પરથી જામનગર ખાતે નીચે મુજબના સ્થાનો અસ્તિત્વમાં આવેલા.

### મહારાણી વિકટોરીયાના નામ પર :

(૧) વિકટોરીયા પુલ (હવે નવો નેતાજી સુભાષ પુલ બન્યો છે) (સ્મૃતિ પાના નંબર : ૮પર)

(૨) વિકટોરીયા જ્યુબિલી હોસ્પિટલ (હાલ આયુ.યુનિ.ના ઉપયોગમાં) (સ્મૃતિ પાના નંબર : ૨ પાછળ)

(૩) વિકટોરીયા જ્યુબિલી (Commemoration) ટાઉન હોલ (હાલ ત્યાં મ્યુનિ. કોર્પો.ની કચેરી છે, જ્યાં થોડા વર્ષો રાજ્ય માલિકીની જે એન્ડ ડી રેલવેની વડી કચેરી બેસતી અને બાદમાં આઝાદી પ્રાપ્ત થયે, તેને ત્યાંથી સ્થાનાંતરણ કરીને સામે શ્રી ભીડભંજન મહાદેવ મંદિરની પાસેના ઈન્દ્રમહાલની ઈમારતમાં લઈ જવામાં આવેલ) (સ્મૃતિ પાના નંબર : ૧૦પર)

### વાઈસરોયના નામે :

(૪) ચેમ્સફર્ડ વેજીટેબલ મારકેટ (હાલની સુભાષ મારકેટ) (સ્મૃતિ પાના નંબર : ૧૫પર)

(૫) ઈરવીન હોસ્પિટલ (હાલની ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલ)
(૬) ઈરવીન સર્કલ (હાલનો ટાઉન હોલ)
(૭) વિલીંગ્ટન ક્રેસંટ (અહીં રાજાશાહી સમયમાં વહીવટી કચેરીઓ, ન્યાયમંદિર વગેરે બેસતા દરબારગઢ ચોકમાંની અર્ધચંદ્રાકાર ઈમારત)
૮) બર્ધન ચોક (Burthon Chawk) (વ્યક્તિની ઓળખ મળી શકી નથી)
(હવે પહેલાંનો વિશાળ ચોક અત્રે રહેવા પામ્યો નથી. આઝાદી પ્રાપ્તિ બાદ મ્યુનિ. એ અહીં કાયદેસર વિશાળ દબાણ દ્વારા માર્કેટ ઊભી કરી દીધી છે)

**અસ્તુ.... આવજો.... નમસ્કાર**

(આ લેખમાળામાં જરૂરી અને ઉપયોગી માહિતી પૂરી પાડનાર શ્રીમતી મંજુલાબેન દવે, શ્રીમતી ડો. લીલાબેન સાઠયે સર્વશ્રી વૈદ્ય વિનાયકભાઈ ઠાકર, વૈદ્ય સી.પી.શુક્લ, ડો. વામનભાઈ માંકડ, ડો. એલ.એન.પાઠક, ડો. પ્રવીણ વી. મહેતા, ડો. પ્રફુલ્લભાઈ રીંડાણી, ડો. પ્રફુલ્લભાઈ બી. દવે (ગુજરાત બિરાદરીના અગ્રણી), શ્રી પુષ્પકાંતભાઈ ત્રિવેદી, લેફ. કર્નલ (નિવૃત્ત)

શ્રી જયેન્દ્રસિંહજી ગોવિંદસિંહજી જાડેજા, શ્રી પી.પી.રીંડાણી, શ્રી ભાનુભાઈ દેવનંદભાઈ જોશી તેમજ અન્ય આનુસંગિક કાર્યમાં મદદરૂપ થનાર કુમારી શિલ્પાબેન પ્ર. દવેનો આથી અત્રે જાહેર આભાર માનું છું.

એક ખાસ આભાર માનવાનો થાય છે ડો. જે.જે.ઓઝા, અધિક્ષક તબીબી સેવાઓ, ઈરવિન ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ, જામનગરનો કે જેઓના પત્ર નં. આઈજીએચ–મહેકમ–ડેસ્ટોક–૧૫૫૭૦–૯૮ તા.૬–૮–૧૯૯૮ દ્વારા આ લેખમાળા તૈયાર કરવાની મને પ્રેરણા તેમજ બળ મળ્યું.

આ સિવાય અન્ય સૌ નામી  અનામી તરફથી મને સહકાર સાંપડયો તેવા સૌનો પણ આથી આભાર માનું છું.

આ લેખમાળાને મારાથી બની શકે તેટલી સત્યથી અત્યંત નજીક લઈ જવાની મેં કોશિષ કરી છે. છતાં કોઈ ત્રુટિ કોઈનેય પણ જણાય તો ઉદાર દિલથી મને માફી બક્ષવા વિનંતી.
વિરમું.

**વિ.સં. ૨૦૫૫ વૈશાખ વદ-૧, તા.૧-૫-૧૯૯૯, શનિવાર**

# ભૂજીયો કોઠો



આ ભૂજીયા કોઠા પાસેનું રણમલ (લાખોટા) તળાવ હાલના ત્રણ ભાગને બદલે પહેલાં બે ભાગમાં જ વહેંચાયેલું હતું. પ્રથમનું આગલું નાનું તળાવ, જે આજપણ જેમનું તેમ અકબંધ છે અને પાછલું મોટું તળાવ જે લાખોટાથી ભૂજીયા કોઠા વચ્ચેની ગઢની રાંગની સળંગ દીવાલથી જૂદું પડતું હતું.

એ સમયે આ પાછલું તળાવ, ભૂજીયા કોઠા ખંભાળીયા નાકા, ન્યુ સ્કૂલથી પ્લોટ પોલીસ ચોકી, જોલી બંગલો, એસ.ટી. બસ સ્ટેશન થઈને છેક સુમેર સ્પોર્ટસ કલબ પાસે 'સાત રસ્તાને' જોડતા માર્ગ સુધી પથરાયેલું હતું. આ માર્ગ પર તળાવ બાજુ એકપણ બાંધકામ નહોતા અને સારા ચોમાસામાં તળાવના પાણી છેક આ માર્ગ પર ભટકાઈને મનોહર દ્રશ્ય સર્જતા.

બાદમાં સને ૧૯૬૧ના દાયકામાં, જામનગર બરો મ્યુનિસીપાલીટીએ આ તળાવને, તેની પાળ પર આવેલા લાલબંગલા સંકુલ પાસેના ડી.વાય.એસ.પી.ના બંગલા પાસેથી સામે છેડે પ્લોટ પોલીસ ચોકીને જોડતો, તેમજ 'ભૂજીયા કોઠા' તરફ આગલા તળાવના માર્ગને સળંગ જોડતો, વચ્ચેની ગઢની રાંગ તોડીને નવો અર્ધ વર્તુળાકાર માર્ગ કાઢીને ત્રણ ભાગમાં વહેંચી દીધું. ત્યાં સુધી તળાવના પાણી ભૂજીયા કોઠાને પખાળતા... આવું મનોહર દ્રશ્ય હતું.

સાથોસાથ આગલા તળાવની પાળ પરના 'શ્રી સત્યનારાયણ મંદિર' અને 'બાપુના બાવલા' ની સામે આવેલી બબ્બે કલાત્મક દેરીઓ વચ્ચે તળાવમાં ઉતરવાના પગથિયાં સાથેનાં આરોને પણ બૂરી દઈને, માર્ગને પહોળો કરવામાં આવ્યો. જો કે આનાથી અહીંની શોભા તો હણાઈ જ ગઈ.

પહેલાનાં સમયમાં આમ ચોતરફ સારૂંયે તળાવ ખૂલ્લું હોવા છતાં તે સ્વચ્છ રહેતું અને ઉચ્ચકક્ષાનું પર્યાવરણ રહેતું. ...ને આજે !!!

## પ્રકરણ - ૩

# રાજાશાહીની જામનગરને ઉત્તમ દેન : રણજીતસાગર એક ગાથા : ગંગા સાગરનું રણજીતસાગર ડેમ થયું...

જામનગરને જામશ્રી રણજીતસિંહજી (પ્રિન્સ રણજી) એ તેઓશ્રીના શાસનકાળ ૧૯૩૩ સુધીમાં અનેકાનેક ઉત્તમોત્તમ ભેટો પ્રદાન કરેલી છે, તે માંહેની જ આ એક ભેટ, તે 'રણજીત સાગર'.

પ્રારંભમાં આનું આયોજન તેઓશ્રીના શાસનકાળમાં જ તેઓશ્રીના પરમ મિત્ર એવા બિકાનેર (રાજસ્થાન) ના નરેશ શ્રી ગંગાસિંહજીના હસ્તે શિલારોપણ વિધિ દ્વારા તેઓશ્રીના નામ પરથી 'ગંગાસાગર' ના નામાભિધાન સાથે થયેલું. પરંતુ બાદમાં આનું નામ સને ૧૯૩૪ થી ૧૯૩૯ દરમ્યાન જામશ્રી દિગ્વિજયસિંહજીના રાજયશાસનમાં રૂપિયા ૨૦ લાખના ખર્ચે બાંધકામ પૂર્ણ થયા બાદ શા માટે તેનું નામ બદલીને રણજીત સાગર રાખવામાં આવ્યું ? તેની એક ગાથા છે, જે અત્રે પ્રસ્તુત છે :–

બ્રિટીશ શાસનકાળમાં હિન્દુસ્તાનના મોટા ગજાના રાજવીઓનું એક મંડળ 'નરેન્દ્ર મંડળ' નામે બ્રિટીશ હાકેમોની દેખરેખ હેઠળ ચાલતું અને નક્કી થયા મુજબ સમયે–સમયે તેની બેઠકો હાલના સંસદ ભવનની ઈમારત (આનું સર્જન પણ આવા મોટા ગજાના રાજવીઓના આર્થિક ભંડોળ દ્વારા જ કરવામાં આવેલું) માં મળતી અને 'પ્રિન્સીસ ચેમ્બર' ના નામે ઓળખાતી, જેમાં મોટા ભાગે બ્રિટીશરો વિરોધી સૂર ન ઉઠતો.

આવા સમયે જામશ્રી રણજીતસિંહજીના આ 'નરેન્દ્ર મંડળ' ના એક વખત પ્રમુખ બન્યા અને તેની એક બેઠક વેળાએ તેઓશ્રીએ પ્રમુખપદીય ભાષણમાં ત્યાં ઉપસ્થિત રાજવીઓને બ્રિટીશરો વિરૂધ્ધની એક વાત ચેતવણીના સૂરમાં કરવાની શરૂઆત કરી (આ અંગે એવી માહિતી સાંપડી કે એ સમયના અખંડ હિન્દુસ્તાનના સર્વ રાજવીઓનું આ સંયુકત માળખું તે સમયની આઝાદીની લડતમાં કયાંય બળ પૂરે તેવું શક્તિશાળી બની જવા પામે તો ? તેવા ડરથી પ્રેરાઈને જ ત્યારના બ્રિટીશ હાકેમોએ તેઓની આગવી કુટિલ ચાલ અનુસાર આ શક્તિશાળી નરેન્દ્ર મંડળનું ધર્મ આધારીત બે મુખ્ય કોમો હિન્દુ – મુસ્લિમ વચ્ચે વિભાજન કરવાના ષડયંત્રનો પ્રારંભ કરેલો એટલે કે હિન્દુ નરેન્દ્ર મંડળ ને મુસ્લિમ નરેન્દ્ર મંડળ આ વિશે જ શ્રી રણજીતસિંહજી પોતાના વકતવ્યમાં ચેતવણીનો સૂર વ્યકત કરવા જતા હતા).

આ દરમિયાન જ સ્વાભાવિક પણે બ્રિટીશરોથી ભયભીત હોય જ તેવા રાજવીઓ માંહેના એક શ્રી રણજીત જામના જ પરમમિત્ર એવા બિકાનેરના રાજવી શ્રી ગંગાસિંહજીએ વચ્ચે અવરોધ કરીને વિરોધ દર્શાવતા બોલવા લાગ્યા કે આ વિચારો શ્રી રણજીતસિંહજીના અંગત વિચારો લેખવામાં આવે અને તેને પ્રમુખપદીય ભાષણ ન ગણવામાં આવે. આથી ઉપસ્થિત બ્રિટીશ હાકેમો તેઓશ્રીનું ભાષણ અધવચ્ચેથી અટકાવીને પૂરૂં કરાવ્યું, જેનો શ્રી રણજીતસિંહજીને તીવ્ર આઘાત લાગ્યો અને બાદ તેઓ નિરાશામાં જ જીવન વ્યતિત કરવા લાગ્યા અને થોડા સમયમાં જ નિધન પામ્યાં.

ઉપર દર્શિત ચાલનાં ગંભીર પરિણામોની ગંધ શ્રી રણજીતસિંહજીને અગાઉથી આવી ગયેલી અને તેથી જ તો તેઓશ્રીએ તેના ભયસ્થાનોથી સર્વ રાજવીઓને વાકેફ કરવાની પોતાની પ્રમુખ તરીકેની ફરજ સમજીને જ આ ભાષણમાં તે વાતનો હિંમતભેર ઉલ્લેખ કરવાની શરૂઆત કરેલી, જે ભાષણ અધવચ્ચેથી જ બંધ કરાવાતાં તેઓની મનની મનમાં જ રહી ગઈ.



કહે છે કે શ્રી દિગ્વિજયસિંહજીએ ગાદીનશીન થયા બાદ, આ કિસ્સાની જાણકારી થતાં અત્યંત દુઃખી અને ક્રોધિત થઈને, પહેલાં અપાયેલા આ ડેમનું નામ બદલીને રણજીતસાગર નામ રાખીને જ તેની ઉદ્દઘાટન વિધિ સંપન્ન કરી.

લખ્યા તા. ૯–૩–૨૦૦૧ શુક્રવાર
(હુતાસણી)

## પ્રકરણ - ૪

# બીજી ગાથા - ક્રિકેટ ક્ષેત્રની રણજી ટ્રોફી



રાજાશાહી યુગમાં જામનગરના રાજવી શ્રી રણજીતસિંહજીના શાસનકાળ દરમિયાન તેઓશ્રીને પંજાબના પતિયાળા રાજયના રાજવી શ્રી ભૂપેન્દ્રસિંહજી રાજેન્દ્રસિંહજી વચ્ચે અતિ ગાઢ દોસ્તી હતી, તે એટલે સુધી કે શ્રી રણજીતસિંહજીના સને ૧૯૩૩ માં નિધન થયા બાદ લગભગ ૧૯૩૪–૩૫ ના વર્ષમાં તેઓશ્રીએ તેમની સ્મૃતિમાં ભારત (હિન્દુસ્તાન) ને અસલ શુધ્ધ સોનાની તે સમયના લગભગ રૂા. ૫૦,૦૦૦.૦૦ ની કિંમતની તેમના નામની 'રણજી ટ્રોફી' એનાયત કરી કે જેના નામે આજ પર્યંત 'રણજી ટ્રોફી' ના રાષ્ટ્રિય કક્ષાનાં મેચો દેશભરમાં રમાય છે અને વિજેતાને અર્પણ થાય છે. (એક માહિતી એવી પણ છે કે જામનગર (નવાનગર) ની ટીમે પણ આ ટ્રોફીના પ્રારંભના વર્ષોમાં જ એક વખત વિજેતા થઈને તે હાંસલ કરી હતી).

કહે છે કે જામશ્રી રણજીતસિંહજી 'પ્રિન્સ રણજી' ના નિધન બાદ પણ તેમના અનુગામી એવા જામશ્રી દિગ્વિજયસિંહજીએ પણ શ્રી ભૂપેન્દ્રસિંહજી સાથે એવો જ નાતો જાળવી રાખેલો અને તેઓશ્રીને કાકા તરીકેનું માન આપતા અને તેઓ અંકલ તરીકે જ સંબોધતા.

આ નાતે શ્રી ભૂપેન્દ્રસિંહજીએ પણ એ સમયમાં 'નવાનગર ટીમ' સારાયે ભારતમાં અગ્રણી ગણાતી હોઈને, લગભગ ૧૯૩૬–૩૭ ના વર્ષમાં તેઓશ્રીના રાજકુંવર શ્રી યાવેન્દ્રસિંહજીને પણ ક્રિકેટમાં પાવરધા બનાવવા અહીં ખાતે શિક્ષણ લેવા મોકલવાનું નકકી કરેલું.

શ્રી દિગ્વિજયસિંહજીએ પણ નવાનગરની ટીમના બધા જ બાહોશ ક્રિકેટરોને તે માટે બધી જ સૂચના અગાઉથી આપી રાખેલી. પરંતુ કોઈ કારણવશ તે રાજકુંવર અહીં આવી શકયા નહીં અને તે કાર્યક્રમ રદ કરવો પડેલો.

આવી ગાઢ દોસ્તી હતી તે સમયે જામનગર અને પતિયાળા (પંજાબ) રાજયો વચ્ચેની.

એક કડવી છતાં સત્ય હકીકત અત્રે પ્રસ્તુત કે જેના નામ પર આ રાષ્ટ્રીય ટ્રોફી પ્રદાન થઈ તેવા શ્રી પ્રિન્સ રણજીના જ જામનગર ખાતે ૧૯૪૭ માંઆઝાદી પ્રાપ્તિ બાદ, આના નેજા હેઠળની કોઈપણ કક્ષાની મેચ નિયમિત રીતે યોજાઈ નથી.

લખ્યા તા. ૯–૩–૨૦૦૧ શુક્રવાર (હૂતાસણી)

સને ૧૯૦૭ માં જામશ્રી રણજીતસિંહજી (પ્રિન્સ રણજી) એ જામનગરમાં રાજયારોહણ કર્યા બાદ, ધ્રાંગધ્રાના રાજવી રાજા સાહેબશ્રી અજીતસિંહજીએ ઉપરની તસ્વીરમાં દર્શિત પોતાના નામ સાથેનું ક્રિકેટ પેવેલિયન, જામશ્રી રણજીતસિંહજીને સને ૧૯૦૮ માં બાંધીને ભેટ ધર્યુ, જે નીચેની પેવેલીયનની ઓસરીમાંની તકતી પરથી જોઈ શકાય છે.

આ પેવેલિયનમાં અનેક એ કલાસ મેચો રમાયા છે, તે માંહેના એક એવા મેચમાં, મહાન બેટધર નવાનગર ટીમના શ્રી અમરસિંહને સામે છેડેથી એક જોરદાર છકકો મારેલો અને પેવેલિયનમાં આગળના ભાગે ડાબી બાજુ ગોળાકારમાંરહેતી તેની કદની જ ઘડિયાળને લાગતા તેના ચૂરા બોલી ગયેલા. બાદમાં ત્યાં ક્યારેય તેવી ઘડિયાળ મૂકાયેલી નહીં. પરંતુ આ દસકામાં ગુજરાત સરકારના જે તે વખતના ખેલમંત્રીશ્રીને તે અંગે સૂચન કરતાં હવે ત્યાં નવી મૂકાવા લાગી છે, જે અવારનવાર વાર તહેવારના પ્રસાર પર મૂકાતી હોય છે.

પ્રિન્સ રણજી બાદ ક્રિકેટ ક્ષેત્રે એવું જ નામ કાઢનાર થઈ ગયા શ્રી દુલિપસિંહજી, દુલિપ જેઓ છેલ્લી સૌરાષ્ટ્ર સરકારના સમયે ત્યાંના સૌરાષ્ટ્ર પબ્લીક સર્વીસ કમિટીના ચેરમેન હતા. રણજી અને દુલીપ ટ્રોફીઓ આજપણ તેઓના નામ પરથી જ રાષ્ટ્રિય કક્ષાએ રમાય છે. જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીના તે સૌથી નાના ભાઈ હતા. પ્રથમ શ્રી પ્રતાપસિંહજી (અજય જાડેજાના દાદાજી), દ્વિતીય શ્રી જામ સાહેબ પોતે, તૃતીય શ્રી હિંમતસિંહજી અને ચતુર્થ છેલ્લા તે શ્રી દુલિપસિંહજી.

## પ્રકરણ - ૫

# નવાનગર રાજ્યના ઝંડા ગીતો
# ઈતિહાસનું એક પૃષ્ઠ

સને ૧૯૪૩ના બીજા વિ યુધ્ધ સમયે, પોલેન્ડના બાળકો અને સ્ત્રીઓને જૂના નવાનગર (જામનગર) રાજ્યના રાજવી જામ સાહેબ જામશ્રી દિગ્વિજયસિંહજીએ પોતાના બાલાચડી ગ્રિષ્મ મહેલમાં(જે હવે સૈનિક સ્કૂલમાં પરિવર્તિત થયેલ છે) આશરો આપેલો. એ સમયે ત્યાં સમૂહમાં બ્રિટીશ, પોલેન્ડ અને નવાનગર રાજ્યના રાષ્ટ્રગીતો ગવાતાં. આ માંહેના નવાનગર રાજ્યના રાષ્ટ્રગીત ઝંડા ગીતોની ગ્રામોફોન કંપનીની રેકર્ડ (બન્ને બાજુ) ત્યારે પ્રસિધ્ધ થયેલી (ગ્રામોફોન કંપની એચ.એમ.વી. ડમ ડમ એક બાજુ રેકર્ડ નં. 15381 OML 1745 અને બીજી બાજુનો નં. 15381 OML 1746)

આ ગીતોની રચના તે સમયની પ્રસિધ્ધ ફિલ્મ 'સિકંદર'ના ગીતની ધૂન પર આધારીત, તે સમયના રાજ્યના રેવન્યુ સેક્રેટરી, શ્રી સૂરસિંહજી શિવસિંહજી જાડેજાએ (તેઓને જામશ્રી રણજીતસિંહજીએ ઈંગ્લેન્ડ અને અમેરીકાના ઉચ્ચત્તમ કૃષિ વિજ્ઞાનની શૈક્ષણિક પદવીઓ હાંસલ કરાવેલી) કરેલી અને તેમાંરાજ્યના મિલીટરી બેન્ડનો ઉપયોગ કરાવેલો.

આ ગીતોના શબ્દો રેકર્ડ પરથી ઉતારેલા, આ રહ્યા (ગુજરાતી રેકર્ડ).

**ઝંડા ગીત**
**રેકર્ડ નં. 15381 OML 1745**

(લાંબી ધૂન)
જામ હમારા પ્રાણ હૈ, જામનગર કી શાન હૈ,
હમકો યે અભિમાન હૈ, ઝંડા અમરશ્રી જામ કા (૨)
(ધૂન)
જામનગર મેં રહેતે હૈં, ઈસકે ઘરમેં રહેતે હૈં,
સાંજ સવેરે કહેતે હૈં, ઝંડા અમરશ્રી જામ કા (૨)
(ધૂન)
પ્રેમ સુધા બરસાનેવાલા, વીરો કો હર્ષાનેવાલા,
ભ્રાતૃભાવ બઢાનેવાલા, ઝંડા અમરશ્રી જામ કા (૨)
(ધૂન)
દુનિયામે લહેરાય હમેશાં, અપને શરપે છાય હંમેશાં,
દુશ્મન કો ઘડકાય હંમેશાં, ઝંડા અમરશ્રી જામ કા (૨)
(ધૂન)
જાન હમારા પ્રાણ હૈ, જામનગર કી શાન હૈ,
હમકો યે અભિમાન હૈ, ઝંડા અમરશ્રી જામ કા (૨)

('સિકંદર'નું ગીત : ઝીંદગી હૈ પ્યારસે, પ્યારમેં બીતાયેજા, હૂશ્નકી હૂઝુરમેં, અપના દીલ લૂટાયેજા...)

**એક વિશેષ નોંધ :** આ આશરો પામેલા બાળકો, હાલ વૃધ્ધત્વને આરે પણ તે પ્રસંગની યાદગીરીમાં પોલેન્ડમાં સ્થપાયેલ 'જામનગર કલબ' માં પ્રસંગોચિત ઉજવણી કરતા રહે છે અને આશ્રય આપનાર જામ સાહેબશ્રી દિગ્વિજયસિંહજી અને મહારાણીશ્રી ગુલાબકુંવરબાની તસ્વીરને વંદના કરતા રહીને માન આપે છે.

## લાંબી ધૂન
## રેકર્ડ નં. ૧૫૩૮૧ OML રાષ્ટ્રગીત

**ઉદ્બોધન :** સાંભળો સાંભળો, સૌરાષ્ટ્ર દેશની પવિત્ર હાલાર ભૂમિનું ગૌરવ આપણે બરાબર સમજવું જોઈએ.

આ વીર ભૂમિમાં આજથી ચારસો વર્ષ પહેલાં જામશ્રી રાવલે જામનગર જેવા સુંદર શહેરનો પાયો નાંખી, નવાનગર રાજ્યની સ્થાપના કરી. જામનગરના જામ એ આ વીરભૂમિના વિધાતા છે.

શ્રી કૃષ્ણ, જેને હિંદના અઠયાવીસ કરોડ હિંદુઓ ભગવાન તરીકે પૂજે છે, તેના એ વંશજ છે.

આ પવિત્ર વંશના જગમશહૂર પ્રિય સમ્રાટ જામશ્રી રણજીતની ઉદાર પ્રેરણાથી આ દેશમાં ભણતા હજારો બાલકો પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મફત લઈ રહ્યા છે. તેથી નવાનગર રાજ્યના એક એક બાલકને હાલારની પવિત્ર ભૂમિનું અભિમાન હોવું જોઈએ.

જે ભાવથી અન્ય દેશો પોતપોતાની જન્મભૂમિનું રાષ્ટ્રગીત ગાય છે અને દેહનું સમર્પણ કરવા તૈયાર થાય છે, તેવી ભાવના આ ગીત ગાતી વખતે હાલાર દેશ અને હાલાર દેશના ધણી જામસાહેબ બાપુ માટે દરેક બાલકના હૃદયમાં હોવી જ જોઈએ.

**બોલો, શ્રી જામો જયતિ... શ્રી જામો જયતિ... શ્રી જામો જયતિ**
**ગાન : જય... જય... મહારાજ નમિતા,**
**નમિતા આદર સહિતા,**
**હિતારાજ શુભનિતા,**
**જૂગ જૂગ જીવો પિતા,**
**જામશ્રી હાલાર હિતા.**
**સમાપ્તિ સૂર**

લખ્યા તા. ૨૪–૩–૨૦૦૧, શનિવાર, જામનગર.
**રેકર્ડ સંગ્રહ અને પ્રસ્તુતિ :** હરિવદન શાન્તિલાલ જોશી
**ગ્રામોફોન અને રેકર્ડ્ઝ સંગ્રહ :** સંગ્રહકર્તા હરિવદન શા. જોશી



# જામનગર થોડું વધુ દર્શન ભવ્ય ભૂતકાળ

**(૧)** પાના નં. ૬૩–૬૪ પરના પૂર્વ નવાનગર (જામનગર) રાજ્ય અરસાના રાષ્ટ્ર ઝંડા ગીતોમાં દર્શિત, પોલેન્ડના શરણાર્થીઓ વિશેની થોડી વધુ માહિતી.

દ્વિતીય વિ યુધ્ધના સમયગાળામાં પોલેન્ડ પર સને ૧૯૩૯માં પૂર્વ દિશા તરફથી રશિયાના રેડ આર્મી અને પશ્ચિમ દિશા તરફથી હિટલરના જર્મનીના નાઝી સૈન્યોએ જોરદાર હૂમલો કરેલો. કારણ કે પોલેન્ડ બ્રિટનના સાથી દેશોના મિત્ર તરીકે રહેલું. એજ નાતે સને ૧૯૪૦માં બ્રિટન સાથેના યુધ્ધ સમયે પોલેન્ડ સાથી દળોના સહકારમાં પોતાના પાઈલોટોને બ્રિટનની તરફેણમાં યુધ્ધમાં જોતરેલા.

આના ફળસ્વરૂપ રશિયા અને જર્મનીએ પોલેન્ડ પર ભીષણ જંગ આરંભતા તેનું પાટનગર 'વોર્સો' ભયમાં આવી પડેલું અને સ્ત્રીઓ અને બાળકોમાં ગભરાટ ફેલાતાં તેની સુરક્ષા અર્થે બ્રિટનની વિનંતીથી હિન્દુસ્તાનના દેશી રાજ્ય એવા નવાનગરના તે સમયના રાજવી જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીએ તેમને શરણાર્થીઓ તરીકે સ્વીકારી બાલાચડી ખાતે સંપૂર્ણ સલામતી બક્ષી અને ત્યાંજ વસવાટ દરમિયાન તેઓને મોંઘેરા મહેમાન તરીકે સાચવેલા.

આ મહેમાનગતિની યાદ આજસુધી પોલેન્ડે સાચવી રાખી છે અને અવારનવાર આજપણ જામનગર શહેરની પ્રજાની સુવિધાના વધારામાં પોતાનું યોગદાન આપી રહેલ છે.

પોલેન્ડ ભારતના સપુતો એવા મહાત્મા ગાંધી, પંડિત નહેરૂ તેમજ તે જામસાહેબને માનની નજરે નિહાળે છે. પોલેન્ડ સરકારે વોર્સો યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં મહાત્મા ગાંધીનું પૂતળું અને જામનગરના એ જામસાહેબના નામે એક શાળાની પણ સ્થાપના કરી છે. (તા.૧૧મી નવે. ૧૯૧૮ ના દિને પોલેન્ડે સ્વતંત્રતા પ્રાપ્ત કરી તેની યાદમાં, તે દિને દર વર્ષે ઉજવણી થતી રહે છે. તેવી જ ચોર્યાસી વર્ષની યાત્રા બાદ ઉજવાયેલી તા. ૧૧મી નવે.૨૦૦૨ ની ઉજવણીના સંદર્ભમાં તેના દ્વારા પ્રસિધ્ધ થયેલી અંગ્રેજી પુસ્તિકા... આધારીત હકીકતો તેના સૌજન્યથી)

પોલેન્ડનું સ્થાન દર્શાવતો નકશો.

## (૨) હાલાર, નવાનગર, જામનગર વચ્ચેની સૂક્ષ્મ ભેદ રેખાઓ :

**હાલાર** : સને ૧૫૧૯માં જામશ્રી રાવળે કચ્છ તરફથી રણ મારફતે 'કાઠિયાવાડની' ઉત્તર દિશાએ આવેલ નાના રાજ્યો (ઓખા મંડળ, મોરબી, વાંકાનેર સિવાય) માં પ્રવેશીને તેને જીતી લીધા અને એ સમગ્ર વિસ્તારને જાડેજા શાખાના મૂળ પુરુષ ગાજનના દીકરા હાલાજીના નામ પરથી જ પોતાના રાજ્ય તરીકેનું નામ હાલાર આપ્યું અને પોતાનું રાજ્ય હાલાર રાજ્ય સંસ્થા સ્થાપ્યું, જેનું પાટનગર ખંભાળિયા (હાલનું જામ–ખંભાળિયા) રાખ્યું.

**નવાનગર** : એ બાદ સને ૧૫૪૦ મા જામનગરની સ્થાપના બાદ એટલે કે નવું નગર વસાવ્યા બાદ તેને નવાનગર તરીકે ઓળખાવાયું અને ત્યાં ખંભાળિયાથી પાટનગરનું સ્થળાંતર કરાવાયું, જો કે છેક સુધી દરેક નવા જામસાહેબનો રાજ્યાભિષેક વિધિ ખંભાળિયા ખાતે કરાવવાનો શિરસ્તો જાળવી રાખવામાં આવ્યો, શૂકન તરીકે જ સ્તો.

**જામનગર** : બાદમાં જામસાહેબનું નગર એટલે કે નવાનગરને જામનગર તરીકે ઓળખાવાયું, કારણ કે તેના નિવાસનું કાયમી શહેર બનવા પામ્યું, જે આજ સુધી તે નામે જ અસ્તિત્વમાં છે. પરંતુ રાજ્યનું નામ તો છેક સુધી નવાનગર રાજ્ય (સંસ્થાન) જ રહ્યું.

આમ રાજ્યનું નામ પ્રારંભમાં હાલાર અને તે બાદ છેક સુધી નવાનગર રહેવા પામ્યું અને રાજ્યના પાટનગરનું નામ જામનગર જ રહ્યું.

## (૩) નંદ નિવાસ : એક મહાલય (બંગલો) ની દાસ્તાન

જામશ્રી રણજીતસિંહજીએ એમના શાસનકાળ દરમિયાન હીરા ઝવેરાતના કુશળ સોદાગરને એ ધંધા દ્વારા રાજ્યની તિજોરીને પણ સમૃધ્ધ બનાવવા જામનગર બોલાવેલા અને સ્થાયી કરેલા. એ જ સોદાગર તે શ્રી અલીભાઈ અબ્બાસભાઈ ઝવેરી.

ઉપરોક્ત મહાલય એજ તેમણે બંધાવેલું પોતાનું નિવાસ સ્થાન. તેઓ એટલા તો પહેરવા ઓઢવાના શોખીન હતા કે કાયમ તે સફાઈના વસ્ત્રો પરિધાન કરેલા જ દશ્યમાન થતા. તેના જેવી અન્ય કોઈ સામાન્ય વ્યક્તિ સફાઈદાર વસ્ત્રોમાં નજરે ચડતી તો અન્યો બોલી ઉઠતાં, શું અલીભાઈ ઝવેરી છો ? આમ પહેરવેશ તેના પર્યાય જેવો બની રહેલો.

જામશ્રી દિગ્વિજયસિંહજીના પ્રારંભના શાસનકાળ દરમિયાન પણ તેઓ તેમના પ્રિય પાત્ર જ રહેલા. તેઓ ૧૯૩૩–૩૪ ઈસ્વીસનના વર્ષની મુદત માટે જામનગરમાં પ્રથમ વખત જ રચાયેલી ધી નવાનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ તરીકે વરાયેલા.

થોડા સમયમાં જ કોઈ રાજ્ય ખટપટના ફળસ્વરૂપ તેમને જામનગરમાં હાંકી કાઢી તેમના તમામ મિલ્કત જપ્ત કરવાની કારવાઈ શરૂ થયાની ખાનગી માહિતી મળતાં જ, તેઓ આ મહાલય મુકીને બધી જ મિલ્કત લઈને ગૂપચૂપ જામનગર છોડી ગયા. બાદમાં આ મહાલય જ રાજ્યને જપ્તીમાં મળ્યો.

આઝાદીના આગમન બાદ અન્ય મિલ્કતોની જેમ આ મહાલય પણ અંતિમ રાજવી દ્વારા અંગત મિલ્કત તરીકે રખાયો, જે બાદમાં સૌથી નાના રાજકુંવરી સુશ્રી હિમાંશુકુમારીબાના ભાગમાં આવ્યો અને તેનો સોદો સને ૧૯૭૦–૭૧ આસપાસ મુંબઈના પ્રખ્યાત આરામ હોટલના માલિક શ્રી દયાશંકર ભટ્ટ સાથે કરવામાં આવ્યો. ત્યારે ત્યાં શરૂ થયેલી હાલની ન્યુ આરામ હોટલ, પંડિત નહેરૂ માર્ગમાં શ્રી ડી. કે. વી. કોલેજ સામેની, એજ ઉપરોક્ત મહાલય.

## (૪) મેઘદૂત : અન્ય એક મહાલય (બંગલો) ની દાસ્તાન :

જામનગરની શ્રી એમ.પી.શાહ મેડીકલ કોલેજ જેમની ઉદાર શાહના નામથી સુવિખ્યાત છે. તેઓના મોટી રકમના દાનથી આ કોલેજ સૌરાષ્ટ્રમાં અસ્તિત્વમાં આવેલી.

વિદેશથી અહીં આવીને કાયમી વસવાટ કરવા માટે તેઓએ હાલના જેલ રોડ પર, પવનચકકી વિસ્તારમાં 'મેઘદૂત બંગલો' બાંધેલો જ્યાં તેઓએ વસવાટનો પ્રારંભ કરેલો.

તેમની મોટી રકમની સખાવતો ગામ, શહેર, રાજ્ય કે દેશના સીમાડા સુધી જ વિસ્તરેલી નહીં, પરંતુ વિદેશમ્રાં પણ તે વિના સંકોચે વિસ્તારેલી.

એમની આ ઉદાર દિલની મોટી રકમની સખાવતોની વાત પ્રથમ પ્રધાનમંત્રીશ્રી જવાહરલાલ નહેરૂના કાન સુધી પહોંચી.

તેઓશ્રીએ એક વખત જામનગર શહેરની મુલાકાત વેળાએ એરપોર્ટ ઉતર્યા બાદ વગર નિર્ધારીત કાર્યક્રમ, સત્તાવાળાઓને મેઘદૂત બંગલો મુલાકાતે જવાની ઈચ્છા પ્રદર્શિત કરી. અધિકારીગણ મુંઝવણમાં પડી ગયો. જો કે તે સમયમાં

સલામતીનો પ્રશ્ન બહુ સતાવતો નહોતો.

શેઠશ્રીને ફોન પર માહિતી આપી અને શ્રી નહેરૂજી ત્યાં નિવાસ સ્થાને આમ અણધારી મુલાકાતે જવાનો આ પહેલો પ્રસંગ હતો. પરંતુ શેઠશ્રી માટે તો આ કાયમી સંભારણારૂપ મહાન પ્રસંગ હતો, જો કે જામનગર માટે પણ તેવો જ.

થોડા વર્ષો બાદ કંઈક તે સમયના ગંદા રાજકારણથી દાઝયાનો અહેસાસ થતાં તેઓએ ફરીને વિદેશ ચાલ્યા જતા, આ મેઘદૂત વેંચી મારેલ.

જામનગર માટે આ મહાલય ગૌરવપ્રદ રહેત જો તેને ટ્રસ્ટ દ્વારા પુનઃપ્રાપ્ત કરીને ત્યાં જ અસલ સ્વરૂપમાં તેમને જાળવી, ત્યાં જ નહેરૂના પ્રિય એવા બાળકો માટેની પ્રવૃતિ શરૂ કરવામાં આવી હોત, ખેર લખ્યા તા.૩–૨–૨૦૦૫.

## (૫) જામનગર : અનેક ક્ષેત્રે સદા અગ્રેસર

:૧: પ્રથમ વિ યુધ્ધની સમાપ્તિ બાદ, બ્રિટીશ સરકારે બ્રિટીશ ઈન્ડિયાના પ્રતિનિધિ તરીકે, વિ શાંતિ માટે સ્થપાયેલ લીગ ઓફ નેશન્સમાં જામસાહેબશ્રી રણજીતસિંહજીને નિયુક્ત કરેલા.

:૨: એજ રીતે બીજા વિ યુધ્ધની સમાપ્તિ બાદ, અસ્તિત્વમાં આવેલ યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન (યુ.એન.ઓ.) માં સ્વતંત્ર ભારતના પ્રતિનિધિ તરીકે એ સમયના ગૃહમંત્રીશ્રી (ઉપપ્રધાનમંત્રી પણ) પટેલ વલ્લભભાઈ સરદારશ્રીએ જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીને નિયુક્ત કરેલા, જેઓ એ સમયે સૌરાષ્ટ્ર રાજયના રાજપ્રમુખના હોદા પર પણ હતા.

:૩: સમગ્ર કાઠિયાવાડ (હાલનું સૌરાષ્ટ્ર) માં કાઠીયાવાડના પેરિસ તરીકેની જામનગરને નામના અપાવનાર હતા, જામશ્રી રણજીતસિંહજી, હાલ તેઓ પેરિસમાંથી પેરીશેડનું બિરૂદ અપાવનાર તો છે, જામનગરની સમગ્ર પ્રજા અને તેના એદીપણાનું પ્રતિનિધિત્વ કરનાર તેના નેતાઓ.

:૪: એશિયાભરમાં પ્રથમ 'સોલેરીયમ' સ્થાપનાર પણ હતા તે જ જામસાહેબ શ્રી રણજીતસિંહજી હવે તેને ભંગારમાં ફેરવનાર છે, તેની જ એટલે કે જામનગરની નિષ્ક્રીય અને એદી પ્રજા.

:૫: પ્રથમ 'રેડીયો' જામનગરની સૌરાષ્ટ્રભરમાં થનારી સ્થાપના પણ આજ જામનગરની ખાઉધરી પ્રજાના પાપે અહીંને બદલે રાજકોટ ખાતે થઈ નહિંતર જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીના રાજય શાસનના અંતિમ વર્ષોમાં તો લાખોટા ખાતે તેનો પ્રારંભ થવાની ઘડિયો જ ગણાતી હતી.

:૬: સૌરાષ્ટ્રભરમાં પ્રથમ એરોડ્રામ અને વિમાનો પ્રારંભ જામનગરમાંજ જામશ્રી દિગ્વિજયસિંહજીના રાજય શાસનમાં જ થયેલો.

:૭: આયુર્વેદનો પુનરોધ્ધાર અને તેનું પધ્ધતિસરનું શિક્ષણ પણ ગુજરાતભરમાં આરંભાયું જામનગર ખાતે જામશ્રી દિગ્વિજયસિંહજીના રાજયશાસનના અંતિમ વર્ષોમાં જ, મહારાણીશ્રી ગુલાબકુંવરબાના અથાગ પ્રયત્નો વડે.

:૮: આ જ સંવેદનાવિહીન જામનગરની પ્રજાની નિષ્ક્રીયતાના પાપે જ જામનગરે પોતાના ઘણા કાયદેસરના હકકો પણ ગુમાવ્યા, રાજય અને રાજકોટ જરાપણ પ્રયત્નો વિના જ ફકત એટલા જ કારણસર કે આપણી પ્રજાનું માનસ આપણને ન હોજો, પણ પડોશીને હોજો મા માનનારૂં આમાંયે અગ્રેસર !

:૯: આજ, પણ આપણે નથી માંગતા કે પાસપોર્ટ કચેરી હાઈકોર્ટ બેન્ચ ઈત્યાદી રાજકોટને આપો !

## પ્રકરણ - ૭

# જામનગરમાં નાટયશાળા - સિનેમા - ટોકીઝોના ઉદય અને અસ્તની ઐતિહાસિક ઝલક

ભારતમાં ફિલ્મોના પ્રદર્શનના આગમન પહેલાં નાટકો ભજવવા માટે નાટકશાળાઓ અસ્તિત્વમાં આવેલી.

એ સમયના નાટકોના પાત્રોની વેશભૂષા, સેટીંગ્ઝ, રજૂઆત ઈત્યાદિ હાલ પ્રદર્શિત થતા આધુનિક નાટયપ્રયોગો કરતા સદંતર ભિન્ન પ્રકાર ધરાવતા હતા.

એ જમાનામાં એટલે કે લગભગ સને ૧૯૩૦ ની પહેલાનાં સમયમાં જામનગરમાં પણ બે નાટકશાળાઓ (૧) દડીયાની નાટકશાળા, જે હાલની શ્રી સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ સામેની બંધ પડેલી દીપક ટોકીઝના સ્થળે જ (૨) એની જ બીજી નાટકશાળા, હાલની નવાનગર હાઈસ્કૂલ સામેની જયશ્રી ટોકીઝના ચોગાનમાં જ જમણી તરફ આવેલા બંધ ગોદામમાં, જેનો હાલ ખાનગી પેઢીના ગોદામો તરીકે જ ઉપયોગ થાય છે.

એ બાદ મૂંગી ફિલ્મોના આગમન સમયે પ્રથમ નાટકશાળામાં, એને અનુરૂપ ફેરફારો સાથે રણજીત સિનેમાનો પ્રારંભ થયો. તેમજ લગભગ એની સાથોસાથ જ દિગ્વિજય સિનેમાનો પ્રારંભ થયો, જેના સ્થળે હાલ નાલંદા કોમ્પ્લેક્ષ નામનું વિશાળ વ્યાપારી સંકુલ બન્યું છે.

બોલતી ફિલ્મોનો યુગ શરૂ થતાં આ બન્ને રણજીત ટોકીઝ અને ન્યુ દિગ્વિજય ટોકીઝ બન્યાં.

એ બાદ આઝાદી વર્ષ પહેલાં, હાલની શ્રી દયારામ લાઈબ્રેરી, રણજીત રોડ પરની જમણી બાજુના ખૂણે લાઈટહાઉસ ટોકીઝ અસ્તિત્વમાં આવેલી, જ્યાં હાલ એજ ઈમારતમાં યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા કાર્યરત છે, રસ્તા પરના તેના કોલેપ્સીબલ ગેઈટની પાછળના ભાગે જ તેનો પડદો હતો. આ ટોકીઝ બાદમાં થોડા જ વર્ષોમાં બંધ પડેલી.

એ બાદ જૂની ઈમારતોમાં જ ટોકીઝ લાયક થોડા ફેરફારો સાથે વધુ બે ટોકીઝો અસ્તિત્વમાં આવી.

(૧) શત્રુશલ્ય ટોકીઝ (હાલની સુભાષ શાક માર્કેટની જમણી બાજુના રસ્તા પર તે બંધ હાલતમાં છે)

(૨) જયશ્રી ટોકીઝ (હાલની નવાનગર હાઈસ્કૂલની નજીક સામેના ભાગે જ કાર્યરત છે)

એ બાદ ફિલ્મ ઉદ્યોગ તેના મધ્યાન્હને તપતો હતો ત્યારે વધુ ને વધુ ટોકીઝો આકાર લેવા માંડી. જામનગરમાં પણ આધુનિક યુગની માંગ અનુસાર ચાર નવી ટોકીઝો આધુનિક ઈમારતોમાં પાંગરી.

(૧) સંજય ટોકીઝ બાદમાં એ જ અનુપમ ટોકીઝ બની – હાલ કાર્યરત નથી.

(૨) અનુપમની જોડાજોડ જ નવી અપ્સરા ટોકીઝ બની – હાલ કાર્યરત નથી.

(૩) અંબર ટોકીઝ હાલના પંડિત નહેરૂ માર્ગ પર બની – હાલ કાર્યરત છે.

(૪) ગેલેકસી ટોકીઝ જે સ્વતંત્ર ભારતના પ્રથમ સરસેનાધિપતિ જનરલ રાજેન્દ્રસિંહજીના જ જાજરમાન બંગલા સુખ નિવાસી ના વિશાળ ચોગાનમાં આકાર પામી અને તેની બાજુમાં જ ત્યાં આ જૂનો બંગલો હાલ પણ મોજૂદ છે. આ ટોકીઝ પણ હાલ કાર્યરત નથી.

હાલના ટી.વી. યુગમાં ટોકીઝોનો તો કચ્ચરઘાણ નીકળી જવા પામ્યો છે ને હવે ઠેર ઠેર તે બંધ પડવા માંડેલ છે, જે સર્વેને સુવિદિત છે.

વાંચક : આ ઐતિહાસિક ઝલક ગમી કે ?

લખ્યા તા. ૫–૪–૨૦૦૧ ગુરુવાર

# 'પ્રદર્શન ગ્રાઉન્ડ' નો પૂર્વ ઈતિહાસ




પૂર્વ દિશાએ લાલ બંગલા સંકૂલની ગઢની રાંગ જેવી દીવાલથી છેક પશ્ચિમ દિશાએ સાત રસ્તા સર્કલ સુધી, તેમજ ઉત્તરે સાત રસ્તા માર્ગથી છેક દક્ષિણે લાલ બંગલા સંકુલના પાછલા દરવાજાથી 'સાત રસ્તા સર્કલ' તરફ જતા તે સમયના વિદ્યમાન માર્ગ સુધીનું આ મેદાન એપ્રિલ–મે ૧૯૫૪ માં પ્રદર્શન ભરાયું ત્યાં સુધી તો એકદમ ખાલીખમ જ અને વિશાળ હતું. જેની વચ્ચેના ભાગે કોઈક આકર્ષક સ્મારકની આરસની એક દેરી પણ હતી. કદાચ હજુ પણ તેના અવશેષો ત્યાં મોજુદ હોય !

'લાલ બંગલા સંકુલ' ના પાછલા દરવાજાવાળો તે સમયનો માર્ગ, રાજઘરાનાના શાહી મહેમાનોના ઉપયોગ માટે જ સીમિત હતો. આ માર્ગનો શાહી પ્રસંગ પર પણ ઉપયોગ થતો. તેના પરથી દરબાર ગઢ ની શરૂ થયેલી રાજ્ય શાહી સવારી, ખંભાળિયા નાકા કોઠા પાસેથી તળાવની પાળ પર પસાર થઈ, ત્યાંથી લાલ બંગલામાં થઈને, તેના પાછલા દરવાજાથી સાત રસ્તા સર્કલ મારફત જામ બંગલા તરફ પ્રયાણ કરી જતી. આ પ્રસંગ વર્ષમાં ત્રણેક વખત ઉજવાતો. આ પ્રસંગની ભવ્યતા હાલના પ્રજાસત્તાક દિન નિમિત્તે નવી દિલ્હી ખાતે માનનીય રાષ્ટ્રપતિજીની યોજાતી પરેડ જેવી જ રહેતી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પશ્ચાદ, કાઠિયાવાડના રજવાડાંઓના એકીકરણ થયે અસ્તિત્વમાં આવેલા સૌરાષ્ટ્ર રાજ્યના સમયમાં, રાજ્ય સરકારના નેજા હેઠળ એપ્રિલ–મે ૧૯૫૪ દરમિયાન આ વિશાળ મેદાનમાં સૌરાષ્ટ્ર રાજ્ય ઔદ્યોગિક વિકાસી પ્રદર્શન યોજાયું. જેની થોડી અલભ્ય તસ્વીરો વાંચકોએ અહીં અગાઉના પૃષ્ઠો પર નિહાળી. આ રાજ્યના પ્રથમ બંધારણીય વડાનું પદ રાજપ્રમુખ તે સમયના નવાનગર (જામનગર) ના જામ સાહેબશ્રી દિગ્વિજયસિંહજીને પ્રદાન થયેલું.

આ પ્રદર્શન (૧૯૫૪) માં રખાયેલા રેલ્વે સ્ટોલ સમયે, જામનગર ખાતે પ્રારંભથી જ રેલ્વેની વહીવટી કચેરીઓ અસ્તિત્વમાં હતી, જે તેના પ્રારંભના છ દાયકાથી વધુ સમયબાદ અત્રેથી ઓગસ્ટ–૧૯૫૬ માં રાજકોટ ખાતે શૂન્યમાંથી સર્જનની માફક ખસેડાઈ ગઈ અને અત્રે સર્જનમાંથી શૂન્ય કરી દેવામાં આવ્યું.

આ પ્રદર્શન બાદ આ વિશાળ મેદાન પર રાજ્ય સરકારનો ડોળો ડળક્યો અને ત્યાં ક્રમશઃ સરકારી આવાસોનું નિર્માણ થતું ગયું અને એ બાદ હાલની સ્થિતિએ તે પહોંચી ગયું. શહેરની અંદરની આવી અનેક જગ્યાઓએ પણ આવા સરકારી દબાણો ક્રમશઃ થતા જ રહ્યા છે. તો આવો હતો આ વિશાળ મેદાનનો પૂર્વ ઈતિહાસ.

આ પ્રદર્શન બાદ, ખાલીખમ મેદાન આપમેળે જ પ્રદર્શન ગ્રાઉન્ડ તરીકે પ્રચલિત થયું.

**એક વિશેષ હકીકત :**

મેં સ્વયં પણ આ પ્રદર્શનની ચૌદ વખત મુલાકાત લીધેલી, એવું તે ભવ્ય હતું. તેના દિનાંકો આ રહ્યા :

(૧) તા. ૧૫–૪–૧૯૫૪, ગુરૂવાર (૨) તા. ૨૨–૪–૧૯૫૪, ગુરુવાર (૩) તા.૨૪–૪–૧૯૫૪, શનિવાર (૪) તા. ૨૫–૪–૧૯૫૪, રવિવાર (૫) તા. ૨૬–૪–૧૯૫૪, સોમવાર (૬) તા. ૨૭–૪–૧૯૫૪, મંગળવાર (૭) તા. ૨૯–૪–૧૯૫૪, ગુરૂવાર (૮) તા. ૩૦–૪–૧૯૫૪, શુક્રવાર (૯) તા. ૨–૫–૧૯૫૪, રવિવાર (૧૦) તા. ૪–૫–૧૯૫૪, મંગળવાર (૧૧) તા. ૬–૫–૧૯૫૪, ગુરૂવાર (૧૨) તા. ૧૦–૫–૧૯૫૪, સોમવાર (૧૩) તા. ૧૧–૫ –૧૯૫૪, મંગળવાર (૧૪) તા. ૧૨–૫–૧૯૫૪, બુધવાર

હરિવદન શા. જોશી લખ્યા તા. ૨૦–૧૧–૨૦૦૦, સોમવાર

**(૧) સોઢીવાડી :** નવાનગર રાજ્યની એ પરંપરા હતી કે રાજવી તરીકે બિરાજમાન થનાર પ્રત્યેક જામસાહેબ હંમેશા પ્રથમ રાણી



તરીકે સોઢીકન્યાને જ લાવતા અને તે બાદ જ અન્ય રાણીઓની પસંદગી કરતા, જેનો ભંગ સૌપ્રથમ છેલ્લા રાજવી જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીએ કરેલો તેઓએ એક પત્નીવ્રત પાળેલું.

લાગે છે કે કોઈ કાળે સોઢાકૂળમાંથી રાણી તરીકે પસંદગી પામેલી કોઈ કન્યાની ઈચ્છાનુસાર આ તસ્વીરમાં ડાબી તરફ દેખાતા પગથિયાવાળો હોજ આ ઈમારત સાથે બનાવવામાં આવ્યો હશે, જયાંઆજ રાણી, સખીઓ સ્ત્રી રક્ષકો સાથે સ્નાનની મોજ માણતી હશે.

આ સ્થળ નાગેશ્વર મહાદેવ મંદિર પાસેની નાગમતી નદીના સામા કાંઠે આવેલું છે.

**(૨) અમરકુંડ :** આ સ્થળ વિકટોરીયા બ્રીજ (હાલનો સુભાષ પુલ) ના રાજકોટ તરફના છેવાડે, જમણી બાજુ નદી કાંઠે (રંગમતિ નાગમતિ સંયુકતના) આવેલું છે.



આ નવાનગર રાજ્યના રાજઘરાનાનું સ્મશાન ગૃહ છે.

અહીં રાજવી ઘરાનાના સભ્યોના મૃતદેહો અગ્નિ સંસ્કાર અપાતા, જેમા નિર્વંશ રાજવીના મૃતદેહને અગ્નિ સંસ્કાર અપાયો હોય તે સ્થળે છત્રીઓ બંધાતી, આવી કલાત્મક છત્રીઓ ઉપરોક્ત તસ્વીરમાં દેખાય છે. રાજવીઓના મૃતદેહને અગ્નિ સંસ્કાર સુખડના લાકડાની ચેહ પર અપાતા અન્યોને સાદા લાકડાની ચેહ પર.

છેલ્લે આવી છત્રીઓ બંધાયેલી તે બે નિર્વંશ રાજવીઓ હતા. જામસાહેબશ્રી વિભાજી અને (૨) જામસાહેબશ્રી રણજીતસિંહજી.

## એક વિશેષ માહિતી :

**શ્રી રણમલ - લાખોટા તળાવ :** જામશ્રી સતાજીના સને ૧૮૨૦માં નિધન બાદ જામશ્રી રણમલજીએ ગાદી સંભાળી, તે છેક તેમના સને ૧૮૫૨માં નિધન સુધીમાં તેમણે એક મહાન પ્રજાકીય હિતનું કાર્ય કર્યું. ત્યારે જામ સરોવર તરીકે ઓળખાયેલું.

તેઓના રાજ્ય શાસનકાળ દરમિયાન સને ૧૮૩૪, ૧૮૩૯ અને ૧૮૪૬ના વર્ષોમાં ભયંકર દૂષ્કાળ પડેલો, તે અરસામાં તેઓએ રાહતકાર્ય તરીકે આ તળાવ ખોદાવેલું. તેની વચ્ચે લાખોટા અને છેક ડાબા છેડે કોઠાની ઈમારતો સ્થાપી અને તેના ડાબા–જમણા બન્ને છેડાઓની વચ્ચે ગઢની રાંગ સહ માર્ગ બાંધી સળંગ સેતુ સ્થાપ્યો અને આમ જામનગરને એક આકર્ષક ઈમારતોનું સંકુલ ભેટ ધર્યું.

હાલ અસ્તિત્વ ધરાવતી જામશ્રી રાવળના ઘોડે ૧૨વાળા પૂતળાંનો ભાગ તે સમયે વચ્ચે સ્થાપિત નહોતો થયેલો.

**જામશ્રી રાવળનું ઘોડેશ્વારીવાળું પૂતળું :**

સને ૧૯૩૩ માં જામશ્રી રણજીતસિંહજીના નિધન બાદ, જામશ્રી દિગ્વિજયસિંહજીના રાજ્ય શાસનકાળમાં સને ૧૯૩૪ દરમિયાન મર્હૂમ જામશ્રી રણજીતસિંહજીની મહેચ્છા આયોજન અનુસાર આ પૂતળાવાળો ભાગ વિસ્તરણ (વૃધ્ધિ) પામેલો.

(લાગે છે, જામશ્રી રણજીતસિંહજીના દિમાગમાં કોઈક સમયે આ નવાનગર રાજયના સ્થાપક રાજવીને, કાયમી ધોરણે યોગ્ય રીતે યાદદાસ્ત રાખવા માટે આવો વિચાર સ્ફૂર્યો હશે)

આ ઘોડે રીવાળું જામશ્રી રાવળનું પૂતળું ફ્રેન્ચ આર્કીટેકટ હર્બટ હેઝલીંગ્ટન દ્વારા ફ્રાન્સમાં આકાર પામેલું. સૌપ્રથમ આને પ્લાસ્ટર ઓફ પેરીસમાં બનાવવામાં આવેલું અને તે બાદ જ તેને પંચધાતુનું બનાવીને અહીં સ્થાપવામાં આવેલું.

આ પૂતળાના ઘોડાને અને રાજવી પોશાકમાં જામશ્રી રાવળ આબેહૂબ અને અસલ્લ આકાર આપવા અ નિકુમાર નામ સફેદ અને અસલ કાઠિયાવાડી ઘોડાને ફ્રાન્સના પેરિસ બંદર સ્ટીમર (આગબોટ) દ્વારા મોકલવામાં આવેલો અને બાદમાં જામશ્રી દિગ્વિજયસિંહજીના લઘુબંધુ જનરલશ્રી હિંમતસિંહજીને પણ ત્યાં મોકલ્યા બાદ તેઓને અસલ રાજવી પોશાકમાં સજ્જ કરીને અ પર આરૂઢ કરવામાં આવેલા અને તેના પરથી ઉપરોકત પૂતળાંને આબેહૂબ આકાર મહિનાઓની સતત મહેનત બાદ જ સાંપડેલો. આવી હતી તે વખતની ચોકસાઈ અને મહેનત.

હાલ તળાવ મધ્યેના આ પૂતળાંના આરસના મંચની ડાબી જમણી બાજુ આ મુજબ લખાણ વંચાય છે :

ડાબી બાજુ : દેવનાગરી લિપિ ને ગુજરાતી ભાષામાં મહારાજાધિરાજ જામશ્રી રાવલજી નવાનગર ગાદી સ્થાપનાર સને ૧૫૩૫ – ૧૫૬૭

જમણી બાજુ : અંગ્રેજી ભાષામાં

ઉપરોક્ત દર્શિત અ નિકુમાર ઘોડાના મૃત્યુબાદ તેને યોગ્ય માન આપવા તેના શબને પ્રતાપવિલાસ પેલેસ નજીક જ હજુરિયા (નિમ્ન કક્ષાના કર્મચારીઓ) લેનની નજીકમાં દફનાવવામાં આવેલું અને તેના પર દેરી બનાવવામાં આવેલી, જે આજે પણ તે જ જગ્યાએ ઘોડાપીર તરીકે મોજૂદ છે.

**જડિયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર**
**ત્રુઠયો રાવળ જામને, હાંકી દીધો હાલાર**
જડિયો જડેશ્વર મહાદેવ, વાંકાનેર પાસે
આ પણ છે ને, ભાતીગળ ઈતિહાસ

# સૌરાષ્ટ્ર રાજ્યનો જન્મ

જે રાજ્ય હેઠળ કોઈ પ્રદેશ ન હોય તેનું તે વળી પ્રધાનમંડળ અને રાજપ્રમુખ હોય ખરા ? એવો પ્રશ્ન જો કોઈને થાય તો એમ જ કહે કે ભાઈ રાજ્યને પોતાનો પ્રદેશ તો હોવો જ જાઈએ. પરંતુ સૌરાષ્ટ્રના પ્રથમ રાજપ્રમુખ અને પ્રધાનમંડળ જ્યારે વરણી પામ્યાં ત્યારે તેની હકુમત હેઠળ કાઠિયાવાડનો કોઈ પ્રદેશ નહોતો.

**પ્રદેશ વગરનું રાજ્ય :**

સૌરાષ્ટ્રનાં સંયુક્ત રાજ્યના રાજપ્રમુખ અને પ્રધાનમંડળનો સોગંદવિધિ રવિવાર તા.૧૫–૨–૧૯૪૮ના રોજ જામનગર ખાતે થયો હતો. સહુ પ્રથમ ભારતનાં ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે નવાનગરનાં જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીને રાજપ્રમુખ તરીકેના સોગંદ લેવડાવ્યા હતા.

ત્યારબાદ રાજપ્રમુખ નીચે પ્રીસીડીયમનાં ઉપપ્રમુખ તરીકે ભાવનગરનાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીને સોગંદ લેવડાવ્યા હતા અને ત્યારબાદ પ્રીસીડીયમના સભ્યો તરીકે ધ્રાંગધ્રાના મહારાજા મયૂરધ્વજસિંહજીને તથા પાલીતાણા મહારાજ શ્રી બહાદુરસિંહજીને તથા કોટડા સાંગાણીના ઠાકોરસાહેબને સોગંદ લેવડાવ્યા હતા. રાજપ્રમુખશ્રીએ મુખ્યમંત્રીશ્રી ઉછરંગરાય ઢેબર, નાયબ મુખ્યમંત્રીશ્રી બળવંતરાય મહેતા તથા પ્રધાનમંડળના અન્ય સભ્યોશ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી જગજીવનદાસ શિવલાલ પારેખ તથા શ્રી મનુભાઈ શાહને સોગંદ લેવડાવ્યા હતા.

ભાવનગર, ચુડા અને બજાણા એ પહેલા રજવાડા હતા જેઓ આ નવા રાજ્યમાં જોડાણ પામ્યા. ત્યાર પછી બીજા રજવાડાઓનું જોડાણ થવા પામ્યું જે તા.૧૫–૪–૧૯૪૮ના રોજ સંપૂર્ણ થયું. આમ સમગ્ર કાઠિયાવાડના નાના મોટા રજવાડા તે દિવસે નવા જન્મેલા સૌરાષ્ટ્ર રાજયમાં વિલીન થયા હતા. ૧૫–૪–૪૮ નો દિવસ એ સૌરાષ્ટ્રની સ્થાપનાનો દિવસ ગણવામાં આવ્યો અને તેનું મુંબઈ રાજયમાં ૧૯૫૬માં વિલીનીકરણ થયું ત્યાં લગી આ સ્થાપના દિન રાજ્યભરમાં ઉજવાતો હતો.

નવા રાજ્યનાં પાટનગર માટે રાજકોટ તથા જામનગર દાવેદાર હતા. પાટનગર કયાં રાખવું તે માટે એક સમિતિ નિયુક્ત કરવામાં આવી હતી જેનો અહેવાલ કદી પ્રકાશિત થયો નહી, પરંતુ શરૂઆતથી જ પ્રધાનમંડળે પોતાનું કામ રાજકોટમાંથી શરૂ કર્યુ હતું. જ્યારે રાજપ્રમુખશ્રીનું કાર્યમથક જામનગર રહ્યું હતું.

સૌરાષ્ટ્રની રચનાનો આ પહેલો દિવસ કેવો હતો તેનો વિગતવાર અહેવાલ જન્મભૂમિ એ તા.૧૬–૨–૪૮ ના અંકમાં આપ્યો છે તે આજે પણ જોઈ જવા જેવો છે !

## ઐતિહાસિક પ્રસંગ : સૌરાષ્ટ્ર રાજ્યની રચના જન્મભૂમિ (મુંબઈ)

અખંડ સૌરાષ્ટ્રની સ્થાપનાનો ભવ્ય સમારંભ : જામનગરમાં દરબાર : પ્રજાનો અપાર ઉત્સાહ, રાજપ્રમુખ, ઉપ રાજપ્રમુખ અને પ્રજાકીય પ્રધાનોનો સરદારશ્રીની હાજરીમાં સોગંદવિધિ.

ધન્ય સૌરાષ્ટ્રધણી આજે સાચે જ ધન્ય બની છે. અખંડ સૌરાષ્ટ્રના મહાન સ્વપ્નની આજે સિધ્ધિ થઈ છે. સેકંડો વર્ષોથી ગરીબાઈ અને આપખૂદીની નાગચુડમાં જકડાયેલા લાખો માનવીઓની મુક્તિનો યુગ આજથી પ્રારંભ્યો છે. સૌરાષ્ટ્રના સેકંડો સીમાડાઓ આજથી ભૂંસાયા છે અને સેકંડો વર્ષ પછી પ્રજાના સાચા પ્રતિનિધિઓના બનેલા લોકરાજની રાહબરી તળે ૪૦ લાખ પ્રજાજનોએ પોતાની પ્રાણપ્યારી ભૂમિની નવરચના માટેની કલ્યાણયાત્રાનો પ્રારંભ કર્યો છે.

આજનો સુવર્ણ દિન ઉગતાની સાથે જ નવાનગરના અમલદારો અને પ્રજાજનો અજબ ચેતના અનુભવતા દોડધામ

કરી રહ્યા હતા. ગામડાઓમાંથી પણ ચારે દીશાએથી ભોળા ગ્રામજનોનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો. સૌ કોઈ ભાઈ, સરદાર ક્યારે આવે છે... ? ઢેબરભાઈ ક્યારે આવે છે ? પૂછતા હવાઈઘર તરફ ચાલી રહ્યા હતા. આમંત્રિત મહેમાનો, વર્તમાનપત્રોનાં પ્રતિનિધિઓ, ફોટોગ્રાફરો વગેરેની મોટરોની કતાર પણ હવાઈઘર તરફ દોડતી શરૂ થઈ ગઈ હતી.

## હવાઈ ઘર પર જામેલી લોકોની ભારે મેદની :

નવ વાગતામાં તો હવાઈઘર ઉપર લોકોની ઠઠ જામી ગઈ હતી. દરબારશ્રી ગોપાળદાસ, કાઠિયાવાડના અગ્રગણ્ય કાર્યકરો, સદગૃહસ્થો જામનગરના અમલદારો અને આગેવાનો તથા ઈલેકટોરેલ કોલેજના સભ્યો આકાશ તરફ આતુરતાભરી મીટ માંડી રહ્યા હતા. બરાબર ૯.૦૦ વાગ્યે સૌરાષ્ટ્રના વડાપ્રધાનશ્રી ઉછરંગરાય ઢેબરનું સ્વાગત કરવાની તેમને અભિલાષા હતી.

પરંતુ સમાચાર મળ્યા કે અતિ ધુમ્મસ ને લીધે વિમાન અર્ધો કલાક મોડું આવવાનું હતું તેથી ઈલેકટોરલ કોલેજના સભ્યો આગેવાન ચૂંટી કાઢવાને સાડા નવ વાગે મળનારી તેમની સભામાં હાજરી આપવાને ઉપડી ગયા.

## પ્યારા નેતા શ્રી ઢેબરભાઈનું થયેલું ભાવભર્યું સ્વાગત :

બરાબર ૯.૩૦ કલાકે વિમાન આવી પહોંચ્યું. લોકોએ શ્રી ઢેબરભાઈની જય થી વાતાવરણ ભેદી નાખ્યું. ઉપસ્થિત આગેવાનો અને અમલદારોએ કાઠિયાવાડના આ પ્યારા નેતાનું ભાવભીનું સ્વાગત કર્યું.

શ્રી ઢેબરભાઈ તરત જ શહેરભણી હંકારી ગયા હતા. આ પછી મોટરો અને મેદની હવાઈઘરની બીજી દીશા તરફ દોડી. એ તરફ મુંબઈના ગૃહમંત્રીશ્રી મોરારજી દેસાઈ તથા સરદાર શ્રી વલ્લભભાઈ પટેલના વિમાનો ઉતરવાના હતા. વિમાનઘરની આ હદમાં પ્રવેશવા માટે ખાસ પાસ આપવામાં આવ્યા હતા. એથી આમ વર્ગ વિમાનઘરની કિનારી ફરતો ગોઠવાઈ ગયો હતો.

## સરદારશ્રી આવ્યા અને જામસાહેબને ભેટયા :

અંદરના ભાગમાં `ત અને લાલ રાજપૂતિ ગણવેશમાં નવાનગર રાજયના સૈનિકો હિન્દનાં નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ તથા સંરક્ષણપ્રધાન સરદાર બળદેવસિંહનું બહુમાન કરવા શિસ્તબધ્ધ ઊભા હતા. ચારે તરફ પોલીસ પહેરગીરો પણ વ્યવસ્થા જાળવતા પોતાની ફરજ બજાવી રહ્યા હતા. એટલામાં રાજપ્રમુખની મોટર પણ આવી પહોંચી. શ્રી ઢેબરભાઈ અને પ્રધાનો તથા રાજમંડળના સભ્યો પણ આવી પહોંચ્યા.

બરાબર સવા અગિયારનો ટકોરો થયો અને શ્રી મોરારજીભાઈનું વિમાન ઉતર્યું. સૌની દ્રષ્ટિ એ તરફ લંબાઈ, શ્રી મોરારજીભાઈ, શ્રી અમૃતલાલ શેઠ તથા અન્ય સદગૃહસ્થો ઉતરતા જણાયા. રાજપ્રમુખશ્રી મોરારજીભાઈ તથા શ્રી અમૃતલાલ શેઠને મળ્યા. આમ એકબીજાને મળવાનો વિધિ હજી પૂર્ણ થયો નહોતો ત્યાં તો આકાશ ગાજી રહ્યું અને સૌની દ્રષ્ટિ આકાશ ઉપર મંડાઈ ! બરાબર ૧૧.૩૦ કલાકે વિમાન ઉતર્યું અને હિંદના નાયબ વડાપ્રધાન સરદારશ્રી વલ્લભભાઈ પટેલ, કુ. મણીબેન પટેલ, સરદાર બળદેવસિંહ અને રાજસ્થાની ખાતાના હોદેદારો એમાંથી ઉતર્યા, મહાકાય ભીમ પોતાના વડીલબન્ધુ હનુમાનને સાચી રીતે ઓળખતા જે રીતે તેમને ભેટી પડયા હતા, તે જ રીતે રાજપ્રમુખ પૂ. સરદારશ્રીને ભેટી પડયા.

સૌરાષ્ટ્રની દુનિયા એક અપૂર્વ, ખરેખર જ અપૂર્વ દ્રશ્ય અનુભવી રહી. સરદાર બળદેવસિંહ અને અન્ય આગંતુકોના પણ સ્વાગત થયા. ફોટોગ્રાફરો એમને ઘેરી રહ્યાં. રાજપ્રમુખ સૌને સમજાવતા સરદારશ્રી સાથે આગળ વધ્યા. સૈનિકોએ એ મહાન નેતાને સલામી આપી અને તે પછી રાજય અને પ્રજાનાં આગેવાનો અને આગેવાન સદગૃહસ્થોએ ભારતની આ ત્રણ વિભૂતિઓને હાર તોરા પહેરાવવાની વિધિ કરી. એ પછી સરદારશ્રી તથા કુ. મણીબેન પ્રથમ રાજપ્રમુખના નિવાસસ્થાને ગયા અને થોડીવાર પછી ત્યાંથી એમને ઉતારે લાલ મહેલમાં જઈ ભોજન લીધું.

રાજમંડળના સભ્યો સુંદર ભવ્ય આર્કર્ષક પ્રતાપવિલાસ નામના મહેલમાં ઉતર્યા હતા. પ્રધાનમંડળના સભ્યોને હાલ મહેલની બાજુના બંગલાઓમાં ઉતારો અપાયો હતો. જમ્યા પછી મહાદેવના મંદિરે પહોંચી જવાની બધા તૈયારીઓ કરી રહ્યા.

બરાબર ૨.૨૦ મિનિટે રાજપ્રમુખ સાથે સરદારશ્રી કુ. મણીબેન તથા સરદાર બળદેવસિંહ મંદિર પાસે આવી પહોંચ્યા. જયઘોષોથી મેદનીએ તેમને વધાવ્યા. સૂર્યના તાપમાં પણ ચાર અ ોની ખુલ્લી અ વાહિનીમાં સરઘસ ચંદ્રમહેલ તરફ આગળ વધ્યું. આગળ લશ્કર અને પાછળ જનસમુદાય, રાજપ્રમુખ અને સરદારશ્રી અ વાહિનીમાં બીરાજેલા હતા. ફુટપાથ અને વૃક્ષો પર, અટારીઓ, બારીઓ અને અગાસીઓ પર માનવીઓ ઉભરી રહ્યાં હતાં.

### ચંદ્રમહાલનો સમારંભ :

લગભગ ૨.૪૫ કલાકે સરઘસ ચંદ્રમહેલે પહોંચ્યું મહેલની સામેના વિશાળ ગાંધી ચોકમાં પણ માનવ મહેરામણ ઉમટી રહ્યો હતો. હજારો સ્ત્રી – પુરુષો બાર વાગ્યાથી સૂરજનાં તાપને સહન કરતાં બેસી રહ્યાં હતાં.

### સરદારનો જયઘોષ :

સૌએ સરદારશ્રીને જયઘોષથી વધાવી લીધા. મહેલનાં ચોકમાં સૈનિકોએ બેન્ડ સાથે સલામી આપી અને ખાસ પાથરેલી લાલ જાજમ પર પગલાં માંડતા સરદારશ્રી, રાજપ્રમુખ, સરદાર બળદેવસિંહ અને અન્ય થોડા મહેમાનો ઉપર સભાખંડ તરફ જવા આગળ વધ્યા. હિન્દના નાયબ વડાપ્રધાન, સંરક્ષણ પ્રધાન અને રાજપ્રમુખ જ્યારે સભામાં પ્રવેશ્યા ત્યારે સભામાં બેઠેલા રાય અને રંક બધાએ ઊભા થઈને તેમનું સન્માન કર્યું.

સૌએ અનુક્રમે સોગંદ લીધા અને પછી રાજપ્રમુખે પોતાનું પ્રવચન કર્યું હતું. પ્રવચન વાંચતા પહેલાં તેઓ સભાને સમજાવતા જણાયા હતા કે, કાઠિયાવાડનો રાજમંડળ આ ભવ્ય અને ઐતિહાસિક પ્રસંગે આજના જેવો સુવર્ણ દિવસ જોવા જેઓ તલસી રહ્યા હતા તેવા સ્વ. બાપુજીની ખોટ સૌને ખૂંચી રહી હતી. શહેરમાં શોભા પણ કરવામાં નહોતી આવી. ચંદ્રમહેલ કે દરબાર ખંડને પણ કૃત્રિમ ભપકાથી સજાવવામાં નહોતો આવ્યો.

ચાંદીની ખાસ ખુરશી ઉપર સૌએ પોતાનું સ્થાન લીધું. સરદારશ્રી વચમાં બેઠેલા હતા. એમને ડાબે હાથે રાજપ્રમુખ તથા નવાનગર મહારાજશ્રી, ધ્રાંગધ્રાના રાજસાહેબ તથા પાલીતાણાના મહારાજા હતા. અને જમણી બાજુએ ઉપ રાજપ્રમુખશ્રી ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી તથા કોટડા સાંગાણીના ઠાકોરસાહેબ બેઠેલા હતા.

સભાનો કાર્યક્રમ તરત જ શરૂ થયો રાજપ્રમુખ સોગંદ લેવાને ખડા થયા. સરદારશ્રીએ સોગંદવિધિ કરાવ્યો અને સૌ ગંભીરતાથી સાંભળી રહ્યા.

ત્યારબાદ રાજમંડળના સભ્યો સોગંદ લેવાને એક પછી એક ઊભા થયા. શ્રી રાજપ્રમુખે તેમને સોગંદ લેવરાવ્યા. સૌથી પ્રથમ ઉપ રાજપ્રમુખશ્રી ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી ઊભા થયા. એ પછી ધ્રાંગધ્રાના મયુરધ્વજસિંહજી, પાલીતાણાના મહારાજા શ્રી બહાદુરસિંહજી ગોહેલ તથા કોટડા સાંગાણીના ઠાકોરશ્રી પ્રદ્યુમનસિંહજી જાડેજાએ અનુક્રમે સોગંદ લીધા.

### પ્રધાનો સોગંદ લે છે :

પછી પ્રધાનમંડળનો વારો આવ્યો. સૌથી પ્રથમ શ્રી રાજપ્રમુખે કાઠિયાવાડના મહાઅમાત્યશ્રી ઉછરંગરાય ઢેબરને સોગંદ લેવરાવ્યા કે આ પવિત્ર પુરુષોના ગળાનો ધીમો, ગંભીર અને સચ્ચાઈભર્યો અવાજ સભાખંડમાં અજબ વાતાવરણ ફેલાવી રહ્યો.

એ પછી આવ્યા અખિલ હિન્દ રાજસ્થાની પરિષદનાં મંત્રી અને સંયુકત સૌરાષ્ટ્રના ઉપપ્રધાન મંત્રી બુધ્ધિશાળી બળવંતરાય મહેતા, એમના પછી જેઓ નાનાભાઈ ભટ્ટ ના સુપ્રસિધ્ધ નામથી જાણીતા છે, તે શ્રી નરસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ,

શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખ, શ્રી મનુભાઈ મનસુખલાલ શાહ અને પ્રધાનમંડળના બંધારણીય વડા તરીકે આ ભાષણ વાંચવા હું ઊભો થયો છું. મેં આજ સુધી મારું ભાષણ ક્યારેય લખ્યું નથી, લખ્યું હશે તો કોઈને પહેલેથી બતાવ્યું નથી.

રાજપ્રમુખનાં પ્રવચન પછી સરદારશ્રીએ અડધા કલાક સુધી પ્રવચન કર્યુ હતું. સરદારશ્રીના પ્રવચન પછી ઢેબરભાઈએ પ્રવચન કર્યું હતું.

૩.૫૦ કલાકે સભા બરખાસ્ત થઈ અને ગુજરાત પ્રાંતીક કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી કાનજીભાઈ દેસાઈ, દરબારસાહેબ ગોપાળદાસ, શ્રી ખુશાલદાસ પારેખ, વડોદરા રાજ્ય પ્રજામંડળના પ્રમુખ શ્રી ચુનીલાલ શાહ, ગુજરાત રાજસ્થાની પરિષદના મંત્રીશ્રી મગનભાઈ શંકરભાઈ પટેલ, વડોદરાના લોક પ્રધાન શ્રી છોટાલાલ સુતરિયા, શ્રી શામળદાસ ગાંધી, તથા રામજી હંસરાજ વગેરેએ સરદારશ્રીની પાછળ ચાલવા માંડ્યું. છાપાંના નેતાઓમાં જન્મભૂમિનાં શ્રી અમૃતલાલ શેઠ, નૂતન ગુજરાતનાં શ્રી સોપાન, પ્રભાતના શ્રી ફકલભાઈ કોઠારી અને ગુજરાત સમાચારનાં શ્રી ઈન્દ્રવદન બળવંતરાય ઠાકોર પણ સમારંભમાં હાજર જણાતા હતા.

સભા બરખાસ્ત થયા પછી લગભગ વીસેક મિનિટે ચંદ્રમહેલની અટારીએથી ગાંધી ચોકમાં જમા થયેલી અસંખ્ય માનવમેદનીને સરદારશ્રીએ બે શબ્દો કહ્યાં હતાં.

૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૮ વિક્રમ સંવત ૨૦૦૪ની મહા સુદ પાંચ વસંત પંચમીનો દિવસ માત્ર સૌરાષ્ટ્રના જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રના ઈતિહાસમાં અપૂર્વ ગણાય છે. કેમ કે ૬૦ વર્ષ પહેલાનાં આ દિવસે સૌરાષ્ટ્રના નાના મોટા ૨૨૨ રજવાડાની સીમાઓ અદ્રશ્ય થઈ એક અને અખંડ સૌરાષ્ટ્ર રાજ્યનો જન્મ થયો હતો.

સ્વાભાવિક અને ભૌગોલિક રીતે, એક અને અવિભક્ત સર્જાયેલા સૌરાષ્ટ્રની પ્રજા અનેક રાજ્યોના જે સાંકડાં કુંડાળાની દીવાલોમાં વહેંચાઈને ભીંસાતી હતી, જે કૃત્રિમ સીમારેખાઓએ પ્રજાના રાજકીય, આર્થિક અને સામાજિક વિકાસને લગભગ અશક્ય બનાવી મુકયો હતો તથા સાહસપ્રિય માનવીઓની મહેચ્છાઓને જેણે રૂંધી નાંખી હતી તે રેખાઓ આ દિવસે ભૂંસાઈ ગઈ હતી. અમાપ સત્તા ભોગવતા એના રાજવીઓએ સ્વૈચ્છિક રીતે સત્તાનો ત્યાગ કર્યો અને સમગ્ર સૌરાષ્ટ્રની પ્રજા સમસ્તની પ્રતિનિધિરૂપ મધ્યસ્થ સતા અસ્તિત્વમાં આવી હતી.

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત દેશને આઝાદી મળી એ પહેલાં આપણા દેશમાં સત્તાના સ્વરૂપની દ્રષ્ટિએ બે વિભાગ હતા. બ્રિટિશ હિન્દ અને દેશી રાજ્યો, બ્રિટિશ પ્રાંતો ઉપર સંપૂર્ણપણે બ્રિટિશ સરકારનું શાસન હતું, જ્યારે દેશી રાજ્યો ઉપર સર્વભૌમત્વ તો બ્રિટિશ સત્તાનું હતું, પણ આંતરિક વહીવટમાં આ રાજ્યો સ્વતંત્રતા ભોગવતાં હતાં.

સમગ્ર દેશમાં મળી દેશી રાજ્યોની કુલ સંખ્યા ૫૬૨ હતી. જે પૈકી ૨૨૨ રાજ્યો સૌરાષ્ટ્રમાં હતાં.

સૌરાષ્ટ્રના આ દેશી રાજ્યોને કુલ વિસ્તાર ૫૬૯૩૬ ચો.કિ.મી. અને વસ્તી આશરે ૪૦ લાખની હતી. સૌરાષ્ટ્રનાં આ ૨૨૨ રાજ્યો પૈકી ૧૪ સલામીવાળા, ૧૭ બિન સલામીવાળા અને ૧૯૧ નાનાં રાજ્યો કે તાલુકા હતાં, ૪૬ રાજ્યોનું ક્ષેત્રફળ તો માત્ર પાંચ ચો.કિ.મી. થી યે ઓછું હતું, તે પૈકી આઠ રાજયોનું ક્ષેત્રફળ તો માત્ર ૧.૩ ચો.કિ.મી. જેટલું જ હતું. એક નાની ઠકુરાત તો માત્ર ૧.૪ ચોરસ માઈલના ક્ષેત્રફળમાં વિસ્તરેલી, તેની વસતિ ૨૦૬ માણસોની અને વાર્ષિક આવક રૂા. ૪૮૦ હતી ! નવાનગર (જામનગર) રાજ્ય ૯, ગોંડલ ૧૮ અને જુનાગઢ ૨૬ ટુકડાઓમાં વિભાજીત હતું.

તા. ૩ જુન ૧૯૪૭ના રોડ લોર્ડ માઉન્ટબેટને અખંડ ભારત દેશના વિભાજનની યોજના જાહેર કરી. તે અનુસાર અંગ્રેજો ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત છોડી જવાના હતા. માઉન્ટ બેટનની યોજનામાં દેશી રાજ્યો માટે ભારત કે પાકિસ્તાન એમ બેમાંથી એક સંસ્થાન સાથે જોડાવવાની જોગવાઈ હતી. મોટા ભાગના રાજ્યોએ ભારત સાથે જોડાવાનો નિર્ણય કર્યો હતો. જયારે કેટલાક રાજ્યોએ કેટલાક ભાગ મેળવવાના હેતુથી પાકિસ્તાન સાથે જોડાવાની હિલચાલ આદરી હતી. આવા રાજ્યોમાં સૌરાષ્ટ્રનું જૂનાગઢ પણ હતું.

દેશને આઝાદી મળી એ પછી સૌરાષ્ટ્રમાં ચારે બાજુ જવાબદાર રાજ્યતંત્રની માંગણી ઉગ્ર બની ગઈ હતી. સઘન ચર્ચાને અંતે સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યોને એકત્રિત કરી તેનું એક સંયુકત એકમ રચવાનું નકકી થયું. આ યોજના દેશના રિયાસતી ખાતાની દ્રષ્ટિએ યોગ્ય હતી તેથી ભારત સરકારે તે યોજના સૌરાષ્ટ્રના રાજવીઓ સમક્ષ મૂકી હતી. આ સમગ્ર યોજનાનો મુસદ્દો રિસાયતી ખાતાના સચિવ વી. પી. મેનને ગાંધીજી, સરદાર પટેલ અને ઢેબરભાઈને બતાવી જોયો હતો. કાઠિયાવાડનાં એકમનું તેમનું સ્વપ્ન સિધ્ધ થતા ગાંધીજી ખુશ થયા હતા.

તા. ૨૨ મી જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ સૌરાષ્ટ્રનાં બધાંરાજ્યોએ રાજકોટ ખાતે સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજય રચવા અંગેના કરારપત્ર ઉપર સહીઓ કરી હતી. આ કરારપત્ર ઉપર સૌપ્રથમ સહી જામનગરના રાજવીએ કરી હતી. દાયકાઓથી જેઓ રાજાશાહીનો વારસો ભોગવતા આવ્યા હતા એ રાજવીઓના હ્રદય પોતાના વારસો ગુમાવતાં હચમચી ગયા હોય એ સ્વભાવિક છે.

સૌરાષ્ટ્રના લોકનેતાઓ ઢેબરભાઈ, રસિકભાઈ પરીખ વગેરેની એવી ઈચ્છા હતી કે સૌરાષ્ટ્રના સંયુક્ત રાજયની રચનાના સમારંભમાં ગાંધીજી ઉપસ્થિત રહે. આથી જ ઢેબરભાઈ, રસિકભાઈ તથા પ્રાદેશિક કમીશ્નર નીલમ બુચ તા. ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ ગાંધીજીને આમંત્રણ આપવા દિલ્હી ગયા હતા. યોગાનુયોગ આજ દિવસે સાંજે દિલ્હીમાં ગાંધીજીની હત્યા થઈ હતી. પરિણામે સૌરાષ્ટ્રના લોકનેતાઓની ઈચ્છા અધૂરી રહી ગઈ હતી.

ગાંધીજીની હત્યાથી દેશભરમાં શોકનું મોજું પ્રસરી ગયું હતું. તેથી તા.૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ જામનગરમાં એક સાદા સમારંભમાં કાઠિયાવાડના સંયુકત રાજયની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. નવાનગર (જામનગર) ના રાજવી જામ દિગ્વિજયસિંહજીને આ નૂતન રાજયના રાજપ્રમુખ બનાવવામાં આવ્યા હતા. જયારે ઢેબરભાઈને રાજયના પ્રથમ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ઢેબરભાઈના પ્રધાનમંડળમાં ભાવનગરનાં બળવંતરાય મહેતાને નાયબ મુખ્યમંત્રી, ભાવનગરના નાનાભાઈ ભટ્ટને શિક્ષણપ્રધાન, સુરેન્દ્રનગરના રસિકલાલ પરીખને ગૃહપ્રધાન, ભાવનગરના અગ્રણી ધારાશાસ્ત્રી જગુભાઈ પરીખને નાણાંપ્રધાન, મનુભાઈ શાહને ઉદ્યોગ અને વ્યાપાર ખાતાના પ્રધાન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી.

ઢેબરભાઈએ પોતાના પ્રધાન મંડળના સભ્યોને એક સ્થળે રહેવાના, એક રસોડે જમાડવાના અને એક વાહનમાં ફરવાના આદર્શો સૂચવ્યા હતા. આ પ્રધાનોને માસિક રૂપિયા ૫૦૦ નો પગાર, મકાન, માસિક રૂપિયા ૨૦૦ ખિસ્સા ખર્ચ અને મોટરકારની સુવિધા આપવામાં આવી હતી. મુખ્યમંત્રી ઢેબરભાઈ ખુદ બે રૂમ વાળા સાદા મકાનમાંરહેતા હતા.

તા. ૧૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ કાઠિયાવાડના સંયુકત રાજયનું નામ બદલીને સૌરાષ્ટ્રનું સંયુકત રાજય રાખવામાં આવ્યું હતું. રાજકોટમાં હાલ શારદા બાગ પાસે જે સરકારી અતિથિગૃહ છે તે રાજાશાહી યુગમાં જુનાગઢ રાજયનો ઉતારો હતો. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ ઢેબરભાઈના પ્રધાન મંડળે આ જ ઈમારતમાં રાજય વહીવટનો પ્રારંભ કર્યો હતો.

સૌરાષ્ટ્ર રાજયની રચના થવા છતાં રાજય પાસે કોઈ જ પ્રદેશ હતો નહીં. આથી દેશી રાજયોનો પ્રદેશ કબજે લેવાનું શરૂ થયું. ૧૫મી એપ્રિલ ૧૯૪૮ સુધીમાં એટલે કે બે મહિનામાં આ કામ પૂર્ણ થયું તેથી એમ કહી શકાય કે સૌરાષ્ટ્રના સંયુકત રાજયનો વહીવટ ૧૫મી એપ્રિલ ૧૯૪૮ ના રોજથી એટલે કે આજથી બરાબર ૬૦ વર્ષ પહેલાં શરૂ થયેલો. ઢેબરભાઈની સરકારે જાહેર સેવા પંચની નિમણુંક કરી હતી, હાઈકોર્ટની સ્થાપના કરી હતી, રેલવેને એકતંત્ર નીચે મૂકી હતી, વટહુકમ દ્વારા પંચાયતી ધારો અમલમાં મૂકી પંચાયતી રાજના શ્રીગણેશ કર્યા હતા. ૧૬૮ જેટલા વેરા નાબુદ કર્યા હતા. આ ઉપરાંત ગિરાસદારી નાબૂદ કરી ખેડે તેની જમીનના સિધ્ધાંતને અમલમાં મૂકયો હતો.

આ રીતે સૌરાષ્ટ્રનાં ૨૨૨ દેશી રાજયોની વિલીનીકરણની કામગીરી પૂર્ણ થઈ હતી. નૂતન અખંડ સૌરાષ્ટ્ર રાજય સાચા અર્થમાં અસ્તિત્વમાં આવ્યું હતું. કુશળ મુખ્યપ્રધાન અને તેમના પ્રધાનમંડળના ચુનંદા સભ્યોને કારણે સૌરાષ્ટ્રની કાયાપલટ થઈ.

સૌરાષ્ટ્ર અલગ રાજય તરીકે ૧૫મી એપ્રિલ, ૧૯૪૮ થી ૧લી નવેમ્બર ૧૯૫૬ સુધી એટલે કે આશરે ૮ વર્ષ ને ૭ મહિના સુધી રહેલું. સને ૧૯૫૬ ના નવેમ્બર મહિનામાં સૌરાષ્ટ્ર રાજયનું મુંબઈના દ્વિભાષી રાજયમાં વિલીનીકરણ થયું હતું.

# જામનગર સ્થાપના

**(૧) સ્થાપના :** આ શહેરની સ્થાપના વિ.સં. ૧૫૯૬ (ઈ.સ. ૧૫૪૦ નો ઓગસ્ટ માસ) શ્રાવણ સુદ ૭, બુધવારના શુભદિને, જામશ્રી રાવલજી (ઈ.સ. ૧૫૪૦–૧૫૬૨) ના વરદ હસ્તે શુભ મુહૂર્તમાં હાલના દરબારગઢની બાજુમાં થાંભલી રોપીને કરવામાં આવેલી. હાલ પણ આ થાંભલી તેની ડાબી બાજુની જૈન વસ્તીવાળા લતામાં ન ધણીયાતી હાલતમાં સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં ઊભી છે.

અહીં નગર નવું વસ્યું હોઈને, પ્રારંભમાં તેને નવું નગર–નવાનગર તરીકે ઓળખવામાં આવ્યું (નવી દિલ્હી – નવી મુંબઈની માફક) કાળક્રમે તે જામસાહેબની રાજધાનીનું શહેર હોઈ, જામનગર તરીકે તેની નવી ઓળખ થઈ, જે આજસુધી ચાલુ છે. નવાનગરની ઓળખ તેને જામ સાહેબના રાજ્ય સાથે જોડી, તેને નવું નામાભિધાન અપાયું નવાનગર રાજ્ય. ગ્રામ્યપ્રજા તેને ઘણા લાંબા સમય સુધી ખાલી નગર તરીકે જ નવાજતી રહેતી. (શ્રી સી. કે. કીનકેડ ના અંગ્રેજી પુસ્તક ધી લેન્ડ ઓફ રણજી એન્ડ દુલિપ ૧૯૩૧ એ.ડી. ના પાના ૨૮૫૨ આધારીત)

**(૨) જામશ્રી રણજીતસિંહજી (૧૯૦૭ થી ૧૯૩૩) :** જામશ્રી વિભાજી (૧૮૫૧–૧૮૯૪) નું નિધન એપ્રિલ–૧૮૯૪ માં થવા છતાં રાજગાદી ખાલી રહેવા પામેલી. કારણ કે રાજ્યના નિયમ તેમજ બ્રિટીશ હકૂમતી દ્વારા માન્ય થયેલી પ્રણાલી મુજબ, રાજપુત મહારાણીની કુખે જ જન્મેલા રાજકુંવર જ રાજગાદીના હક્કદાર ગણાતા. પરંતુ શ્રી વિભાજીના બદનસીબે તેઓ કોઈ રાજપુત કન્યા સાથે વિવાહ સંબંધે ન જોડાતાં, મુસ્લિમ મહિલા સાથે જ ગાંધર્વ પધ્ધતિથી જોડાયેલા, જેની કુખે જન્મેલા જશવંતસિંહજીનું મૃત્યુ ૧૯૦૬ માં થયું ત્યાં સુધી રાજ્યમાં રાજવીના ભાયાતોમાંથી શ્રી વિભાજીએ દત્તક લીધેલા અને બ્રિટીશ હકુમત દ્વારા સ્વીકારાયેલા કુંવર શ્રી રણજીતસિંહજી રાજગાદી પર આવે તેની વિરુધ્ધમાં ભયંકર રાજ્ય ખટપટ ચાલેલી કે જેમાં તેનું ખૂન થઈ જવાની દહેશત સર્જાયેલી, પરંતુ તેઓશ્રી ક્રિકેટની રમત તેમજ અન્ય લાયકાતો ધરાવતા હોવાથી તેને બ્રિટીશ હકુમતે સંપૂર્ણ રક્ષણની જવાબદારી સાથે તેઓની પનાહમાં રાખેલા. તેઓશ્રી બ્રિટીશરોના ખૂબજ પ્રિય પાત્ર પણ રહેલા. જશવંતસિંહજીના નિધન બાદ બધું સમેસૂતરે પાર પડયું અને તા.૭મી માર્ચ ૧૯૦૭ ના રોજ કાયદેસર મંજૂરીની મ્હોર લાગતાં, તેમના હકકની રૂએ પોરબંદરથી જામનગર ખાતે રેલ રસ્તે સ્પેશ્યલ ટ્રેઈનમાં તા.૧૦–૩–૧૯૦૭ ના રોજ આગમન બાદ, દબદબાપૂર્વક સ્વાગતથી લઈને છેક રાજ્યારોહણની તા.૧૧–૩–૧૯૦૭ સોમવારના શુભદિને, શુભ મુહૂર્તમાં વિધિ આટોપાઈ ત્યાં સુધીમાં અનેક દેશી રજવાડાઓના રાજવીઓ તેમજ ઉચ્ચકક્ષાના બ્રિટીશ સલ્તનતના મહાનુભાવોએ પણ હાજરી આપી અને અભિનંદનો પાઠવેલા તેમજ વિદ્વાન બ્રાહ્મણોએ પણ પરંપરાગત રીતે શ્રુત આશીર્વચનોની લ્હાણી કરતા શાસ્ત્રોક્ત વચનોની વર્ષા કરેલી.

**રાજ્ય અમલ દરમિયાનની પ્રગતિ :** સૌપ્રથમ જામબંગલા સંકુલ વિશાળ જમીન સંલગ્ન કરીને અસ્તિત્વમાં આવ્યું. તેમાં અનેક ભવ્ય ઈમારતો તેમજ પોતાની અંગત જરૂરિયાતો મુજબની સ્વાયત્ત સગવડો ઊભી કરી, દરબારગઢ ખાતેના જૂના નિવાસસ્થાનને આ નવી જગ્યાના રાજમહેલમાં સ્થળાંતર કર્યું.

દરબારગઢની જોડાજોડ આવેલી કચેરીઓની ઊંચી ઈમારત (હાલ સચિવાલય હોય છે તેવી) ઉપરાંત દરબારગઢની સામે વિલિંગ્ડન ક્રેસંટમાં વધારાની સગવડ નીચેના ભાગે શોપીંગ સેન્ટર સાથે ઊભી કરી અદ્યતન યુગમાં પ્રવેશ કર્યો.

૧૯૦૭માં રેલવે જે ૫૨ માઈલની સગવડ ધરાવતી હતી તેમાં ૬૬ માઈલના વધારાની સગવડ ઉમેરી અને વધુ ૪૪ માઈલની સલાયા ખંભાળિયા–ભાણવડ રેલ્વે લાઈનનું આયોજન કર્યું, બંદરીય સુવિધામાં બેડીબંદર પણ તેમની જ દેન.

માર્ગોની રચનાની જાળ, વિદેશી સારવાર પધ્ધતિની વિશાળ હોસ્પિટલ અને રાજયભરમાં મુખ્ય મથકોએ સગવડતા ધરાવતા સારવાર માટેના નાના દવાખાનાઓ પણ પ્રજાની સુવિધા માટે ખૂલ્લા મૂકયા.

રાજયની આવક ૨૧ લાખમાંથી ૭૫ લાખ સુધી પહોંચાડી.

જામનગર શહેરનું પર્યાવરણ ઉચ્ચ કક્ષાએ રહે તેમજ સરળ વાહન વ્યવહાર લાંબે ગાળે પણ રહે તે માટે વિશાળ માર્ગો, જાહેર ચોકો, સર્કલો, અર્ધસર્કલો, વ્યવસ્થિત ફૂટપાથો વગેરેનું સુનિયોજીત આયોજન અમલમાં મૂકયું.

**ખરી બિનસાંપ્રદાયિકતા** : જામનગર ખાતે બધાજ ધર્મના ભવ્ય અને આકર્ષક ધાર્મિક સ્થાનોને આકાર આપવામાં સંપૂર્ણ યોગદાન આપેલું, જે આજ પણ શહેરની શોભા બની રહ્યા છે. આ બિન સાંપ્રદાયિકતાનું એક અજોડ ઉદાહરણ છે.

**ભવ્ય ઈમારતો** : વિવિધ રાજમહેલો, શહેરની શિક્ષણ સંસ્થા કે પછી ચેમ્પ્સફર્ડ મારકેટ (હિન્દુસ્તાનના વાઈસરોય અને બ્રિટીશ ગવર્નર જનરલ તરીકે ૧૯૧૬–૧૯૨૧ સુધી રહેલા લોર્ડ ચેમ્પ્સફર્ડના નામ પરથી) હોય બધું જ ભવ્ય અને શહેરની શોભા વધારનારા, શહેરને ફરતી બજારો પણ અતિ રોનકદાર.

**વાઈસરોય લોર્ડ ઈરવિનની જામનગર યાત્રા :** આ યાત્રા પોતાના એ ફર્સ્ટ કલાસ સ્ટેટ (૩,૫૦,૦૦૦ ની વસ્તી : ૩૩૯૫ સ્કવેર માઈલ વિસ્તાર) ની પ્રતિષ્ઠા અનુસાર ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન કરાવેલી, ગુલામી કાળમાં બ્રિટીશ હકૂમત હેઠળ તેઓના કાયમી કૃપાપાત્ર બની રહેવાના એ યુગમાં આ બધું સ્વાભાવિક હતું.

ભવ્ય સ્વાગત, સ્વાગત કમાનો, સારૂંયે શહેર નવવધુના સાજની જેમ શણગારાયેલું. ભવ્ય શોભાયાત્રાનું આયોજન, પણ આંખને ગમે તેવું જ. તે સમયે બેડમિંગ્ટન હાઉસ (હોલ) સોળે શણગારથી શોભાયમાન કરવામાં આવેલો.

તેમની પર્યટન યાત્રા સમાણા મુકામે જામનગરથી ૩૦ માઈલના અંતરે આવેલ સમાણા ગામ પાસે આખું તંબુનગર હંગામી ધોરણે બધી જ તે સમયની આધુનિક સગવડો સાથે ઊભું કરવામાં આવેલું, જયાં વાઈસરોયે કુદરતને ખોળે ગ્રામ્ય પ્રદેશમાં નૈસર્ગિક શાંતિ અનુભવી માણી.

**રણમલ તળાવ (જામ સરોવર) :** જામ રણમલજીએ ઈ.સ. ૧૮૩૪, ૧૮૩૯ સને ૧૮૪૬ ના ભયંકર દૂષ્કાળના વર્ષો દરમિયાન પ્રજાને રાહત તરીકે મંજુરી આપવા તેમજ ભવિષ્યમાં પાણીનો વિશાળ જથ્થો કાયમ જળવાઈ રહે તે માટે પ્રજાકીય કામ, દૂકાળગ્રસ્ત પ્રજાની મહેનત દ્વારા જ, આ તળાવનું સર્જન લાખોટા કોઠાની ભવ્ય ઈમારતો સાથે કરાવેલું. આ તળાવની વિશાળ, શાંતિ, પર્યાવરણની સુધારણા બધું જ આઝાદી બાદ વિનાશને પંથે પ્રજાના સેવકો દ્વારા જ સંચરતુ જ ગયું છે. તેઓશ્રીનું નિધન ઈ.સ. ૧૮૫૨માં.

# નવાનગર રાજ્યની થોડી અપ્રગટ માહિતીઓ

**વંદેમાતરમ્ જેવું હાલાર માતાનું ગીત**

હિન્દુસ્તાનમાં આપણું આઝાદીની લડત સમયનું માતૃવંદના ગીત, વંદેમાતરમ્ ગીત જેવું જ નવાનગર રાજ્યમાં હાલારમાતા ગીત બનાવાયેલું, જેના પૂર્ણ શબ્દો યાદ નહી, તેના અંશો પ્રસ્તુત કર્યા છે.

આજી–ઊંડ વળી ડોંડી જેવી, નિર્મળ નદીઓ વહેતી,
ગંગા–જમના સમ વહેતી જ્યાં રંગમતી ને નાગમતી,
જય હો... જય હો.. જય હો હાલાર માતા.

## એક તરંગ

જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજીના રાજ્ય અમલ દરમ્યાન લગભગ ૧૯૪૧ના દાયકાના પ્રારંભે તેઓના દિમાગમાં એક બ્રિટીશ કોઠીના શહેર રાજકોટની નજીક પોતાની હદના છેલ્લા ગામ ખંઢેરી ખાતે નવું શહેર દિગ્વિજયનગર વસાવવાનો તરંગ ઉઠયો.

એ અનુસાર તેનું રેલ્વે સ્ટેશન થોડું મોટું બનાવાયેલું અને તે ગામમાં બે – ત્રણ હોજનું નિર્માણ પણ કરાવાયેલું. પરંતુ તે કાર્ય આગળ ન વધતાં તે તરંગ જ સાબિત થયેલ.

## રાજ્યના થોડા રત્નો

- **વૈદ્ય શ્રી ઝંડુ ભટ્ટજી** : રાજવૈદ્ય અને હિન્દુસ્તાનભરમાં પ્રસિધ્ધિ પામેલા.
- **શ્રી આદિત્યરામજી** : સંગીતજ્ઞ અને તેમના નામનું ઘરાના દેશભરમાં પ્રખ્યાત છે.
- **શ્રી અલીભાઈ ઝવેરી** : નગરશેઠ જેવા ધનવાન અને ફ્રાન્સથી હીરા લાવી રજવાડાઓમાં તેનો વેપાર કરતા.
- **શ્રી મેરવાનજી પેસ્તનજી** : પારસી અને દિવાન તરીકે દિવાની ફોજદારી કેસોમાં તેઓનો ન્યાયાધીશ તરીકેનો ચુકાદો આખરી રહેતો.

## મહાન રાજ્ય જ્યોતિષી : ટકા જોશી

**ગિરિનારાયણ જ્ઞાતિના સાંકળિયા ભટ્ટ : મૂળનામ શ્રી જેશંકર જીવા જોશી**

(જામશ્રી વિભાજીના રાજ્ય જ્યોતિષી : સમય – ઈ.સ. ૧૮૫૨ થી ૧૯૦૦)

કહે છે કે તેઓશ્રીએ જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસક્રમ ક્યાંયે કર્યો નહોતો. પરંતુ ફક્ત આત્મસૂઝથી જ ભવિષ્ય ભાખતા, જેમાં તેઓ કોઈ દૈવી શક્તિથી જ સદા સફળ રહેતા. એવામાં એક વખત એવું બનવા પામ્યું કે તેઓશ્રીની જામશ્રી રણમલજીની તેમના રાજમહેલ એવા દરબારગઢ (તે સમયે જામ બંગલાવાળું સંકુલ અસ્તિત્વમાં નહોતું) ખાતેથી રાબેતા મુજબની મુલાકાત વેળાએ, ત્યાંના પટાંગણમાં રમતા શ્રી જામના સાત કુંવરો પૈકીના તેમના સાતમા છેલ્લા રાજકુંવર શ્રી વિભાના માથા ઉપર હાથ મૂકી અનાયાસે ભાવિ ભાખી ઉઠેલા કે આ રાજગાદી સંભાળશે.

આવું બનવું સંભવ જ નહોતું, કારણ કે રાજ્યના કાયદા અનુસાર પાટવી કુંવર જ રાજગાદી સંભાળી શકે. પરંતુ તેઓનું ભવિષ્ય સાચું પાડવાનું જ ઈ રે નક્કી કર્યું હોય, તેમ આગલા છયે કુંવરો શિતળાના રોગચાળામાં ભરખાઈ ગયા અને શ્રી વિભાજી રાજગાદી પર બિરાજ્યા. ત્યારથી તે તેમના અતિ પ્રિયપાત્ર બની રહ્યા અને છેક સુધી રાજ્ય જ્યોતિષીપદ પર બની રહ્યા.

તેના અંતિમ દિવસોમાં રાજાશાહીની દેન એવું બેડીનું નાકું(દરવાજો).

રાજાશાહીમાં જૂના સમયમાં શહેરની રક્ષા માટે બાંધવામાં આવેલી ફરતી ગઢની રાંગમાં ઠેર ઠેર આવા દરવાજાઓ રહેતા, જે રાત્રે બંધ કરાતા અને સવારે જ ખોલાતા. યુધ્ધ સમયે તે યુધ્ધ દરમિયાન સદંતર બંધ રખાતા અને પ્રજાની રક્ષા કરાતી.

## જામનગર : તબીબી સુવિધાઓ

જામશ્રી રણજીતસિંહજીના રાજ્યશાસન દરમિયાનની પ્રજાપયોગી વિવિધ તબીબી સુવિધાઓનું વિવરણ :

ઈ.સ. ૧૮૯૧ માં થયેલી જૂની હોસ્પિટલ (વિકટોરીયા જ્યુબિલી) અને તેની સંલગ્ન નગરના પરગજુ એવા શ્રેષ્ઠિ શ્રી અબ્દુલકરીમ જમાલના દાનથી વધારાની ડીસ્પેન્સરી (એ. કે. જમાલ ડીસ્પેન્સરી) હાલના સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનની બાજુમાં ઈ.સ. ૧૧૯ માં કાર્યરત થઈ.

જૂની હોસ્પિટલમાં ઈ.સ. ૧૯૨૩ માં આંખ–દાંતની સારવારનો ઉમેરો નિષ્ણાત ડોકટરશ્રી કપાસીના વડપણ હેઠળ કરવામાં આવ્યો.

રાજ્ય શહેરની જનતાને જરૂરિયાત મુજબ વિલાયતી દવા – સારવારની વધુ સુવિધા આધુનિક રીતે મળતી થાય તે માટે જામશ્રી રણજીતસિંહજી (૧૯૦૭–૧૯૩૩) એ ૫૬ પથારી (બે માળ પર ૨૮ + ૨૮) ની સગવડતા ધરાવતી તેમજ તેને લગતા અન્ય સગવડભર્યા ખંડો સાથેની રૂા. ત્રણ લાખના અંદાજીત ખર્ચવાળી ઈરવિન હોસ્પિટલનો શિલારોપણ વિધિ શ્રી (લોર્ડ) ઈરવિનના હસ્તે કરાવ્યો અને તેનું નામ આમ આ હોસ્પિટલ સાથે જોડયું. (હવે લોકશાહી આવ્યાના ૫૩ વર્ષ બાદ, તેને વધુ નામકરણ, પંજાબ સરકારના આર્થિક સહયોગ વડે તા. ૭–૧–૨૦૦૦ શુક્રવાર શાકે ૧૭, પોષ ૧૯૨૧ ના દિને મળ્યું શ્રી ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલ. આમ તા. ૧૭–૧૧–૧૯૨૭ના રોજ શિલાન્યાસ પામેલી ઈરવીન હોસ્પિટલનું નામ તેનો ૭૫ વર્ષિય હીરક મહોત્સવ પ્રસંગ ઉજવાયા પહેલા જ તેના ૭૩ માં વર્ષે જ વિલય પામ્યું.)

આ હોસ્પિટલના ઉદ્‌ઘાટન દિન વિશેની કોઈ નક્કર માહિતી કયાંયે ઉપલબ્ધ ન થતાં શ્રી નવરોજી એમ. ડુમાસીયા, મુંબઈ લિખિત અંગ્રેજી પુસ્તક (૧૯૨૭ એ.ડી.) ના પાના નં.૨૩૯ પર દર્શિત શિલારોપણના દિને, લોર્ડ ઈરવિનની રૂબરૂ પૂછતાછ દરમિયાન તેના પ્લાન અને ડીઝાઈન તૈયાર કરનાર મેસર્સ મિસ્ત્રી અને ભેડવાલનું સાહિત્ય તેમને રૂબરૂમાં બતાવનાર શ્રી જમસેદજી મિસ્ત્રીએ આ કાર્ય એક જ વર્ષમાં જ પૂર્ણ કરવાની ખાત્રી આપેલી. એ અનુસાર આ ઈમારત સંપૂર્ણ પણે તા.૧૭–૧૧–૧૯૨૮ના દિને પૂર્ણ થઈ જ ગઈ હોય અને ઉદ્‌ઘાટન પણ પામી ગઈ હોય. કારણ કે વાઈસરોય જેવી ઉચ્ચત્તમ પદવી ધરાવનારને આપેલ ખાત્રીનું પાલન ચોકકસપણે થાય જ તેવો એ જમાનો હતો.

આમ ૧૯૨૭માં શિલારોપણ પામેલ આ હોસ્પિટલને ૭૫ વર્ષ તો તા.૧૭–૧૧–૨૦૦૨ ના રોજ પૂરા થઈ ગયા છે અને એક વર્ષ બાદ તે હોસ્પિટલ કાર્યરત, ખાત્રી અનુસાર તા.૧૭–૧૧–૧૯૨૮ના દિને થઈ જ ગઈ હોય અને આથી સાંયોગિક પૂરાવા અનુસાર તેનો હીરક મહોત્સવ ગુજરાત સરકારે તા.૧૭–૧૧–૨૦૦૩ ના શુભદિને ઉજવવો જ જોઈએ અને આ પ્રજાકીય સગવડનું ગૌરવ જાળવવું જ જોઈએ.

આ અંગે મેં શ્રી નરેન્દ્રભાઈ મોદી, માન.મુખ્યમંત્રીશ્રીને મારા પત્ર તા.૨૯–૫–૨૦૦૩, ગુરૂવારથી રજૂઆત કરેલી તેમજ છેલ્લે મારો પત્ર તા.૨૧–૧૦–૨૦૦૩, મંગળવારથી ફેકસ દ્વારા પણ સ્મૃતિ આપેલી. છતાં એમ લાગે છે કે હવે આ ગૌરવદિન ઉજવાય તેવું કયાંય દીસતું નથી. જેવી ઈશ્વર ઈચ્છા)

ખાસ ચામડીના દર્દોની સારવાર માટે સોલેરીયમ પણ તેઓની જ દેન છે.

આ હોસ્પિટલની શરૂઆત સાથે જૂની હોસ્પિટલને પણ વધારાની સુવિધા અર્થે ત્યાં ચાલુ રાખી, ૪૫ પથારીની જોગવાઈ આપી અને ટી.બી.ની સારવાર માટે તેમજ ત્યાંજ એકસ–રે, અલ્ટ્રા વાયોલેટ, ઈલેકટ્રોથેરાપી અને રેડીયમ ડીપાર્ટમેન્ટ માટેનું આગોતરૂં આયોજન કરવામાં આવ્યું.

તદુપરાંત ૮ ચલ (ટ્રાવેલીગ) ડીસ્પેન્સરીઓનું પણ રાજ્યભર માટે આયોજન કર્યું અને આમ પોતાના રાજ્યભરની પ્રજાની તબીબી સારવાર માટેની સુવિધાઓ વધારવાનું તેમજ એ દ્વારા આરોગ્યની જાળવણીનું પણ યશસ્વી યોગદાન આપ્યું.

શ્રી સી. એ. કીનકેડ કૃત ઈ.સ. ૧૯૩૧ નું અંગ્રેજી પુસ્તક આનો બોલતો પૂરાવો છે.

# ક્રિકેટ ક્ષેત્રે જામશ્રી રણજીતસિંહજીનો નૈતિક જુસ્સો

રંગભેદની એ સમયની મજબૂત ગ્રંથી વચ્ચે પણ ધોળિયાઓની રમત ક્રિકેટમાં પણ પોતે કાળિયા એવા દેશવાસી છતાં વર્ચસ્વ સ્થાપીને, ધોળિયાઓને પોતાના દેશમાં જ લંડન ખાતે મેલર્બોન સ્ટેડિયમમાં મંતેઓની ક્રિકેટ રમતી અદાની માનવકદની શિલ્પકૃતિ, તેના પ્રવેશદ્વારમાં જ સ્થાપવાને મજબુર કર્યા.

તેઓ ક્રિકેટરોને વ્યંગ કરતા કે બેટધરોએ બોલરના દડાથી પોતાના શિરની રક્ષા માટે કોઈ ઉપકરણ વાપરવાની જરૂરત જ ક્યાં છે ?

બોલર પાસે તો સાવ નાનકડો બોલ હોય છે, જેની તુલનાએ બેટધર પાસે તો ક્યાંયે મોટુંમસ બેટ હોય છે. શું પોતાના શિરના રક્ષણ માટે એ પૂરતુ નથી ? એકાગ્રતા નથી હોતી શું? આજના ક્રિકેટરો માટે આ કેવડો મોટો વ્યંગ છે!

**જૂના સંભારણા : હડિયાણામાં હરબાઈ ડાઈ, વાલ મોટો કે ગદીયાણો ભાઈ**

આ કહેવત એ સમયમાં ખૂબ પ્રચલિત હતી અને એના દ્વારા એ ફલિત થાય છે કે આ સમયના લોકો કેવા ભોળા, સાલસ, સરળ અને વૃધ્ધજનો પરત્વે આદરભાવ ધરાવતા હતા.

નવાનગરના હડિયાણા ગામમાં સોનીનો ધીકતો ધંધો હતો અને એ સમયમાં એવી માન્યતા દ્રઢ થઈ ગયેલી હતી કે સોની ઘરેણાં ઘડતી વખતે વાલમાંથી રતિ ન ચોરે તો એ સોની ન જ કહેવાય.

એ સમયનો આ કિસ્સો છે. એ ગામમાં એક ડોશીમાં હરબાઈ એકલા જ રહેતા હતા. એકદમ સાલસ અને સરળ સ્વભાવના હતા. તેઓ કાયમ નિત્યક્રમે સેવા–પૂજા પતાવીને આ સોનીઓ માંહેના કોઈની પણ એક દુકાને જઈને બેસે અને કામ કરતા સોનીઓ તરફ મૂંગા મૂંગા ટગર ટગર જોયા કરે. સોનીઓ પણ આ ડોશીમાં તરફ આદરભાવ રાખતા અને મનમાંને મનમાં વિચારે કે આ ડોશીમાં આપણાં કામ તરફ જોયા કરતા હોઈને તેમની હાજરીમાં ચોરી નહીં થઈ શકે અને તેથી નિષ્ઠાપૂર્વક ઘરાકોનું કામ કરતા અને ચોરી ન કરતા.

એવામાં એક વખત બન્યું એવું કે સોનીઓએ ભેળા મળી વિચારણા કરી કે આ ડોશીમાંની હાજરીમાં આપણે ઘરેણાં ઘડતી વખતે ચોરી કરી શકતા નથી (કદાચ તે સમયમાં તેને હકક મનાતો હશે) અને આપણે આર્થિક નુકશાની સહેવી પડે છે. જેથી સમૂહમાં આપણે અન્ય ગામમાં ધંધો ફેરવીએ અને ડોશીમાંના ડરમાંથી મુકત થઈએ, આપણી પરંપરા અનુસાર ધંધો વિના રોકટોક કરી શકીએ.

આમ નકકી કર્યા બાદ, બીજે ગામ સ્થળાંતર થતા પહેલા, બધા સોનીઓ પેલા ડોશીમાને પગે લાગી સ્થળાંતર માટે આશીર્વાદ માંગવા ગયા. ત્યારે ડોશીમાં બોલ્યા કે દીકરાઓ! તમારા સ્થળાંતર માટે મારા ખૂબ ખૂબ આશીર્વાદ. પરંતુ એક વાત તો કહેતા જાવ કે વાલ મોટો કે ગદીયાણો ભાઈ ?

સોનીઓ બધાએ એક બીજાની સામે જોયું અને મનોમન મરકયા કે આ માજીને તો આ વજન માપની જ ખબર નથી તો હવે આપણે સ્થળાંતર કરવાની જરૂર જ ક્યાં રહી !

તેઓએ જવાબમાં માજીને કહ્યું કે માજી અમે હવે વિચાર બદલ્યો છે ને તમારી સાથે જ રહીશું અને નિર્વિઘ્ને તમારા આશિષથી ધંધો કરીશું. ડોશીમાં ખુશ થયા અને બધાંના ઓવારણાં લીધાં. કેવો એ સરળ સમય ? જરાપણ દંભ નહી.

એ સમયના તોલ–માપ (રતિ) સૌથી નાનું માપ તોલા

| | | |
|---|---|---|
| **વાલ** | : | મધ્યમ માપ તોલ |
| **ગદીયાણો** | : | સૌથી મોટો માપ તોલ (કવચિત ૨ ગદીયાણા ૧ તોલો) |
| **એ બાદ** | : | રતિ, વાલ, (આની ૧–૨ તોલો) અને તોલો (૧૬ આની) |
| **એ બાદ હવે ચાલુ** | : | મિલીગ્રામ, ગ્રામ અને. કિલોગ્રામ (બધા જાણે છે) |

આ કથાનક મને સ્ફૂર્યું તાજેતરમાં ઉજવાઈ ગયેલ શ્રી રાજમાતા ગુલાબકુંવરબા એજયુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સ્થાપિત સંચાલિત શ્રી સત્યસાંઈ વિદ્યાલય, જામનગર દ્વારા નવરાત્રી પર્વના એક પ્રાચીન ગરબા 'સવા વલ સોનું ને અધ વલ રૂપું ટીલડી રે, હું તો મેળામાં ગઈ તી...' માંથી.

આજના ઘોંઘાટિયા તેમજ પ્રવર્તમાન કાનૂનો સહિત અવારનવાર સમાજના સ્વાસ્થ્ય અને ચિંતીત સર્વોચ્ચ વડી અદાલતોની સૂચનાઓને પણ અવગણીને જીવાતા આ સમયમાં બધા જ કાનૂનો સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરીને ભવ્ય રીતે ઉજવાતા આ સંસ્થાના નવરાત્રી ઉત્સવની શ્રેષ્ઠતા ધ્યાને પડતા, હું ફકત અહીં જ અશકત શરીરે પણ પ્રતિ વર્ષ હાજરી આપતો રહું છું ધન્ય છે આ સંસ્થાના સંચાલકોને !

## કોઈ માટે ઊંટડો બનવું નહીં...

જૂના યુગમાં પરંપરાગત લડાઈમાં તલવાર, ભાલાં, તીરકામઠાં વડે એક બીજા દુશ્મનનાં રાજય પર ચડાઈ થતી. લશ્કરમાં ઘોડા, હાથી, ઊંટનો ઉપયોગ થતો.

આવા સમયે રાજધાનીના શહેરના રક્ષણ અર્થે તેના ફરતી ઊંચી અને પહોળી ગઢની રાંગ ચણાતી, જેને વચ્ચે વચ્ચે નાના, મધ્ય અને તોતીંગ દરવાજાઓ મૂકવામાં આવતા. શહેરનું મુખ્ય પ્રવેશદ્વાર કે જે દુશ્મન રાજયની સીમા સાથે નજીકમાં રાજમાર્ગ દ્વારા સંકળાયેલું હોય, તેને તોતીંગ દરવાજાઓથી મોટા મોટા ધારદાર ખીલાઓ વડે જડીને રક્ષિત બનાવવામાં આવતું.

લડાઈ વખતે આ દરવાજાઓ ચોવીસેય કલાક બંધ રખાતાં, પરંતુ સામાન્ય રીતે તે રાત્રે બંધ થતા અને સૂર્યોદય થતાં જ ખૂલતા.

દુશ્મન સૈન્ય આ દરવાજાઓ સુધી લડતા લડતા પહોંચીને અંદર દાખલ થઈને રાજયનો કબ્જો મેળવવા, આ દરવાજાઓ ખોલવા અર્થે તગડા કરેલા ઊંટનો ઊંટડા તરીકે ઉપયોગ કરતા.

આ ખીલા વડે જોડાયેલા મુખ્ય દ્વારને ખોલવા માટે તેની આડે મધ્યમાં આવા ઊંટને ઊભો રાખવામાં આવતો અને નશો કરાવેલા હાથીને તેના પર હુમલો કરાવાતો, જેના તાકાતવર જોરદાર હુમલાથી ઊંટ વીંધાઈ જતું અને વારંવારના આવા ધકકાથી દરવાજાઓ ખૂલ્લી જતાં, ઊંટડા તરીકે વપરાયેલા આ ઊંટના રામ રમી જતા અને હાથીને કશીયે ઈજા થતી નહીં.

આવી રીતે સામાન્ય જીવનમાં જયારે કોઈ માટે કોઈ હાથો બનીને ભોગ બની રહયો હોય ત્યારે તેનો હિતેચ્છુ તેને કહેવા લાગતો કે કોઈ માટે ઊંટડો બન મા.

તા. ૨૯–૧૧–૨૦૦૩ બુધવાર

**જામશ્રી રણજીતસિંહજી વિશે થોડી વધુ જાણકારી :**

તેઓશ્રી રાજવી બન્યા પહેલા સફળ ક્રિકેટર બન્યા અને પ્રિન્સ રણજી તરીકે પ્રખ્યાત થયા. એ સમયે તેઓ ઈંગ્લેન્ડની કેમ્બ્રીજ યુનિવર્સિટી તરફથી સસેકસ (ઈંગ્લેન્ડનો એક પ્રદેશ) કાઉન્ટી રમતા અને અમુક સમયે તે ટીમના કેપ્ટન પણ રહેલા.

રાજવી બન્યા બાદ ક્રિકેટ રમેલા નહીં. પરંતુ તેના તરફનો લગાવ એવો ને એવો રહેલો.

તેઓના નામે રમાતી હાલની રણજી ટ્રોફી મેચમાં નવાનગર ટીમે એક વખત ટ્રોફી હાંસલ કરેલી અને એ સમયના હિન્દુસ્તાન (ભારત) માં ઈતિહાસ સર્જેલો.

રાજવી બન્યા બાદ ઈંગ્લેન્ડના કિંગ જયોર્જ ફીફ્ર્થ દ્વારા ખેલાતા ખાસ પ્રકારના, તેના ઉછેર માટે કરાયેલા વનમાં, પક્ષીના શિકાર વખતે ખાસ મહેમાનો માંહેની શ્રી રણજીતસિંહજીની હાજરી દરમિયાન એક અન્ય શિકારીની પક્ષીના શિકારની ખાસ બંદૂકથી ગોળીથી લગભગ ડાબી આંખ ઈજા પામેલી (અકસ્માતથી) અને તે બાદ તેઓએ કાચની આંખ બેસાડેલી.

જામશ્રી રણજીતસિંહજી : પ્રથમ વિ યુધ્ધ બાદ શાંતિ માટે સ્થપાયેલી સંસ્થા લીગ ઓફ નેશન્સમાં બ્રિટીશ હકુમતે, આ જામસાહેબને બ્રિટીશ ઈન્ડિયાના પ્રતિનિધિરૂપે ત્યાં ભાગ લેવા મોકલેલા, જયાં તેઓએ પોતાની પ્રતિભા બતાવી યશસ્વી કામગીરી કરેલી.

# અસાધ્ય શિરદર્દ : જામશ્રી રાવલ ને પંજુ ભટ્ટ

એક લોકવાયકા છે, કે જામશ્રી રાવલને એકાએક એવું તો ભયંકર શિરદર્દ ઉપડયું કે તે અસહ્ય થઈ પડતુંઅને માથાં પટકવા સુધીની લાચારી થઈ પડતી. પરંતુ અમુક સમય વિત્યા બાદ તે આપોઆપ એકદમ મટી જતું અને જાણે કે કંઈ જ હતું નહીં તેવી સાવ સ્થિતિ સામાન્ય થઈ જતી.

આ દર્દ શા કારણે થાય છે તેવું કોઈ હકીમ, વૈદ્ય કે ભુવા–ભારાડી સુધ્ધાં પારખી શકેલ નહીં. એકાએક ઉપડતું ને એકાએક જ નાબૂદ થઈ જતું. કોઈ દવા–સૂટકા કારગત નીવડતા નહોતા. શ્રી રાવળજી કંટાળી ગયેલા અને ચિંતાગ્રસ્ત રહેવા લાગેલા. એમના શુભ ચિંતકો પણ પોતાની લાચારીથી નિરાશા અનુભવવા લાગેલા.

એવામાં કોઈ શુભચિંતક સમાચાર લાવ્યા કે ધ્રોલ સ્થિત એક ત્રિકાળજ્ઞાની બ્રહ્મદેવ નામે શ્રી પિતામ્બર ભટ્ટ રહે છે અને તેઓ ઈશ્વરની શક્તિથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન સ્પષ્ટ જોઈ શકે છે અને ગમે તેવા ગહન કોયડા પળવારમાં ઉકેલી શકે છે. બધા શુભચિંતકોએ નિર્ણય કર્યો અને શ્રી જામ રાવળજીના અદ્રશ્ય શિરદર્દનું રહસ્ય તેમના દ્વારા જાણી મહારાજાને આ દર્દમાંથી કાયમી છૂટકારો અપાવીએ. બધાએ શ્રી રાવળજી પાસે આવી સંયુક્ત રજૂઆત અને વિનંતી કરી કે, આ એક છેલ્લો પ્રયત્ન કરી લઈએ અને આપને આ દર્દમાંથી કાયમી મુક્તિ અપાવીએ. મહારાજા સંમત થયા અને એ માટે એક વિનંતીપત્ર સાથે ભટ્ટજીને જામનગર લાવવા સંદેશવાહકોને રથ સાથે પડધરી રવાના કર્યા.

સંદેશવાહકો દ્વારા વિનંતીપત્ર તેમને સાંપડતા અને તે દ્વારા જામનગર જવાનું નિમંત્રણ મળતાં તેમજ તેનું કારણ જાણવા મળતાં તેઓ જવા સંમત થયા અને બે દહાડા બાદ જવાનો નિર્ણય કર્યો. સંદેશવાહકો માટે એટલો સમય રહેવાનો બંદોબસ્ત કર્યો અને સુંદર મહેમાનગતિ કરી.

જામનગર જવાના દિવસે સવારના સમયે સંદેશવાહકોને બાજુના કમરામાંથી ઝીણી ઝીણી વાત સાંભળવા મળી કે જેમાં ગોરાણી ભટ્ટજીને ત્યાં કેટલા દહાડા રહેવાનું થશે ? તે પૂછતા હતા અને ભટ્ટજીએ અઠવાડીયું તો સ્હેજે થઈ જશે. તેમ કહેતાં ગોરાણી રોજના સાત ખાસડાંની ગણતરીએ ૪૯ ખાસડાં મારી લે બાદ જવાની શરત મૂકી. ભટ્ટજી સંમત થયા અને ૪૯ ખાસડાં માથા પર તેઓએ ઝીલ્યા. આ ખાનગી વાત સંદેશવાહકોને કાને અથડાતા તેઓને ભટ્ટજી પરની શ્રધ્ધા ડગમગી ગઈ. પરંતુ રાજવીના હૂકમ અનુસાર તેમને માનપાન આપ્યા સિવાય છૂટકો નહોતો. તેઓ તેમને લઈને જામનગર પહોંચ્યા.

શ્રી રાવળજીએ ભટ્ટજીને ખૂબ માનપાન આપીને સ્વાગત કર્યુ. જતાંજતાં સંદેશવાહકોએ રાજવીને ઈશારાથી થોડે દૂર બોલાવી ખાસડાંવાળી વાત ખાનગીમાં જણાવી. શ્રી રાવળજીએ તે સાંભળી અને કશું જ બન્યું નથી તેવો પોતાનો વર્તાવ જારી રાખ્યો. બીજે દહાડે દરબારમાં અંગત મહાનુભાવોની હાજરીમાં શ્રધ્ધા સાથે અન્ય દરબારીઓએ શ્રી રાવળજીની આજ્ઞા અનુસાર ભટ્ટજીને પેલા શિરદર્દની વાત કરી.

શ્રી ભટ્ટજીએ નમ્રતાથી રાજાજીને પોતાને દેખાય છે તે વાત તેઓની આજ્ઞા મેળવ્યા બાદ કરી.

એનો સાર એવો હતો કે તેઓશ્રી આગલા જન્મમાં સુખી ભરવાડ હતા અને ગાયોનો મોટો સમૂહ ધરાવતા અને એની સેવામાં આનંદ મેળવતા.

સીમાડે ગાયોને નિયમિત ચરાવવા જતા, એવામાં એક ગાય ધણમાંથી વિખૂટી પડી કંઈક ચાલી થતી અને પાછી ફરતાં તેના આવમાંથી દૂધ ખાલી થઈ જતું દીસતું.

આનું રહસ્ય મેળવવા એક દિવસ આપશ્રીએ ગાય વિખૂટી પડતાં તેની પાછળ તેનો ખાનગી રીતે પીછો કર્યો. થોડે દૂર જઈને પ્રથમ જોયું તો આ ગાય એક નિર્જન જગ્યાએ ઊભી રહી, તો તે જગ્યા પર આપોઆપ ગાયના આંચળોમાંથી દૂધની ધાર વહેવા લાગી અને આવ ખાલી થઈ ગયું.

ગાયના ગયા બાદ આપશ્રી તે જગ્યાએ ગયા અને જાળાંઝાખરાં દૂર કરી જોયું તો સ્વયંભૂ પ્રકટેલું શિવલિંગ જણાયું.

આપશ્રીના મગજમાં વિચાર આવ્યો કે તે સમયમાં પ્રચલિત માન્યતા અનુસાર શિવલિંગ પર કમળપૂજા કરવાથી આવતા જન્મમાં માંગો તેવું સુખ મળે. આપશ્રીએ ભોળા ભરવાડના મગજમાં રાજા બનવામાં જ ખૂબ સુખ મળે તેવી જ ગ્રંથિ સ્વાભાવિક હોય તે રીતે બીજે દહાડે નક્કિ કરીને તેવા વિચાર સાથે કમળપૂજા કરી.

આપશ્રીની અંતિમ ઈચ્છા અનુસાર આપશ્રી આજ રાજવી છો. પરંતુ કમળપૂજા ખાતી વખતે ધડ પરથી માથું શિવલિંગ પરથી સરકીને ગબડતું ગબડતું થોડે દૂર જઈ પડ્યું.

કાળક્રમે તે ધૂળ–માટીથી દબાતું ગયું અને તેના પર એરંડાનું એક ઝાડ ઊગી નીકળ્યું. જેમ તે મોટું થતું ગયું તેમ તેના મૂળ આપના માથા ખોપરી પર અંદર જામતા ગયા.

આજ તે એરંડો મોટો થઈ ગયો છે જેથી જોરદાર હવા ફૂંકાવા લાગે ત્યારે તે હલવા લાગે છે અને તેના મૂળિયાં દ્વારા આપશ્રીના માથામાં અસહ્ય પીડા ઉપડે છે. હવાનું જોર ઓછું થતાં તે હલતો બંધ થાય છે અને આપશ્રીનું શિરદર્દ આપમેળે જ બંધ પડી જાય છે. આમ હવે તે એરંડો મૂળમાંથી જ ઉખેડી નાખવામાં આવે તો આપશ્રીનો આ દર્દમાંથી કાયમી છૂટકારો થઈ જશે.

આ સ્થળ હાલ વાંકાનેર પાસેથી મચ્છુ નદીનાં કાંઠે આવેલું છે. આપશ્રીને શ્રધ્ધા બેસતી હોઈ, તો આ એરંડો જેમ બને તેમ જલ્દી મૂળિયામાંથી જ ઉખેડી ફેંકી દેવાની તજવીજ કરો અને આ હકીકતની ખાત્રી કરો. બાકી તો બધું દૈવ આધિન જ છે.

શ્રી રાવળજીએ શ્રધ્ધાપૂર્વક શ્રી ભટ્ટજીને સ્થળપર સાથે રાખી, પોતાના રસાલા જોડે ત્યાં જઈ એરંડાને તે સ્થળેથી મૂળિયા સહિત ખેંચાવી કાઢયો. જોકે તે એરંડો ત્યાંથી ખેંચાવી કાઢવા સમયેનાં ખોદકામ તેમજ મૂળિયાં ખેંચવા સુધીમાં શ્રી રાવળજીને શિરદર્દ તો એટલું થયેલું કે છેવટ તો બેશુધ્ધ થઈ ગયેલા. પરંતુ એ શિરદર્દ તો કાયમી ગયું તે ગયું જ.

આવી રીતે કાયમી રાહત અનુભવાતાં, તેઓશ્રીએ શ્રી ભટ્ટજીને અતિ શ્રધ્ધાપૂર્વક જામનગર કાયમી રીતે બોલાવી લીધા અને ત્યાં રાજ્યપુરોહિત જયોતિષીના પદ પર આરૂઢ કર્યા. તેમજ અંગત મિત્ર પણ બનાવી લીધા. દરેક કાર્યમાં તેમની સલાહ લેતા પણ થયા.

તદુપરાંત શ્રી ભટ્ટજીની સલાહ અનુસાર, નદી કાંઠેનું શિવલિંગ જેના પર તેઓશ્રી પૂર્વજન્મમાં કમળપૂજા કરેલી તેનો પુનરોધ્ધાર કર્યો અને તેના પર શિવાલય બાંધી તેમાં શાસ્ત્રોક્ત વિધિથી શિવલિંગની સ્થાપના કરી. આ સ્થળ તે બીજું કોઈ સ્થળ નહી પણ હાલનું વાંકાનેર પાસેનું મચ્છુ નદી કાંઠેનું પ્રસિધ્ધ સ્થળ, કે જયાં દર શ્રાવણ માસમાં ભકતજનોની ભીડ જામે છે તે શ્રી જડે ર દાદા મહાદેવનું મંદિર.

કહે છે કે આ શિવાલયમાં શિવલિંગની સ્થાપના કર્યા બાદ, અદ્રશ્ય રીતે મંદિરમાંથી હારબંધ અ ો બહાર આવવા લાગ્યા અને શ્રી રાવળજામને અ દળની જરૂરીયાત સંતોષે એટલા અ ો બહાર આવેલા ને તે પણ અ દળને જરૂરી એવા જાતવાન, આ અ ોને જામનગર લઈ જઈને ત્યાંશ્રી રાવળજીએ અ દળ રચ્યું.

આ સંદર્ભમાં કહે છે કે શ્રી ઈસરદાન ગઢવીએ રાવળજામની પ્રશસ્તિમાંઆ મુજબ દૂહો રચેલો.

**જડિયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર**
**ત્રુઠયો રાવળ જામને, હાંકી દીધો હાલાર.**

(ક) ક્રમશઃ રાવળજામની ભટ્ટજી સાથેની મિત્રતા ઘનિષ્ઠતામાં પરિણમી ત્યારે તેઓશ્રીને પોતાના દર્દમાંથી કાયમી છૂટકારો અપાવનાર આ મિત્રનું ખાસડાં ખાવાનું કાયમી દર્દ દૂર કરવા માટે સ્નેહ નીતરતી વાણીમાં તેમને તે માટેનું નિવારણ પૂછયું.
આના જવાબમાં ભટ્ટજીએ મરકીને પોતાના પૂર્વ જન્મની વાત આ સંદર્ભે કરી, જે આ મુજબ હતી.

પૂર્વ જન્મમાં પોતે એક કાગડો હતા અને નદી કિનારે આવેલા એક ઝાડપર રહેતા. ત્યારે પૂર્વ જન્મમાં મારી ગોરાણી

એક ગધેડીરૂપે હતાં. તે દરરોજ ચારો ચરવા નદી કાંઠે આવતાં. તેવામાં એક વખત તેને પીઠમાં ભાઠું પડયું. હું દરરોજ એ ભાઠાંના માંસમાંથી લોહી ચૂસવા વારે વારે તેના પર બેસતો અને ચાંચ માર્યા કરતો. બિચારીને દર્દ બહુ જ થતું પણ લાચાર હતી.

એવામાં એક વખત એવી જ રીતે ચાંચથી ઠોકતાં ઠોકતાં મારી ચાંચ તે ભાઠામાં ફસાઈ ગઈ, કાઢવા ઘણી કોશિષ કરી પણ નાકામિયાબ રહ્યો. ગધેડીને આનાથી અસહ્ય પીડા થતા તે મારા સહિત નદી કાંઠે આમથી તેમ દોડવા લાગી. છેવટ આમ ચકરાવે ચડીને નદીમાં મારા સહિત પડી ગઈ અને ઊંડા પાણીમાં અમે બંન્ને મરણને શરણ થયા.

હવે પીધેલા લોહીનો એ હિસાબ ચૂકવવા હું અને ગોરાણી આ જન્મે અત્રે ભેળાં થયા છીએ. ખાસડાં ખાવાની ક્રિયાથી જ્યાં સુધી અમારા લેણદેણનો હિસાબ ચૂકતે નહી થાય ત્યાં સુધી આ શિરસ્તો ચાલુ જ રહેશે. જેવું મારૂં દેણું ચૂકતે થઈ જશે કે તુરત ગોરાણીને અતિ પસ્તાવો થશે. અને પતિ–પત્ની તરીકેનું બાકી જીવન સુખરૂપ પસાર થશે.

શ્રી રાવળજીએ કેટલું બાકીનું લ્હેણું બાકી છે તેની પૃચ્છા કરીને સૂચવ્યું કે તમારી આંગળીમાં કાપ મૂકીને તેટલું લોહી ભાતમાં રાંધીને ખવડાવી દઈએ તો કેમ રહે ! ભટ્ટજીએ સંમતિ આપી.

એ મુજબ કરતાં જ ગોરાણીના પસ્તાવાનો પાર ન રહ્યો અને માથું કૂટવા લાગ્યા. ભટ્ટજીએ તેણીને પૂર્વ જન્મની વાત વર્ણવીને, દુઃખી ન થવા કહ્યું અને શાંત કર્યા.

એ બાદ બન્નેનું જીવન સુખમય રીતે વિતવા લાગ્યું. રાવળજામે પણ નિરાંત અનુભવી અને મિત્રને મદદરૂપ થવાનો સંતોષ મેળવ્યો. આમ દિવસો વીતવા લાગ્યા.

(ખ) એવામાં એક વખત મારવાડના સિધ્ધ હસ્ત કવિ ઈસરદાનજી પોતાની કવિતા પીરસીને ઈનામ અકરામ મેળવવાની ઈચ્છાથી જામનગર આવીને શ્રી રાવળજામના દરબારમાં આવ્યા.

ભર્યા દરબારમાં મહારાજાની પ્રશસ્તિ કરી એક એકથી ચડિયાતી કવિતાઓ તેઓશ્રી સમક્ષ પીરસવા લાગ્યા. શ્રી રાવળજામ અત્યંત ખુશ થયા અને પોતાની ખુશી જાહેર કરવા અને ઈનામ અકરામની ભેટ, સોગાદો આપવા પહેલા શ્રી ભટ્ટજીનો અભિપ્રાય મૂક રીતે ઈશારાથી જાણવા તેમની સામે નજર નોંધી. ભટ્ટજીએ સંપૂર્ણ હકારમાં પોતાનો અભિપ્રાય ન જણાવ્યો. પરંતુ થોડું નકારમાં હોય તેમ ડોકું હલાવ્યું. જો કે શ્રી રાવળજામે તો પેલા કવિને ભેટસોગાદોથી નવાજ્યો તો ખરો જ.

પેલા ગઢવીએ ત્રાંસી નજરે શ્રી ભટ્ટજીની પ્રતિક્રિયા નોંધી અને મનમાં રોષ જન્મ્યો કે બ્રાહ્મણની આંખમાં તો સદા ઝેર હોય જ. તેને એવો કુવિચાર જન્મ્યો કે આવા દ્વેષી માણસને તો પતાવી દેવો જ જોઈએ.

બીજે દહાડે આ દુષ્ટ વિચારને અમલમાં મૂકવા, વહેલી સવારે ખૂલ્લી તલવારે ભટ્ટજીના મકાનના ફળિયામાં તુલસી કયારા પાછળ છૂપાઈને તે બેસી ગયો અને ભટ્ટજીને બહાર નીકળવાની રાહ જોવા લાગ્યો.

તેવામાં ભટ્ટજી અને ગોરાણીની ઝીણી ઝીણી વાતો તેના કાનમાં અથડાઈ. ગોરાણીમાંની પૃચ્છામાં ભટ્ટજીએ ગઈકાલની દરબારમાં બનેલી હકીકત વર્ણવી.

તેમાં આ ગઢવીની વાત કરતાં ભટ્ટજી બોલતા સંભળાયા કે એક ગઢવીએ મારવાડથી આવીને શું ઉચ્ચ કોટિની કવિતાઓ પીરસી કે તેનો અન્યત્ર જોટો મળવો મુશ્કેલ ગણાય. છતાં મને એક વાતનું દુઃખ થયું કે આવો ઉચ્ચ કોટિના કવિ સામાન્ય માનવીના ગુણગાન ગાવાને બદલે ઈ રના ગુણગાન ગાતો થઈ જાય તો બેડોપાર થઈ જાય.

આટલું સાંભળતા જ ઈસરદાન ગઢવી કે જે ફળિયામાં સંતાયો હતો તે તલવાર સાથે દોટ મૂકીને તલવારનો ઘા કરી ભટ્ટજીના પગ પકડી ચોધાર આંસુએ રોવા લાગ્યો અને પસ્તાવો કરવા લાગ્યો.


ભટ્ટજીએ તેને સાંત્વના આપી અને શાંત પાડયો, ખૂબ ખૂબ આશિષો આપી, કહે છે કે બાદમાં આ કવિએ ઈ રભક્તિના એકથી એક ચડિયાતા કવિતો રચ્યાં અને કવિ જગતમાં અમર થઈ ગયો.

લખ્યા તા. ૩૧–૧–૨૦૦૫ સોમવાર

**ઋણ સ્વીકાર :**

આ કથા બચપણમાં મારા વ્હાલસોયા દાદાશ્રી ભગવાનજી જીવરામ જોશી પાસેથી સાંભળેલી વાતો પર આધારીત છે.

# રાજ્યના અંતિમ રાજવી પરિવાર સહ...



**સ્વાતંત્ર્ય પ્રાપ્તિ (સને ૧૯૪૭) પૂર્વેના નવાનગર રાજ્યના અંતિમ રાજવી પરિવાર સહ...**

તસ્વીર સૌજન્ય : સ્વ. મહોબતસિંહજી વિ. જાડેજા પરિવાર, જામનગર.

આ તસ્વીરમાંના રાજવી પરિવારના સભ્યોની ઓળખ

| | |
|---|---|
| **મહારાજા જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજી** | (ખુરસી પર આરૂઢ) |
| **મહારાણી શ્રી ગુલાબકુંવરબા** | (બાળકી તેડેલા) |
| **રાજકુમારીશ્રી હર્ષદકુંવરબા** | (ડાબી તરફથી પ્રથમ ઊભેલા) |
| **રાજકુમારીશ્રી મુકુંદકુંવરબા** | (જામસાહેબના ખોળાપાસે ઊભેલા) |
| **રાજકુમારશ્રી શત્રુશલ્યસિંહજી** | (રાજવી પોષાકમાં સજ્જ ઊભેલા) |
| **રાજકુમારીશ્રી હિમાંશુકુંવરબા** | (મહારાણી શ્રી ગુલાબકુંવરબાએ તેડેલા બાળકી) |

આ પૂર્વ જામસાહેબ (રાજવી) અને સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ રચાયેલા સૌરાષ્ટ્ર રાજયના વરાયેલા રાજપ્રમુખ છેક તેના સને ૧૯૫૬ માં દ્વિભાષી રચાયેલા મુંબઈ રાજયના વિલીનીકરણ સુધી તે પદપર સ્થિર રહેલા. શ્રી દિગ્વિજયસિંહજીના સને ૧૯૬૬ના પ્રારંભના અરસામાં થયેલા નિધન બાદ, રાજવી સ્મશાન અમરઝૂંડ થી તેઓના અસ્થિ વિસર્જન માટે હરદ્વાર ખાતે ગંગાનદીમાં તેને પધરાવવા માટેનો કુંભ તે સમયની મીટરગેજ રેલ્વે ટ્રેઈન દ્વારા ત્યાં લઈ જવા માટે રેલવેએ અસ્થિકુંભની તેમાં સ્થાપના માટે એક કોચ તેને માટે અનુરૂપ ફેરફારો સાથે તૈયાર કરેલો. જેમાં અસ્થિકુંભને અમરઝૂંડથી બારોબાર જ પધરાવવા ચાલુ પેસેન્જર ટ્રેઈનમાં તેને લગાડી, તે ટ્રેઈનને તે સમયના વિકટોરીયા બ્રીજ પર થંભાવેલી અને તેમાં તેની સ્થાપના કર્યા બાદ જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીના રાજકુમાર શ્રી શત્રુશલ્યસિંહજી (હાલ જામશ્રી સતાજી) ને સાથેના તેઓના અંગત સ્વજનો તેમજ રસાલાના માણસોને લઈને, તે ટ્રેઈને દિલ્હી તરફ પ્રયાણ કરેલું.

આવી હતી સદ્‌ગત જામસાહેબની આગવી આભા પ્રતિભા !

**ઈતિહાસ :** ભૂતકાળની ભૂલોને વર્તમાનમાં નિવારીને, ભવિષ્યને દૈદિપ્યમાન બનાવવાનું શીખવતું શાસ્ત્ર આંકડાઓ પણ ઈતિહાસ ઉજાગર કરે છે.

બે વર્ષ પહેલાં હું સીટી બસમાં સજુબા સ્કુલ તરફથી દરબારગઢ તરફ પસાર થઈ રહ્યો હતો. તેવામાં જમણી તરફ શાક માર્કેટ પહેલાં એક જૂની દુકાન પરથી કોતરણીમાં ઉપસાવેલા બે લંબગોળ આકારમાં બે આંકડાઓ મારી નજરે પડયા. (૧) અંગ્રેજીમાં ૧૯૧૯ (જમણી તરફ) અને (૨) ગુજરાતીમાં૧૯૭૫ મારા મનમાં વિચાર સ્ફૂર્યો કે આ આંકડાઓ શા માટે જૂની દુકાન પર કોતરવામાં આવ્યા હશે ?

ઘણા મનોમંથન બાદ મને થયું કે કોઈ આંકડાઓને આડેધડ કોતરવામાં ન જ આવ્યા હોય. આ આંકડાઓ પાછળનો ઈતિહાસ મારી દ્રષ્ટિએ આ મુજબ હોઈ શકે.

(૧) જામશ્રી રણજીતસિંહજી નવાનગર રાજયની ગાદીપર ઈ.સ. ૧૯૦૭ માં ગાદીનશીન થયા હતા. તેઓશ્રીએ પ્રથમ કાર્ય સાંકડા, ગંધારા ગોબરા જામનગર શહેરને નવરચના દ્વારા આકર્ષક બનાવવાનું કર્યું હતું જે હકીકત સંબંધિત છે. આ કાર્ય થકી જ જામનગરને પેરીસનું બિરૂદ મળેલું.

આથી આ કાર્યનો શુભારંભ દરબારગઢથી કરવામાં આવ્યો હોય તો ત્યાંથી લઈને આ સ્થળ સુધી, તે સમયના ટાંચા સાધનો કોદાળી, કોશ, સાંગ, ઘુમરી, તગારા, પાવડા, ખપારી જેવાથી માનવશ્રમ દ્વારા જ ફકત, અહીં સુધી પૂર્ણ કરવામાં આવ્યું હોય અને તે પણ અત્યંત આકર્ષક એક સરખી કોતરણીવાળી દુકાનોની હારમાળા સર્જીને ઈ.સ. ૧૯૧૯ સુધીના ફકત ૧૨ જ વર્ષમાં (ઈ.સ. વર્ષ ૫૬ નો આંક ઉમેરીએ તો જે આંક આવે તે વિ.સં. વર્ષ થાય. આ મુજબ ૧૯૧૯ માં ૫૬ ઉમેરીએ તો આંક આવે ૧૯૭૫. આ થઈ આ વાત બીજા કોતરાયેલા આંક ૧૯૭૫ ની આ આંક ગુજરાતીમાં અંકિત કરવામાં આવ્યો છે, જેથી તે વિ.સં. ૧૯૭૫ દર્શાવે છે) આજના યુગમાં આવું કાર્ય, આમ તો ભગીરથ કાર્ય જ ગણાય, શું જીગર છે ???

(૨) આ આંકડાની તસ્વીર માટે ઘણા તસ્વીરકારોને મારી શોધ સાથે લેવાની વિનંતી કરેલી. પરંતુ તેનું પરિણામ ન આવ્યું. બાદમાં આ સ્થળ પાસેથી હું પસાર થયેલો અવારનવાર એવામાં મારી નજરે. એકવાર પડયું કે તે આંકડા તે દુકાનના સમારકામમાં નામશેષ થયેલા છે. મને દુઃખ થયું. તેવામાં ફરી એક વખત મારી નજર એક જૂની દુકાન પર પડી હું ખુશ ખુશ થઈ ગયો. આ આંકડાઓ તેમના તેમ લંઘાવાડના ઢાળિયા સામેની હારમાં એ દુકાન પર આજ હજુ જેમના તેમ જળવાયેલા છે. શું કોઈ તસ્વીરકારનો આત્મા જાગશે અને તેની તસ્વીર લઈને, આ ઈતિહાસને કાયમી સ્વરૂપે જાળવી રાખવામાં યોગદાન આપી રહેશે ?

આ પ્રસંગ પરથી આપણે સૌએ, પ્રજાને નેતાઓએ આ આટલા વર્ષોમાં એટલે કે આઝાદી વર્ષ ૧૯૪૭ થી ઈસ્વીસનના ૨૦૧૦ સુધીમાં જામનગરને પેરીસમાંથી પેરીસેડ કરી દેવામાં કેટલુ બધું યોગદાન આપ્યું છે, તેનું મનોમંથન કરી વિચારવાનો સમય ક્યારનોય વીતી ગયો છે. એવું નથી લાગતું શું?

જાગો નેતાઓ ! જાગો પ્રજાજનો ! આપણાં શહેરને પુનઃ પેરીસ બનાવી દેવા ભેટ બાંધો, કમર કસો, માંહ્યલો જાગશે ?

## પ્રકરણ - ૧૩

# ઈતિહાસ : ભૂતકાળની ભૂલોને, વર્તમાનમાં નિવારી ને ભવિષ્યને દેદીપ્યમાન બનાવવાનું શીખવતું શાસ્ત્ર

### શહેરની સ્થાપના સમયે રોપાયેલી થાંભલીઓને વાચા ફૂટે છે !

હાલના જામનગર શહેરની સ્થાપના પૂર્વે, જામશ્રી રાવલે કચ્છમાંથી ઉતરી આવીને અહીંના કાઠિયાવાડ (હાલનું સૌરાષ્ટ્ર) વિસ્તારના નાના નાના રજવાડાઓના પ્રદેશ જીતી લઈને, તે વિસ્તારને રાજવંશના તે સમયના શૂરવીર હાલાજીના નામ પરથી હાલાર રાજ્યનું નામાભિધાન આપ્યું અને રાજધાનીનું શહેર બનાવ્યું ખંભાળિયાને.




બાદમાં એક વખત તેના મનમાં વિચાર સ્ફુર્યો કે આપણાં રાજ્યના અન્ય વિસ્તારમાં સ્થળ પસંદ કરીને, રાજધાનીનું નવું શહેર વસાવીએ અને ત્યાં વસવાટ કરીએ એ વિચારને મૂર્તિમંત કરવા, તેઓ રસાલા સાથે સ્થળની પસંદગી અર્થે નીકળી પડયા. તેવામાં હાલના જામનગર શહેરના એક વિસ્તારમાં કે જે ત્યારે ઉજ્જડ વેરાન ને ઝાડી–ઝાંખરાવાળો હોય તે સ્વાભાવિક છે. ત્યાં એક જૂની ઉક્ત જહાં કુત્તે પે સસ્સા આયા, વહાં પાદશાહને શહેર બસાયાં અનુસાર એક જગ્યાએ ઝાડી–ઝાંખરામાંથી સસલું બહાર નીકળ્યું. તેની નજર આ રસાલા માંહેના ઘોડાઓ અને શિકારી કુતરાઓ પર પડી તેનામાં ભય વ્યાપ્યો ને જીવ બચાવવા દોડવા લાગ્યું. શિકારી કૂતરા પાછળ પડયા. જાતને બચાવતા, બચાવતા એક જગ્યાએ વળાંક લઈને, બાજુની થોડી ઉંચાઈ ધરાવતા ટીબા પર તે ચડી ગયું. આગળ બચવા અર્થે કોઈ સલામત જગ્યા ન દેખાતાં તે ત્યાં જ પાછું વળીને રોદ્ર સ્વરૂપ ધારણ કરીને કૂતરાઓની સામે થયું. કૂતરાઓ આ સ્વરૂપ નિહાળીને ત્યાં જ નીચી જગ્યાએ ડઘાઈને ઊભા રહી ગયા.




જામશ્રી રાવલે પોતાના વિચાર મુજબનું નવું શહેર અહીં જ સ્થાપવાનુંનક્કી કર્યું અને આ વિસ્તારમાં ત્રણ થાંભલીઓને રોપી (૧) હાલનો માંડવી ટાવર વિસ્તાર (૨) દરબારગઢ બાજુની ગલીનો રહેણાંક વિસ્તાર અને (૩) હાલના દિલાવર સાયકલ સ્ટોર્સ વાળી જગ્યા દરબારગઢ પાસે જે થાંભલીનું શહેરના સ્થાપનાદિને વિધિવત્ પૂજન થાય છે. આમ અહીંયા નવું શહેર બન્યું એટલે નવું નગર નવાનગરની સ્થાપના થઈ, વિ.સં. ૧૫૯૬ શ્રાવણ સુદ ૭ ને બુધવારના શુભ દિને (ઓગસ્ટ ઈ.સ.૧૫૪૦) બાદમાં કાળક્રમે આ શહેર રાજધાની બનતા તેમજ તે જામસાહેબનું હોવાથી, રાજધાની ખંભાળિયાથી અહીં ખસેડાતા જ હાલાર રાજ્યનું નામ અપાયું નવાનગર રાજ્ય અને અહીં બન્યું જામનગર.

આ ત્રણેય થાંભલીઓની જગ્યાઓમાં, નથી કોઈ નક્કી દિશા સૂચન દીસતું કે નથી કોઈ અંતરનું પ્રમાણભાન દીસતું. જેથી ગત સ્થાપના દિને, મનમાં ચમકારો થયો કે આમ કેમ ? મારું સંશોધન–તારણ આ મુજબનું છે.

(૧) માંડવી ટાવર પાસેની તે સમયની ખૂલ્લી જગ્યાના વગડામાંથી સસલું નીકળીને જીવ બચાવવા દોડયું હશે, ત્યાં પ્રથમ થાંભલી રોપાઈ હશે. હાલ તે અસ્તિત્વમાં નથી.




(૨) જે જગ્યાએ સસલું પાછું વળીને, રૌદ્રા સ્વરૂપ ધારણ કરીને કૂતરાઓ સામું થયું હશે અને કૂતરાઓ ડઘાઈને ઊભા રહી ગયા હશે તે નીચા સ્થળે હાલની દરબારગઢવાળી શેરીમાં દ્વિતીય થાંભલી રોપાઈ હશે.

(૩) જે ઊંચા ટીબા પરથી તે સસલાએ સામનો કર્યો હશે (હાલનો દિલાવર સાયકલ સ્ટોર્સ) ત્યાં તૃતીય થાંભલી રોપાઈ હશે.

સને ૧૯૦૭માં જામશ્રી રણજીતસિંહજીએ ગાદી સંભાળ્યા બાદ, શહેરની નવરચનાનો પ્રારંભ કર્યો, તે સમયના થયેલા ફેરફારોમાં ઉપરોકત ત્રણેય થાંભલીઓનું હાલનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું હશે, તેમ મારું દ્રઢપણે માનવું છે.

**(૨) સૈનિક સ્કૂલ, જામનગર :** હજુ હમણાં જ થોડા સમય પહેલા બાલાચડી સૈનિક સ્કૂલ સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવાઈ. આ સ્કૂલના બાલાચડીમાં સ્થાનાંતર પહેલા તે જામનગરમાં કાર્યાન્વિત થયેલી. આ સ્કૂલ અત્રે હાલની જી. જી. હોસ્પિટલની બાજુની રેલ્વે કચેરી પાસેથી નવાગામ ઘેડ તરફ જતા હિંમતનગર રોડ નં.૧ માર્ગ પર આવેલી હાલની જિલ્લા અભિલેખાગાર (દફતર) કચેરીવાળા લાંબા ગોદામમાં લગભગ સને ૧૯૫૩–૫૪ માં તે સમયના સૌરાષ્ટ્ર રાજયના રાજપ્રમુખશ્રી દિગ્વિજયસિંહજી (જામસાહેબ) ના વરદ્ હસ્તે શુભારંભ પામેલી. આ નિવાસી શાળા બાદમાં આ જામસાહેબશ્રીએ બાલાચડીનો પોતાની માલિકીનો ગ્રિષ્મ મહેલ તેને ભેટ આપતાં, ત્યાં સ્થાનાંતરિત થયેલી. આ જ મહેલમાં બીજા વિ યુધ્ધ સમયે લગભગ સને ૧૯૪૨ માં આ જ જામસાહેબશ્રીએ પોલેન્ડના શરણાર્થીઓને આશરો આપેલો ને તેઓની દેખભાળ ત્યાં તેઓ રહ્યા ત્યાં સુધી બહુ જ સારી રીતે કરેલી.

**(૩) ઘોડેશ્વાર શિલ્પોમાંના અશ્વારની ઓળખ :** જયારે ખૂલ્લા રણ મેદાનમાં યુધ્ધ ખેલાતા ત્યારે રાજવીઓ પોતે પોતાના સૈન્યની મોખરે રહીને, સેનાપતિ તરીકે યુધ્ધ ખેલતાં કયારેક જીતતા, શહીદ થતા કે ઘાયલ થતા. આવા શૂરવીર રાજવીઓની કાયમી સ્મૃતિમાં જાહેર જગ્યાઓએ, તેઓની ઘોડાપર સૈનિક પોષાકમાં સવાર થયેલી શિલ્પકૃતિઓ મૂકાતી. આમાં ઘોડાઓના પગની મુદ્રા અલગ અલગ રખાતી એક પગ થોડો ઊંચો ને બાકીના ત્રણેય ખોડાયેલા, આગલા બે પગ દોડતી મુદ્રામાં ને બાકીના પાછલા બન્ને ખોડાયેલી મુદ્રામાં અને અંતિમ જાતના શિલ્પમાં ઘોડાના ચારેય પગ ખોડાયેલા હોય.

આ પગની મુદ્રા પરથી જાણી શકાય કે જે તે રાજવીનું નિધન કઈ રીતે થયું છે.

ઉપર દર્શિત પ્રથમ મુદ્રાવાળા રાજવી રણમેદાન પર જ શહીદીને વર્યા છે, બીજી મુદ્રાવાળા રાજવી રણમેદાન બહાર ઘાયલ થઈને ઘોડા દ્વારા દુશ્મનોનો ઘેરો વીધીને તેને લઈ જવાતા, ત્યાં શહીદીને વર્યા છે અને અંતિમ મુદ્રાવાળા રાજવીનું કુદરતી નિધન થયું છે.

**(૪) મહારાણીને રાજમાતાની ઓળખ :** રાજમાતાની ઓળખ ત્યારેજ અપાય જયારે તેણી મહારાજાની રાણી મહારાણી હોય અને તે રાજવીના નિધનબાદ, તેનો રાજકુંવર જ ગાદી પર બિરાજમાન થયો હોય, દત્તક લેવાયેલા રાજવીની માતા નહીં, રાજવી સમયમાં મોટા રાજયના રાજવીને જ મહારાજા કહેવાતા.

આપણા પૂર્વ નવાનગર રાજયના મહારાજા જામસાહેબશ્રી રણજીતસિંહજીના માતુશ્રી સજુબા અને જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીના માતુશ્રી તેજુબાને રાજમાતાની ઓળખ મળી નહોતી. પરંતુ છેલ્લા મહારાણી શ્રી ગુલાબકુંવરબાને રાજમાતાની ઓળખ મળી હતી. હવે તો સ્વતંત્રતા મળતા આ પ્રથાનો પણ અંત આવ્યો છે.

**(૫) બહાદુર ક્ષત્રિય કોમની ઓળખ :** મારી દ્રષ્ટિએ આ કોમને ત્રણ પ્રકારની ઓળખ આપી શકાય (ક) રાજપુત અસલ રાજવંશી ખુમારી, તેજ, આહાર, વિહાર ને વિચાર, (ખ) દરબાર કે જેને રાજાશાહીના સમયમાં દરબાર ભરાય ત્યારે તેમાં બેસવાનો હક્ક મળ્યો હોય અને (ગ) ગરાસિયા કે જેને રાજવી તરફથી પોતાની સરહદમાં કોઈ સીમિત સ્થાને પોતાના ગુજરાન માટે ગરાસની નવાજેશ થઈ હોય.

**અંતમાં કરથી કોભિયો :** શ્રી રામે રાવણના ભાઈ વિભીષણની સલાહ અનુસાર, યુધ્ધમાં રત એવા રાવણને મારવા, તેની નાભીમાં બાણ માર્યું ને રાવણ પડયો. પડતાં પડતાં તેણે શ્રી રામને પૂછયું કે કોણ જીત્યું ? શ્રી રામે ઈશારાથી તેને જ ઉત્તર આપવાનું કહેતાં જ તે બોલી ઊઠયો, હું જ કારણ કે મારા જીવતાં તમને મારી ધરતી પર પગ મૂકવા ન દીધો અને હવે હું તમારી ધરતી પર જ મરૂં છું. આનો સીધોસાદો અર્થ એ જ કે તે સમયની રાજનીતિ અનુસાર, યુધ્ધમાં મરાતા રાજવીની ધરતીનો હકક, જીતતા રાજવીને જ મળી જતો, છે ને રસપ્રદ !

## પ્રકરણ - ૧૪

# જામનગર : કાઠિયાવાડનું પેરીસ કેમ ? શા માટે ?

કોઈના મનમાં પ્રશ્ન ઊઠે, કે જામનગરને નવું રૂપ આપનાર જામશ્રી રણજીતસિંહજીએ અહીંના રાજવી બન્યા પૂર્વે અભ્યાસ અને ક્રિકેટની રમતમાં પોતાના પ્રારંભિક જીવનનો મોટો ભાગ ઈંગ્લેન્ડના લંડન શહેરમાં વ્યતિત કર્યો હોવા છતાં આપણાં આ શહેરને ઉપરોક્ત શીર્ષક મુજબનું નામ શા માટે અપાયું !

તો તેનો ઉત્તર એ છે કે, તેઓશ્રી ફ્રાન્સના શહેર પેરિસની મુલાકાત અવારનવાર લેતા હતા અને એ શહેરની અદ્‌ભૂત બાંધણી તેના સુંદર માર્ગો, તેની બાજુમાં બન્ને તરફ હરિયાળી ઉછરેલા વૃક્ષો, બંને તરફની સાનુકૂળ ફુટપાથો, વચ્ચે વચ્ચે મુકાયેલા વિશાળ ચોકો, સર્કલો, ક્રેસન્ટો, નયનરમ્ય સ્થાપત્યકલાથી પ્રચુર ભવ્ય ઈમારતો, ઈત્યાદીથી પોતે અત્યંત પ્રભાવિત થયેલા. જેથી તેઓશ્રીએ સને ૧૯૦૭માંરાજવી બન્યા બાદ પ્રથમ કામ એ શહેરની અનુસાર જ બધું વ્યવસ્થિત જામનગર શહેરની કાયાપલટમાં કરવાનું નક્કી કર્યું. આ કાર્યમાં આમ તા.૨–૪–૧૯૩૩ સુધીના તેઓશ્રીના શાસનકાળ દરમિયાન આ શહેરની બરાબર તે અનુસાર જ, મોટા ભાગે ગોબરા ગંધારા સાંકડા રહેલા આ જૂના શહેરની મોટાપાયે ભાંગતોડ કરીને, નવસર્જન કર્યું અને તેને પેરિસનું બિરૂદ અપાવ્યું. ઉત્તર બરાબર ? યાદ કરો આઝાદી પૂર્વના જામનગર શહેરને (હવાઈ ચોક, બર્ધન ચોક તેમજ તેના ભાગની દુકાનો સમક્ષની આકર્ષક ગેલેરી, વિલિંગ્ટન ક્રેસન્ટ તેમજ તે તે માટેની દુકાનો સમક્ષની તેવી જ ગેલેરીઓ, બકાલા સહ ફળોની માર્કેટની ઈમારત, ઈરવીન સર્કલ, પાંચ રસ્તા (લાલબંગલા) ચાર રસ્તા (પંચાયત ભવન), સાત રસ્તા, શરૂ સેકશન, લેડી હાર્ડિંગ્સ બાદ ૧૯૩૬માં તેમના નિધનબાદ, ઉદ્‌ઘાટન પામેલમાં શ્રી સજુબા ને લેડી વિલિંગ્ડન સંયુક્ત નામ વાળી ગર્લ્સ સ્કૂલ, દયારામ લાઈબ્રેરી, વિભાવિલા, માનવિલા, પ્રતાપવિલા, અમરવિલા, વોરાનો હજીરો જેવી સ્થાપત્ય કલાથી ભરપૂર ઈમારતો અરે ! ગ્રેઈન મારકેટ, સુમેર કલબ, ઈરવીન હોસ્પિટલ જેવી ભવ્ય ઈમારતોને પણ કેમ ભૂલી શકાય. વૃક્ષો દરેક માર્ગોની પડખાના તેમજ લીમડા લાઈનમાંના લીમડાના વૃક્ષોને પણ કેમ ભૂલાય!) કેટલુંક યાદ કરવું ? પ્રિન્સ રણજીના જામસાહેબ બન્યા બાદના જામનગરને પેરિસનું બિરૂદ અપાવવાના અથાગ પ્રયત્નોને તેઓશ્રીની એક અંતિમ ઈચ્છા પરિપૂર્ણ કરવાની રહી ગઈ હતી, જે હતી તેઓશ્રીની માંડવી ટાવરથી તળાવની પાળને (બાપુનાં બાવલા પાસે) ટુંકા સીધા માર્ગે જોડવાની.

હવે ખુલાસો કરૂં સૌરાષ્ટ્રને બદલે કાઠિયાવાડ નામ વિશે. આઝાદી પૂર્વે આ વિસ્તારમાં મોટા ભાગે કાઠી દરબારોના રજવાડાં હતા. જેથી તેને કાઠિયાવાડ કહેતા. બ્રિટીશરોના આગમન બાદ પણ આ તરફના બધા રજવાડાઓના અંકુશ માટે રાજકોટ ખાતે એજન્સીનું થાણું નખાયેલું અને તેના અમલદારને કહેવાતા કાઠિયાવાડના પોલીટીકલ એજન્ટ. આમ આ વિસ્તાર કાઠિયાવાડ તરીકે જ ઓળખાતો સૌરાષ્ટ્ર નહીં. જો કે ઘણી સદીઓ પહેલાં આ વિસ્તાર સૌરાષ્ટ્ર તરીકે જાણીતો હતો. સૌરાષ્ટ્ર તરીકે તો આ વિસ્તાર નામાભિધાન પામ્યો આઝાદી બાદ સૌરાષ્ટ્ર રાજયની રચનાથી. જામનગર ખાતે હાલ મૃતપ્રાયઃ અવસ્થામાં રહેલું સોલેરીયમ પણ ફ્રાન્સના પેરિસની જ પ્રતિકૃતિ રૂપ જામશ્રી રણજીતસિંહજીએ સ્થાપેલું. અરે! ત્યાં સુધી કે લાખોટા સમીપ તળાવની વચ્ચેનું, જામશ્રી રણજીતસિંહજીની કુશાગ્ર બુધ્ધિના પ્રતીક સમું, જામશ્રી રાવળનું શિલ્પ મુકાયું છે તે પણ પેરિસના શિલ્પીએ ઘડયું હતું. જો કે તેની સ્થાપના કરવામાં આવેલી, શ્રી રણજીતસિંહજીના નિધન બાદ જામશ્રી દિગ્વિજયસિંહના શાસનકાળના પ્રારંભમાં આ બે વધુ પૂરાવા છે, જામનગરને પેરિસ તરફના, વાંચક હવે બરાબર ?

**આ પણ જાણીએ :** રાજયના શાસનકાળમાં રાજયના શુભપ્રસંગો, ધાર્મિક તહેવારો ઈત્યાદિ જેવા પ્રસંગોએ રાજવીની ભવ્ય દબદબાપૂર્ણ સવારી નીકળતી. દરબારગઢથી પ્રારંભ થઈને, બર્ધનચોક, હવાઈચોક, ખંભાળિયા નાકાથી તળાવની પાળનો ઢાળિયો પસાર કરી, આગળ દુઃખભંજન મહાદેવ પહેલાના માર્ગ પરના ખૂલ્લા ટેકરાઓ છેક લાલબંગલાના આ તરફના ભવ્ય દરવાજામાંથી પસાર થઈ, પાછલા દરવાજાથી સાત રસ્તાને જોડતા માર્ગે સાત રસ્તા માહેના જામબંગલાના દ્વારે આગળ વધી જામબંગલામાં પૂરી થતી તળાવની પાળ પરના ટેકરાઓ પર તોપો તે સમયે ફૂટતી, સવારીથી બન્ને બાજુના માર્ગ પર હકડેઠઠ પ્રજા જોવા ઊભી રહી જતી. આવી હતી ભવ્યતા !

**સવારી એક ઝલક :** સૌથી આગળ શણગારેલ ઘોડા નગારૂં, બાદ ગણવેશધારી ઘોડે ।રોની ગણવેશધારી પાયદળની ટૂકડી, એ બાદ એ સમયના પહેરવેશમાં મહાનુભાવો, એ બાદ જામસાહેબની આઠ ઘોડાની ખૂલ્લી બગી ને છેલ્લે શણગારેલ સાંઢિયા નગારૂં !

# પારસી અગિયારી



ભારતીય પ્રજામાં સાચા અર્થમાં સંપૂર્ણપણે સમરસ થઈ ગયેલી, અતિ અલ્પ સંખ્યા ધરાવતી એવી લઘુમતી કોમ પારસીનું ધાર્મિક સ્થાન નગરનું ગૌરવ છે.

જામશ્રી રણજીતસિંહજીએ તેના શાસનકાળ (૧૯૦૭–૧૯૩૩) દરમિયાન પોતાની આગવી સર્વધર્મ સમભાવની નીતિ અનુસાર, પોતાનું સંપૂર્ણ પ્રકારનું યોગદાન અર્પી આ સ્થાને આકાર આપી, આ ગૌરવવંત કોમને મહાન ભેટ આપી છે. નગરની સમગ્ર પ્રજા તેમના આવા કાર્યો માટે ગૌરવ અનુભવે છે.

એ સમયમાં સર્વધર્મ સમભાવ અને લઘુમતી કોમને વિશેષ લાભના હાલના સમયની જેમ ઢોલ પીટવામાંઆવતા નહોતા.

(એ ઈતિહાસ અતિ પ્રચલિત છે, કે આ જરથુષ્ટ કોમને પોતાના ઈરાન દેશમાંથી દેશવટો લેવાનો સમય આવ્યો ત્યારે તેમાંના થોડા એક સભ્યો વહાણોમાં ભાગીને ગુજરાતના સંજાણ બંદરે પહોંચ્યા અને તેમાંના એક નેતાએ ત્યાંના રાજવીને આશરો આપવા માટે કહેણ મોકલી આજીજી કરી.

તેના ઉત્તરમાં ત્યાંના રાજવીએ દૂધથી છલોછલ ભરેલ પ્યાલો નેતાને મોકલીને સંજ્ઞારૂપે જણાવ્યું કે મારું રાજય, વસ્તીથી ભરાયેલું છે, તેથી તમને તેમાં ઉમેરીને આશરો કેવી રીતે આપી શકું !

તેનો ઉત્તર પણ તે નેતાએ તેમાં સાકર ઉમેરીને આપ્યો કે અમે તેમાં સાકરમાં દુધની જેમ સમાઈ જશું.

આ કટોરો ફરીને તે રાજવી પાસે પહોંચ્યો. રાજવીએ તે માંહેનું દૂધ ચાખ્યું તો મીઠું લાગ્યું. આ ચતુર રાજવી અત્યંત ખુશ થયો અને સંજ્ઞાનો ઉત્તર સંજ્ઞાથી આપનાર આ બુધ્ધિશાળી સમુદાયને સહર્ષ મંજૂરી આપી પોતાના રાજયમાં સમાવી લીધો.

આજ પર્યંત આ કોમ ભારત દેશમાં સમરસ થઈને વિના ફરિયાદ તેમજ કોઈ ખાસ માંગણી વિના વસી ગઈ છે અને તે કોમની એકપણ વ્યક્તિ કયારેય દેશ વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલી નોંધાઈ નથી. બ્રેવો પારસી કોમ!)

# જામનગર - રોઝી રેલ્વે લાઈન




હાલ જ્યાં વાલસુરા ખાતે ભારતીય નૌસેનાનું મથક છે, તેની આગળના ભાગે રોઝી બંદર ખાતે મુસાફરોની આફ્રિકાથી સ્ટીમર (આગબોટ એ સમયે વીજળીને બદલે આગ–સ્ટીમથી ચાલતી) અને કચ્છ–કંડલા ફેરી સર્વિસ (લોંચ) નામે (૧) S.S. BALGI અને (૨) S.S. MONTEDORD દ્વારા મોટી સંખ્યામાં આવનજાવન રહેતી અને મુસાફરોને છેક કિનારા સુધી લાવવા લઈ જવામાં સુવિધા રહે તે માટે સમુદ્રમાં છેક ઊંડે સુધી પેસેન્જર જેટી રાજ્ય દ્વારા બનાવવામાં આવેલી.

આ બંદરેથી ઉતરતા–ચડતા મુસાફરો છેક ગુજરાત અને દેશના અન્ય ભાગોના અને સમગ્ર કાઠિયાવાડના રહેતા.

અહીં બહોળી સંખ્યાના આવા મુસાફરોને વધુ સુવિધા સાંપડે એ દ્રષ્ટિએ, એ સમયની અહીંની રાજ્ય માલિકીની જામનગર અને દ્વારકા રેલવે જે એન્ડ ડી રેલ્વેસ એ આ બંદરને જામનગરના મીટરગેજ રેલવે સ્ટેશન (હાલનુ તરછોડાયેલું જૂનું સ્ટેશન) સાથે સાંકળવાનો ૧૯૩૧ના દાયકામાં નિર્ણય લીધો.

આ માટે જામનગર સ્ટેશનથી બેડીબંદર તરફ જતી મિટરગેજ રેલવે લાઈન (હાલના પંડિત નહેરૂ માર્ગ પરના અંબર ટોકીઝ, જી. જી. હોસ્પિટલ, ભૂત બંગલાની બાજુમાંથી તે સમયે સમાંતર પસાર થતી) માંથી હાલના બ્રોડગેજ રેલવે સ્ટેશન નજીકમાં આવેલ સ્થળેથી રોઝી બ્લોક હટ નામે સાંધા ફેરવવાની ઓરડી (સ્ટાફ કવાર્ટર સહિત) બનાવી અલગ ફાંટો પાડીને રોઝી બંદર જતા જામ–રોઝી સેકશનનું નિર્માણ કરવામાં આવ્યું અને આમ રોઝી બંદરને જામનગર સ્ટેશન સાથે સાંકળવામાં આવ્યું. જેની શુભ ઉદ્ઘાટન વિધિ તે સમયના રાજવી જામશ્રી દિગ્વિજયસિંહજીના વરદ્ હસ્તે તા.૨૯–૫–૧૯૩૮ના શુભદિને સંપન્ન થયેલી.

આમ રાજાશાહી યુગની રેલવેએ પ્રજાકીય અભિગમ અપનાવી તેના પર પેસેન્જર ટ્રેઈન જામનગર સુધી દોડતી કરી. એક વિશેષતા એ રહેલી કે મુસાફરોની સુવિધા માટે છેક પેસેન્જર જેટી પર ટ્રેઈન જઈ શકે તે માટે તેના પર પણ પાટા નાંખવામાં આવેલા.

ઉપરોક્ત જામનગર–બેડી લાઈન પર વચ્ચે બે પાટા બદલવાના સાંધા રાખવામાં આવેલા (૧) ધન્વન્તરી મંદિર સામેના હાલના રેલવે બંગલા (ત્યારની રેલ્વેના જનરલ મેનેજરના બંગલા) માં જવા માટેની સાઈડીંગ અને. (૨) શ્રી પ્રતાપ વિલાસ પેલેસ માટે શ્રી ડી.કે.વી.કોલેજ પાસેથી જતા હાલના શ્રી ગુરૂદત્તાત્રેય મંદિર માર્ગ પર મંદિર પાસેના હાલના વિરલ બાગની બાજુના ખાલી મેદાન સુધી જતી શ્રી પ્રતાપ વિલાસ સાઈડીંગ.

લખ્યા તા. ૧૫–૩–૨૦૦૧ ગુરૂવાર



# જામનગરની દુર્લભ ઐતિહાસીક તસ્વીરો

હરિવદન જોશી


શ્રીમતિ મંજુલાબેન દવે


શ્રીમતિ લીલાબેન સાઠયે


દાનવીર શેઠ શ્રી એમ. પી. શાહ


ટ્રસ્ટના શેઠ શ્રી પ્રેમચંદભાઈ શાહ


રેલ્વે ગાર્ડ / ટી.ટી.ઈ.
પૂ. શ્રી શાંતિલાલ ભ. જોશી


(નિવૃત્ત) લેફ. કર્નલ (કાકા સાહેબ)
પૂ. શ્રી જયેન્દ્રસિંહજી ગો. જાડેજા

ૐ

# આયુર્વેદ શાસ્ત્રના ઉદ્ધારકો



## મહારાણી શ્રી ગુલાબકુંવરબા

(ગુજરાત આયુર્વેદ વિદ્યાપીઠના પાયારૂપ)

## (સ્વ.) શ્રી પ્રાણજીવનભાઈ એમ. મહેતા




અર્પણ.........



આયુર્વેદરૂપી વટ-વૃક્ષને જેમણે 'જીવન' ભર પોતાના 'પ્રાણ' નું (એલોપેથીની ઉચ્ચત્તમ પદવી ધરાવતા હોવા છતાં) સિંચન કર્યું અને આજની આપણી 'ગુજરાત આયુર્વેદ વિદ્યાપીઠ' ની ભવ્ય ઇમારતના જેઓ પાયાના પથ્થર બનીને રહ્યા, તે કર્મયોગી (સ્વ.) શ્રી પ્રાણજીવનભાઈ મહેતાને સાદર................

જોગીન જોશી



**‘ધન્વન્તરિ મંદિર’**

(હાલ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી હેઠળ)



પ્રારંભના વર્ષોનું ધન્વન્તરિ મંદિર
જે ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજ
માટે બંધાયેલું



સને ૧૯૪૧ના દાયકામાં જામનગરમાં
આયુર્વેદ મહાવિદ્યાલયની ઈમારત :
‘ધન્વન્તરિ મંદિર’ ના નિર્માણ પહેલા આ ઈમારત નિર્માણ પામી.
**મહારાજ શ્રી જુવાનસિંહજી આયુર્વેદિક સંગ્રહસ્થાન કે
જ્યાંથી અભ્યાસક્રમ માટેના પાઠ્યપુસ્તકો
છપાઈને પ્રકાશિત થયા.**
આમ આ સંગ્રહસ્થાનની ઈમારત જાણે કે
‘ધન્વન્તરિ મંદિર’ નો દ્રશ્યમાન પાયો બની રહી.



હાલ આયુર્વેદ યુનિવર્સિટી હસ્તકની જુની **એ. કે. જમાલ ડીસ્પેન્શરી**ની ઈમારત



આયુર્વેદ યુનિવર્સિટી હસ્તકની જૂની **વિક્ટોરિયા જ્યુબિલી હોસ્પિટલ**ની ઈમારત




મેડિકલ કોલેજની ઈમારત
બંધાયા પહેલાની ત્યાંની જૂની
'ઈરવીન હોસ્પિટલ'
અને ખૂણામાં
**લેડી મેડિકલ સુપ્રિટેન્ડેન્ટનો**
બંગલો



જમણે ખૂણે
જામ શ્રી રણજીતસિંહજી
(પ્રિન્સ રણજી) એ
સર્જેલું સૌ પ્રથમ
**અસલ સોલેરિયમ.**
ડાબે ખૂણે
જામશ્રી દિગ્વિજયસિંહજીએ
સર્જેલ
**નાનું સોલેરિયમ**
જે નિષ્ફળ રહેલું.



ડાબા ખૂણાવાળું
અલગ નાનું
**સોલેરિયમ**
જેની પાશ્ચાદભૂમાં જૂની
**ઈરવીન હોસ્પિટલ** ની
ઈમારત દ્રષ્ટીગોચર થાય છે.


SHREE GULABKUNVERBA AYURVEDIC SOCIETY

26- 5- 7

To
Mankad V.A.Esqr.
Jamnagar.

I have pleasure in informing you that you have been declared successful at the First Year Examination held by the State Faculty of Ayurvedic System of Medicine, during April '47. We congratulate you on your success. You will be glad to note that the success percentage of our College is over 83 % as against the Board percentage of 67 %.


The College re-opens on 23rd June 1947.

Yours faithfully,
M.A.,
Office Superintendent,
Ayurveda Vidyalaya.



ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગરની મ્હોર (ચિહ્ન)

**સને ૧૯૪૬માં જામનગર ખાતે**
**શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય**
**શરૂ થતાં પ્રથમ વર્ષની પ્રથમ ટુકડીએ**
**મુંબઈની ડી.એ.એસ.એફ.ના**
**અંતિમ વર્ષની**
**(એપ્રિલ - ૧૯૫૦)**
**પરીક્ષા પસાર કર્યાના**
**પ્રમાણપત્રની પ્રતિકૃતિ**


32

State Faculty for Ayurvedic System of Medicine, Bombay

This is to Certify that

of

has passed the qualifying examination in the Ayurvedic System of Medicine, held according to the regulations under the Bombay Medical Practitioners' Act, 1938, in the month of 19 , and the diploma of AYURVEDVISHARAD is so conferred on him. In testimony whereof is set the seal of the Faculty.

Subjects for the examination are :—

Registrar

BOMBAY.

Chairman
State Faculty for Ayurvedic System of Medicine,
BOMBAY.

Signature of the diplomaholder



ઈરવીન હોસ્પિટલના
શિલારોપણ વિધિની
સ્મૃતિ



તૈયાર થયેલી ઈરવીન હોસ્પિટલ
જામનગર



ઈરવીન હોસ્પિટલનાં
પ્રારંભ સમયનો
સાફ સુથરો અને અતિ આકર્ષક
એવા એક વોર્ડ તસ્વીર



રાજાશાહીના સમયની **શ્રી સજુબા ફીમેલ હોસ્પિટલ**
(હાલ : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી હસ્તક)



રાજાશાહીના સમયની **શ્રી તેજુબા મેટરનિટી હોમ્સ**ની અડધી ધ્વંશ કરાયેલી ઇમારત
(હાલ : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી હસ્તક)



એમ. પી. શાહ હાઉસ

હાલનું ન્યાયમંદિર
(આનું બાંધકામ પૂર્ણ થતાંવેંત તેનો ઉપયોગ પ્રારંભની મેડિકલ કોલેજની સ્થાપનાથી થયેલો)






હાલની
શ્રી એમ. પી. શાહ
મેડિકલ કોલેજ




**શ્રી ડી. કે. વી. કોલેજ** ની
શિલારોપણ વિધિ સમયના
સમારંભમાં તે સમયના
રાષ્ટ્રપતિ
**શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન** ના
ઉદ્‌બોધન વેળાની તસ્વીર




શ્રી ડી. કે. વી. કોલેજના
શિલારોપણ વિધિ વેળાએ
ત્યાં સર્જાનાર ઈમારતનું
**કલ્પનાચિત્ર**



શ્રી દોશી કાલીદાસ વીરજી
(ડી. કે વી.)
આર્ટ્સ એન્ડ સાયન્સ
કોલેજ




જામશ્રી રણજીતસિંહજીના નિધન બાદ તા. ૧૨ જાન્યુઆરી ૧૯૩૬ના રોજ
આ ઈમારતનું **મા શ્રી સજુબા સાહેબ : લેડી વિલિંગ્ડન ગર્લ્સ હાઈસ્કૂલ**
સંયુકત નામાભિધાન થયેલું.



**સૈનિક સ્કૂલ**
ગુજરાતની પ્રથમ સૈનિક સ્કૂલ
(જે હાલ હવે કાયમી ધોરણે બાલાચડી સ્થાળાંતર થયેલ છે)



આણદાબાવા ચકલા સ્થિત
તાલુકા શાળા



શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય
(આર્ય સમાજ)



નવાનગર હાઈસ્કૂલ



શ્રી વિભાજી ઈંગ્લીશ સ્કૂલ




શ્રી નેશનલ હાઈસ્કૂલ



ધી ન્યુ દિગ્વિજયસિંહજી
ઈંગ્લીશ સ્કૂલ










છ તસ્વીરોમાંનો સને ૧૯૫૦નો પ્રસંગ... મારા વિદ્યાર્થીકાળમાં પદનિવૃત્ત થનાર
'પાઘડી' માં **પૂ. વી. કે. પંડ્યા સાહેબ** અને પદગ્રહણ કરનાર
'ટાઈ' માં સજ્જ **પૂ. વિ. એસ. અભ્યંકર સાહેબ**. બન્ને ગુરૂદેવોને સાદર પ્રણામ...



તે સમયની **વ્હોરા ના હજીરા** પાસેની નદીમાનો નૌકાવિહાર



તે સમયના **વિક્ટોરિયા બ્રીજ** (રોડ - કમ - રેલ્વે બ્રીજ) પરથી સાતમ-આઠમ ના મેળા સમયે પસાર થતી રેલ્વે ટ્રેઈન અને નીચે નદીમાં નૌકાવિહાર




સને ૧૯૫૪ આસપાસની સાતમ - આઠમના મોટા મેળાની રંગમતી - નાગમતી નદીના કિનારા પરની તસ્વીર (નૌકા વિહારની અલભ્ય તસ્વીર)




તત્કાલીન
**અખંડ ભૂજીયો કોઠો**
અને ખંભાળિયાનું નાકું એક-મેકની
બાજુ-બાજુએ...
કેવું સોહામણું દશ્ય...

લાખોટો તેમજ કોઠોની ઇમારતોની
ગઢની રાંગ સાથે જોડતી દિવાલ
માના પગથિયા તેમજ વચ્ચે
એક આકર્ષક થાંભલીઓવાળી દેરી
દ્રષ્ટિગોચર થાય છે.
કેવું આહ્લાદક
આગલા તળાવનું કુદરતી દશ્ય...





**ખંડિત ભૂજીયો કોઠો**
સને ૨૦૦૧, ૨૬ જાન્યુઆરીના
ભૂકંપ પહેલા
(રાજાશાહીનું લશ્કરી બાંધકામ)




પાછલા તળાવામાંના
**દેરાણી-જેઠાણી** ના અખંડ પાળિયા
તેમજ
અખંડ **લાખોટા** ની ઇમારતો
સહિતના તળાવનું દશ્ય.
(સને ૧૯૫૪ આસપાસ)



જામનગર **રેડિયો સ્ટેશન** નું
સ્વપ્ન રોળાયું...
અહીં રાજાશાહીના અંતિમ વર્ષોમાં
(લગભગ ૧૯૪૪-૧૯૪૫ આસપાસ)
રેડિયો સ્ટેશન સ્થાપવાનું હતું
અને એ માટે
યાંત્રિક ગોઠવણી પણ ચાલી રહી હતી.



**ભવ્ય લાખોટા**
તે સમયે તેની અંદરની ઝલક




જામ શ્રી રણજીતસિંહજીના નવાનગર રાજ્ય શાસન કાળની અવધિના સને ૧૯૩૨ના વર્ષમાં ઉજવાયેલી **સિલ્વર જ્યુબિલી મહોત્સવ** ના ઉપલક્ષમાં રાજ્યના પ્રજાજનો દ્વારા અર્પણ કરાયેલા આ સોહામણા સ્મારકની ઈમારત આજ પણ એટલી જ ભવ્યતા બક્ષે છે. આ સ્મારકની વિશિષ્ટતા એ છે કે તે માહેંનું પ્રશસ્તિપત્ર ત્રણેય મુખ્ય ભાષા : **સંસ્કૃત, ગુજરાતી** અને **અંગ્રેજી**માં આલેખવામાં આવ્યું છે અને એમાંય તે આપણી ગૌરવરૂપ ભાષા **સંસ્કૃત** ને અગ્રભાગે સ્થાન આપવામાં આવ્યું છે.


આપણી આઝાદી પ્રાપ્તિના આટઆટલાં વર્ષે આપણે આપણી ગૌરવરૂપ સંસ્કૃત ભાષાને કેવુંક મહત્વ પ્રદાન કર્યું છે ?



આ **ઘોડેશ્વાર જામશ્રી રાવળ**ના શિલ્પવાળા ભાગની વૃધ્ધિ કરીને, તેને "લાખોટા સંકુલ" સાથે સંલગ્ન કર્યા પહેલાની તસ્વીર.




જામ સાહેબ શ્રી રણજીતસિંહજીના રાજકાળ સમયનું અંગત **મુલાકાતી પત્ર**



સને ૧૯૫૪ આસપાસની ઈરવીન સર્કલની તસ્વીર
**(હાલ ટાઉનહોલ - મહર્ષિ અરવિંદ સર્કલ)**
(અહીં 'ટાઉનહોલ' બન્યા પહેલા, શ્રાવણ માસમાં દર વર્ષે નાના મેળા તેમજ સરકસના પડાવ પણ રખાતા)




**વિકટોરિયા જ્યુબિલી કોમેમોરેશન ટાઉન હોલ**
(જ્યાં જામનગર અને દ્વારકા રેલ્વેની વડી કચેરી અને ત્યારબાદ શહેર સુધરાઈ / મહાનગરપાલિકાની કચેરી અસ્તિત્વમાં આવી.)



લાલ બંગલા સંકુલમાં **એક દંડિયો મહેલ**
(જૂના રાજાશાહી યુગમાં તેનો ઉપયોગ **વોચ ટાવર** તરીકે રાજ્યની સરહદના રક્ષણ અર્થે થતો)



લાલ બંગલા સંકુલમાં એક દંડિયા મહેલ પાછળ તળાવમાં પડતા દરવાજા પાસેનો **નૌકાઓનો ધક્કો,**
જેનો ઉપયોગ ત્યાં પધારતા મહાનુભાવો નૌકા વિહાર માટે કરતાં...



જામશ્રી રણજીતસિંહજી દ્વારા નિર્મિત અન્ય મહાલય : **વિભા વિલાસ પેલેસ** (લાલ બંગલો)નું ભવ્ય દશ્ય.
હાલમાં ત્યાં પણ કરાયેલા દબાણો દ્વારા તે કેવું કદરૂપું દીસે છે !



**લાલ બંગલો (વિભા વિલાસ)**
અહીં રાજાશાહીમાં બ્રિટીશ હાકેમો અને નાના રાજ્યના રાજવીઓને ઉતારો અપાતો.



રાજવી પોશાકમાં
જામસાહેબશ્રી રણજીતસિંહજી...



૧૯૩૩માં જામસાહેબશ્રી
દિગ્વિજયસિંહજીના
રાજ્ય રોહણ બાદ
લાખોટા સાનિધ્યે મૂકાયેલ,
પૂર્વ જામનગરનો
પાયો નાખનાર
**જામસાહેબશ્રી રાવળનું**
પૂતળું.
જામશ્રી રણજીતસિંહજીની
કલ્પના
અનુસાર સ્થાપિત

સને ૧૮૮૮





સને ૧૮૯૩



સને ૧૯૦૦

સને ૧૮૯૫





સને ૧૮૯૮

જામશ્રી રણજીતસિંહજીની જુદી જુદી ઉંમરની રજપૂતાઈભરી તસ્વીરો...



તે સમયનું **કિલેશ્વર** ખાતેનું
રાજવીઓ માટેનું
નવું
**હીલ સ્ટેશન – રાજમહેલ**

જે સમયે રાજવીઓ દ્વારા
હિંસક પશુઓના
શિકારને ગૌરવરૂપ ગણાતો
તેવા સમયનું જામશ્રી રણજીતસિંહજી
દ્વારા
**વાઘના કરાયેલા શિકારનું દૃશ્ય...**






હિંસક પશુઓના શિકારને એ
જમાનામાં ખેલ તરીકે ગણીને
ગૌરવ અપાતું. ત્યારે જામસાહેબના
મહેમાન એવા **બિકાનેરના
મહારાજા તેમના બે પુત્રો**
શિકાર કરાયેલા વાઘ સાથે...



જામ શ્રી રણજીતસિંહજી દ્વારા રાજ્યની **ઈન્ફન્ટ્રીનું નિરીક્ષણ...**




રાજાશાહીનો દબદબો : **જામનગરની સ્વતંત્ર ઈન્ફન્ટ્રી**




સને-૧૯૨૭માં જામનગરની મુલાકાતે પધારેલા વાઈસરોય લોર્ડ ઈરવીનના પ્રવાસમાં **સમાણા** ખાતે ઊભું કરાયેલું **પરીઓના દેશ જેવું તંબુ નગર.**
(શિકારના કાર્યક્રમ વેળાએ, ખાસ મુકામ માટે)



તેજ 'તંબુ નગર' નું સમાણા ખાતેનું **આકર્ષક પ્રવેશદ્વાર...**




જામશ્રી રણજીતસિંહજીના રાજવી
તરીકેના વિદેશથી પરત આગમન
સમયની
**જાજરમાન શાહી સવારીનું**
એક દશ્ય...



જામશ્રી રણજીતસિંહજીના
રાજવી તરીકેના શાસનના ૨૫ વર્ષ
**"સિલ્વર જ્યુબીલી"**
ની ઉજવણી અંતર્ગત નીકળેલી
જાજરમાન શાહી સવારીનું
એક સોહામણું દશ્ય...
છે ને મનમોહન દશ્ય... ?
હવે આ બધું તસ્વીરોમાં જ
જોવાનું રહ્યું !




બ્રિટીશ વાઈસરોય લોર્ડ ઈરવીનની
જામનગર મુલાકાત ટાંકણે
તે સમયની ચેમ્સફર્ડ માર્કેટ પાસે
નીકળેલી **રાજ્યની શોભાયાત્રા**
દ્રષ્ટિગોચર થાય છે. ડાબી બાજુએ
ખૂણા પર ત્યારે શહેરમાં ચાલતી
**ટ્રામ-વેના**
પાટા પણ
દ્રષ્ટિગોચર થાય છે...




વાઈસરોય લોર્ડ ઈરવીનની
જામનગર મુલાકાત સમયે,
આકર્ષક રીતે
શણગારાયેલો
**વિશાળ બર્ધનચોક...**

જામશ્રી રણજીતસિંહજી દ્વારા
**જામના દેરા**
સહિતના એ ભાગનું
ભવ્ય નવનિર્માણ થયું
તેનું મનોહર દ્રશ્ય...






હાલના બર્ધનચોકની જુમ્મા મસ્જીદ તરફ જતી **સાંકડી શેરી...**
(નવનિર્માણ પામ્યા પહેલાની)



સને ૧૯૨૭... **વિલિંગ્ડન ક્રેસંટ** ની ભવ્યતા :
...ને આજે **દરબાર ગઢ ચોક** ની ઠેરઠેર દબાણકારી પ્રવૃત્તિથી ભગ્નતા...

**વિલિંગ્ડન ક્રેસંટ : દરબાર ગઢ ચોક**
અહીં રાજાશાહીમાં
કચેરીઓ તથા કોર્ટ બેસતી.






જામશ્રી રણજીતસિંહજી એ જામનગરને **કાઠિયાવાડનું પેરીસ**
બનાવવાનું બીડું ઝડપી,
રાજમાર્ગને તે મુજબની પહોળાઇ બક્ષવા
હાથ ધરેલ જૂની સાંકડી ગલીઓની
તોડફોડ માટેનું એક દશ્ય...
(આ દશ્ય હાલના દરબાર ગઢથી શાકમાર્કેટ તરફ જતા
માર્ગ નિર્માણ પહેલાનું છે.)



પ્રાચીન **ધી ચેમ્સફર્ડ વેજીટેબલ માર્કેટ** (સુભાષ શાક માર્કેટ)



સને ૧૯૨૭
બ્રિટીશ હાકેમ **મોન્ટેગ્યુ** ની પાછળ
ચેમ્ફસફર્ડ વેજીટેબલ ફ્રુટ માર્કેટ
(હાલની સુભાષ માર્કેટ)
આ પૂતળું તો આઝાદી બાદ હટી ગયું
પરંતુ
સાથે એ માર્કેટની પણ અવદશા થઇ...



સને ૧૯૫૨ માં ખૂલ્લા મુકાયેલા
હાલની સુભાષ માર્કેટ ચોકમાંના
શિલ્પની તસ્વીર
કેવું સફાઇદાર છે, આ પૂતળું !



મહિલાઓના દર્દોની સારવાર અર્થે અલાયદી હોસ્પિટલ જામશ્રી રણજીતસિંહજીના રાજ્ય શાસનમાં નિર્માણ પામી કે જેનું નામકરણ બાદમાં શ્રી રણજીતસિંહજીના માતુશ્રીના નામે **શ્રી સજુબા ફીમેલ હોસ્પિટલ થયું.**



તે સમયની શહેરની વચ્ચે પ્રજાને સુવિધાપૂર્ણ **સીટી ડીસ્પેન્સરી...**



પ્રાચીન બેડી ગેઈટ...



પ્રાચીન ભીડભંજન ગેઈટ



એક અતિ પૂરાતન નાકુ
નાગનાથ નાકુ



સને ૧૯૨૭
જામશ્રી રણજીતસિંહજી નિર્મિત **ભાવેન્દ્ર વિલા પેલેસ** (જામ બંગલો)નો જાજરમાન દબદબો !!!



પ્રતાપવિલાસ પેલેસનો
૧૯૨૭નો ભવ્ય દેખાવ...



જામસાહેબનાં
નિવાસસ્થાન
**ભાવેન્દ્ર વિલા**
પેલેસનો અગ્રભાગ





રાજાશાહીના ખંડિત
**કોચ હાઉસ**
તારીખ : ૨૬-૦૧-૨૦૦૧
ના ભૂકંપ પહેલાની
બન્ને તસ્વીરો.
(અહીં રાજ્યની માજોલી,
ચાંદીની ગાડી,
ખૂલ્લી વિકટોરિયા ગાડીઓ વગેરે
રાખવામાં આવતી)




**લૅન્કેશાયર હાઉસ :**
મોટર હાઉસ બાજુના આ બંગલામાં
મોટર હાઉસ સુપ્રિટેન્ડેન્ટ
શ્રી જે. એચ. મેર્નીંગ રહેતા.
જેઓને વિદેશથી
જામશ્રી રણજીતસિંહજી લાવેલા.
તેઓની કબર આજ પણ
ગાંધીનગર વિસ્તારમાં છે.



**(મોટર હાઉસ) ગેરેજ :**
અહીં લગભગ પોણા બસ્સોના સ્ટાફ દ્વારા રાજ્યની લગભગ ૩૫૦ મોટરના કાફલાની દેખભાળ રખાતી







મોટર હાઉસના
સુપ્રિટેન્ડેન્ટ
શ્રી જે. એચ. મેનીંગની
ગાંધીનગરમાં આવેલી કબર...



પાયલોટ બંગલો...



મુખ્ય દ્વાર તથા નામ લેખ





રાજાશાહીના
**કોચ હાઉસ** માં ના
અશ્વો દ્વારા ખેંચાતા
વાહનોના ઘોડાઓ
માટે
ડાબે - જમણે
બે તબેલાઓ
સને ૧૯૦૮માં
બંધાયેલા
(હાલ ત્યાં
પૂર્વ રાજવીની
ગાયો ભેંસો બંધાય છે)
અમૂક
ઘોડા દોડ
માટે પણ રખાતા...






ગુરૂદત્તાત્રેય મંદિર...




પંચેશ્વર ટાવર...



અમી ધૂળધોયાનો તાજિયો



જાજરમાન જામનગરનો સોનેરી સમય : **બેડમિંગ્ટન હાઉસ**



અજીતસિંહ પેવેલિયન **(ક્રિકેટ બંગલો)**



**સૌરાષ્ટ્ર રાજ્ય સમયનાં**
**ઔદ્યોગિક પ્રદર્શનનું ભવ્ય પ્રવેશદ્વાર...**



**પ્રદર્શન અંતર્ગત રોજ રાત્રે યોજાયેલ**
**પૃથ્વી થીએટર્સ - મુંબઈના નાટ્ય પ્રોગ્રામના**
**ઉપક્રમે**
**શ્રી પૃથ્વીરાજ કપૂરનું સ્વાગત...**




**રાજ્યના બંદર વિભાગનો સ્ટોલ...**



**પ્રદર્શન સ્થળે ખાસ આકર્ષણ રૂપ સર્જવામાં**
**આવેલ હોજમાં તરતો**
**વિરાટ કાચબો**



પશ્ચિમ રેલ્વે સ્ટોલની મુલાકાતે તત્કાલીન રાજપ્રમુખ
જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી
(હાર ધારણ કરેલ)



રેલ્વે સ્ટોલનું એક વધુ મોડેલ




જીવંત મોડેલ : જેમાં મોટર એન્જીનથી ચાલતી
તે સમયની રેલ મોટરકાર (આર.એમ.સી.) અને
ઈન્સ્પેકશન કેરેજ



રેલ્વે સંચાલનનું જીવંત મોડેલ (સ્ટેશન)




એક ખાનગી કંપની 'ઉષા' નો સ્ટોલ

રેલ્વે સ્ટોલની બધી જ તસ્વીરોમાં
રાજપ્રમુખ જામસાહેબ શ્રી દિગ્વિજયસિંહજી
દ્રષ્ટિગોચર થાય છે



જૂનું **સારંગધર લેબોરેટરી** નું સ્થળ (હાલમાં આ જગ્યા હિન્દુસ્તાન લિવર લી. હસ્તક છે)




તત્કાલીન માલ સામાન પરિવહનથી ધમધમતું **બેડી બંદર**. હાલ આટલા વર્ષો બાદ તેમાં આધુનિકતા આણ્યા પછી પણ જોવા મળતી સુવિધાઓની ગુણાત્મક સરખામણી કરવી યોગ્ય લાગતી નથી શું ? તેમાં આપણે કેટલા ટકા પ્રગતિ હાંસલ કરી છે ? આંકડા માંડી જુઓ... તટસ્થ અવલોકન કરવું રહ્યું. નિર્ણય વાચકનો...



આઝાદી પ્રાપ્તિ બાદના
બરાબર સાતમા માસે
તારીખ : ૧૫-૦૨-૧૯૪૮ ના
શુભ દિને :
જામનગરમાં દરબાર ગઢની
અટારીએથી **સૌરાષ્ટ્ર રાજ્ય** ની
રચનાની બુલંદ ઘોષણા
કરતા ભારતના તત્કાલીન
નાયબ વડાપ્રધાન
**શ્રી વલ્લભભાઈ પટેલ**



સૌરાષ્ટ્ર સંયુક્ત રાજ્યના ઉદ્ઘાટન
વખતે પ્રવચન કરી રહેલા
**શ્રી સરદાર પટેલ**



સૌરાષ્ટ્ર સંયુક્ત રાજ્યના
મુખ્ય પ્રધાન તરીકે
**શ્રી ઢેબરભાઈ** ને
હોદ્દાના શપથ
લેવડાવતા રાજ્ય પ્રમુખ
**જામ સાહેબ**



ભવ્ય ભૂતકાળનું અનેરૂં
પનઘટ અને પનિહારીઓનું
અદ્‌ભૂત દશ્ય...



વાહ ! વાહ !
ગ્રામ્ય નારીઓનું પરંપરાગત ને
ભાતીગળ શૈલીથી અતિથિઓનું
સ્વાગત...



પશુ, પાણી ને
પાણીદાર યૌવન
ગ્રામ્ય પાદરે...



**'સરતો સમય'**

**ધ્વનિ મુદ્રણ, પુનઃશ્રવણ અને તાવડી વાજું ની ગઈકાલ. ઈ.સ. ૧૯૨૯ થી ૧૯૫૮ સુધી બહાર પડેલી વિવિધ ગ્રામોફોન કંપનીની અલગ ભાત, રંગ, આકારની રેકોર્ડ્ઝ, એચ.એમ.વી. કંપનીના ગ્રામોફોન (તાવડી વાજું : ઈ.સ. ૧૯૨૯) સહિતની તસ્વીરો**




**જામનગર ખાતેની રેલ્વેની મદદનીશ ઈજનેર કચેરીનું સુવર્ણ વર્ષ**





તારીખ : ૨૬-૦૫-૧૯૩૮ના રોજ **જામનગર-રોઝી સેક્શન**ના ઉદ્‌ઘાટન સમયે રોઝી સ્ટેશન પર આવી પહોંચેલી ખાસ ટ્રેન




**રોઝી સેક્શનના ઉદ્‌ઘાટન** સમયે લગાડાયેલી ધાતુની તખ્તી...






તારીખ : ૨૬-૦૫-૧૯૩૮ના રોજ
**જામનગર - રોઝી સેકશન મીટરગેજના ઉદ્ઘાટન સમારંભના દશ્યો...**
(રેલ્વે ગાર્ડના ગણવેશમાં મારા પૂજ્ય પિતાશ્રી)







જાન્યુઆરી ૧૯૩૮માં કોઇ વહેવારીક પ્રસંગે **શ્રી ભાવનગર નરેશ** ખાસ ટ્રેન દ્વારા (મીટરગેજ) જામનગર પધારેલા ત્યારે તેમનું સ્ટેશન પર શ્રી જામસાહેબ દ્વારા થયેલું ઉષ્માભરેલું સ્વાગત... તેમાં પણ ગાર્ડ તરીકે મારા **પિતાશ્રી** છે.
સલાયા રેલ્વે સ્ટેશન (મીટરગેજ)




સને ૧૯૨૭
જામનગરના મીટરગેજ રેલ્વે સ્ટેશન પર એ સમયે લોર્ડ રીડીંગ ખાસ **સલુન** સમીપે...



**પોરબંદર કડિયા પ્લોટનું**
**રેલ્વે ફાટક ઈ.સ. ૧૯૫૦ ની**
**આસપાસનું દૃશ્ય...**



**જામનગરના ધમધમતા**
**રેલ્વે વર્કશોપમાં બંધાયેલા મોટરની**
**ફોર્ડ ચેસીસ પરની**
**ટૂંકા અંતર માટે દોડતી**
**એક ડબ્બા સાથેની આર.એમ.સી.**



**જૂના (મીટર ગેજ)**
**જામનગર સ્ટેશન**
**પર ઊભેલી મોટર એન્જીન ફીટ કરેલી**
**તે સમયની**
**જામનગર - રાજકોટ વચ્ચે**
**દોડતી બે ડબ્બા જોડેલી**
**પ્રખ્યાત ટ્રોલી તરીકે ઓળખાતી**
**ટચૂકડી ટ્રેન**





ખંભાળિયા - સલાયા સેકશનના
ઉદ્‌ઘાટન પહેલા
તારીખ : ૧૯-૦૧-૧૯૩૯ શુક્રવાર ના
રોજ વરિષ્ઠ નિરીક્ષક,
સર્કલ નં. ૭
દ્વારા સ્પેશ્યલ ટ્રેનથી **લાઈન સલામતી**
અંગેનું **નિરીક્ષણ** કરવામાં આવેલ
તેના બન્ને દશ્યો...
(ગાર્ડ તરીકે મારા પિતાશ્રી ફરજ પર)




તા. : ૧૯-૦૨-૧૯૪૧ ના રોજ **હડમતિયા-જોડિયા મીટર ગેજ રેલ્વે લાઈન** ની **ઉદ્‌ઘાટન વિધિ**નું દશ્ય...
(શ્રી ધ્રોળ નરેશ અને જામસાહેબ ભેટે છે) (આમાં પણ ગાર્ડ તરીકે મારા પિતાશ્રી છે)



૧૯૮૪ ના વર્ષમાં બ્રોડગેજ રેલ્વેના આગમન પૂર્વેનું મીટર ગેજના સમયનું
**ધમધમતું રેલ્વે સ્ટેશન...**
(હાલ ત્યજી દેવાયેલું રેલ્વે સ્ટેશન)







૧૯૮૪ના વર્ષમાં બ્રોડગેજ રેલ્વેના આગમન બાદ બંધ કરાયેલા
**મીટર ગેજના સમયનાં રેલ્વે સ્ટેશન બહારનું દશ્ય...**



સને ૧૯૮૪ના વર્ષમાં બ્રોડગેજનો પ્રારંભ થતા નવા સ્ટેશને ગાડી આવતી જતી થવાથી,
**મીટર ગેજનું જૂનું તરછોડાયેલું સ્ટેશન...**



JAMNAGAR, 13-01-2002


DEAR MR H. JOSHI,
DEAR DR JOSHI!

THANKS FOR YOUR SUPPORT OF THE EXHIBITION! WE ENJOYED OUR STAY IN JAMNAGAR VERY MUCH AND WE WILL NEVER FORGET THE TIME WE SPENT HERE.

Barbara

STEFAN

**જર્મની** ના આ જ્ઞાનપિપાસુઓ જામનગરની
મુલાકાત દરમિયાન શહેરની ઐતિહાસીક
જાણકારી અર્થે
નવેમ્બર - ૨૦૦૧ થી જાન્યુઆરી - ૨૦૦૨ સુધીમાં
ત્રણ વખત મારી રૂબરૂ મુલાકાતે આવેલા...
તેઓની વિદાયવેળાએ તેઓએ
મને આપેલ ઉપરોક્ત
તસ્વીર સહ આભાર પત્ર...






**"આત્મશ્રધ્ધા જ માવને નરમાંથી સિંહમર્દ બનાવે છે."**
**- સ્વામી વિવેકાનંદજી**



# શ્રી રમણીકભાઈ કેશવજી શાહ

**ટ્રસ્ટીશ્રી**
**ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર**

જામનગર તાલુકાના ચાંપા બેરાજા ગામે ૧૯૪૨માં ખેડૂતપુત્ર કેશવજી રાજપાલ શાહ અને માતા પાનીબેનની કુખે જન્મેલા અને જન્મ પહેલા જ પિતૃ છાયા ગુમાવી માતા પાનીબેન દ્વારા કાળી મજૂરી કરી ઉછેર પામેલા હાલારના પનોતા પુત્ર એવા શ્રી રમણીકભાઈ શાહે જામનગર ખાતે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરી ત્યારબાદ ત્રણ વર્ષ નોકરી કર્યા બાદ જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગમાં ભાગીદારી કરી નાનું એવું બ્રાસપાર્ટનું કારખાનું ૧૯૬૩માં શરૂ કર્યું અને શરૂ થયેલી વિકાસ યાત્રાનો યુગ આજે એક મોટું વટવૃક્ષ બની રાજહંસ મેટલ્સ, મેટાલીક મેટલ્સ, વાપીમાં પેપર મીલમાં ભાગીદારી સહિત અનેક વ્યવસાયિક પેઢીઓ સાથે સફળતાપૂર્વક સંચાલન કરી વિશ્વમાં આગવી નામના મેળવેલ છે અને તેની સાથોસાથ સામાજિક ક્ષેત્રે ૧૯૭૫માં કો.કો. બેંકના ડાયરેક્ટર પદથી શરૂ કરી ૧૯૭૮માં નવાનગર બેંકની સ્થાપના, ૧૯૮૧માં હરિઆ સ્કૂલ, ત્યારબાદ કુંવરબાઈ જૈન ધર્મશાળા, આરાધનાધામ, જિલ્લા સમાજ કલ્યાણ સંઘ, જૈન ભોજનાલય, જામનગર એજ્યુકેશન સોસાયટી સહિત અનેક સંસ્થાઓના વિકાસમાં અગ્રભાગ ભજવી આ સંસ્થાઓને પણ ગુજરાતનું ગૌરવ બનાવવામાં અગ્રેસર બની રહ્યા.

શ્રી રમણીકભાઈ આજે ૭૦ વર્ષની ઉંમરે યુવાનને પણ ધીમા પાડે તેવી તાજગી સાથે દરેક સંસ્થાઓની સાથે પોતાની સૂઝથી સંસ્થાઓ વધુને વધુ ઉજાગર બને અને લોકાભિમુખ અને સમાજને ઉપયોગી થાય તેવા કાર્યો માટે કટિબધ્ધ જણાય છે. આમ જૈન અગ્રણી એવા રમણીકભાઈ કર્મનિષ્ઠ માતાની કાળી મજૂરીને ઉજાગર કરી આજે માતા અને પિતાના નામને હાલારનું દીપ બનાવી સમાજમાં એક આગવું સ્થાન અને માન મેળવવાના ખરા હક્કદાર બન્યા છે જે એક નક્કર હકીકત છે.







# લેખકના અન્ય પ્રકાશનો




**જામનગર મારૂં : ગઈકાલ - આજ**
આંશિક રંગીન ઝેરોક્ષકૃત પુસ્તકની પ્રતિકૃતિ
પૃષ્ઠ - ૨૮૫
નવમી આવૃત્તિ
પ્રકાશન તા. ૦૮-૦૫-૨૦૧૪, ગુરૂવાર




**મોજીલું જામનગર હથેળીમાં**
પ્રગટ પુસ્તિકાની પ્રતિકૃતિ
પૃષ્ઠ - ૩૬
પ્રકાશન વર્ષ : નવેમ્બર ૨૦૦૬




**૧૦૮ બુધ્ધિના અંકુશ જાપ**
પ્રગટ પુસ્તિકાની પ્રતિકૃતિ
પૃષ્ઠ - ૧૩૨
પ્રકાશન વર્ષ : જૂન - ૨૦૧૨




જામનગર

